Gujarat Chamber of Commerce and Industry



# ગુજરાતમાં
# ડિફેન્સ કોરિડોરની
## સ્થાપના કરવાની માગણી


GULMOHAR GREENS
golf & country club
Booking open for 2023-24
It's all about Destination & Decor on your
Special Day
#WeddingsAtGulmohar is where we turn your wedding into a slide of memories that you will cherish forever
Multiple Size Lawns Available
Along with Well - Equipped Rooms & Banquet Hall
Catering Options Available
Decoration By
Milan Decorators & Hirers
Sound By
SHREE JAGDISH SOUND
FOR BOOKING: 9687628050/51/52/53/54
Club: Next to "Gokul - Vrindavan", Off Sarkhej - Sanand Highway,
Village: Kolat, Taluka: Sanand, District: Ahmedabad, Gujarat, India | +91 6358919101/02/03/04/05
www.gulmohargreens.com
FOLLOW US ON

# PROVIDING INNOVATIVE PLATFORMS FOR GROWTH...

KUNVARJI
SINCE 1960
Driven By Knowledge

## OUR BUSINESS VERTICALS

### FINANCIAL SERVICES
- Equity, Commodity & Currency Trading
- Online Trading App- TRADESAPP
- IPO Desk
- Depository Services

### AGRO COMMODITY
- International Trading
- Domestic Trading
- Retail Brands
- Institutional Supply
- White Labeling

### REAL ESTATE ADVISORY
- Commercial & Residential
- Project Marketing
- Buy, Sell, Rent & Lease
- Investment & Alliances

### INTEGRATED LOGISTICS
- Costal Logistics
- Surface Logistics
- Rail Logistics
- Warehousing

### WEALTH MANAGEMENT
- Portfolio Management (PMS)
- Alternative Investment Fund (AIF)
- NRI Advisory Services
- Insurance Advisory
- Mutual Funds

Scan The QR Code

Contact us: 079 6666 9000 info@kunvarji.com

FINANCIAL SERVICES | AGRO COMMODITY | REAL ESTATE ADVISORY | INTEGRATED LOGISTICS | WEALTH MANAGEMENT | WWW.KUNVARJI.COM

# Leading From The Front


President
**Pathik Patwari**

Sr. Vice President
**Ajay Patel**

Vice President
**Yogesh Parikh**

Hon. Secretary
**Anil Jain**

Hon. Secretary (Regional)
**Dilip Padhya**

Hon. Treasurer
**Apurva Shah**

Immediate Past President
**Hemant Shah**


# Contents


1. એમેઝોન, વોલમાર્ટ અને ફ્લિપકાર્ટ સામે કમર કસી રહેલું ONDC ... 04
2. આવકવેરા રિટર્નના ચાર ફોર્મ મર્જ કરીને નવું એક ફોર્મ બનાવાશે ... 09
3. વિક્રમ સંવત 2079માં શેરબજાર નવી ઊંચાઈને આંબશે ................ 10
4. રૂપિયામાં નિકાસના પેમેન્ટ સેટલ કરનારાઓને ડ્યૂટીમાં રાહત મળશે ........................................................ 15
5. ટિપ્સ આપો, ભોળા રોકાણકારોને આકર્ષો ને તગડી કમાણી કરો ..... 16
6. તમારે ક્રેડિટ રેટિંગ એજન્સીઓના રેટિંગ પર કેટલો ભરોસો કરવો જોઈએ ? ................................................ 18
7. મેન્યુફેક્ચરિંગ કંપનીઓના મનસ્વી નિર્ણયોથી ઓટોડીલર્સને બચાવો . 21
8. દેશના અર્થતંત્રને પાંચ લાખ કરોડનું બનાવવા કેમિકલ ઉદ્યોગની ઘા.. 24
9. ખોટી માહિતી આપનારા બેન્કર્સને પણ દંડ કરાશે ....................... 29
10. ડોલર સામે ડિસેમ્બરના અંત સુધી ભારતીય રૂપિયો 83ની આસપાસની સપાટીએ રહે ............................................... 32
11. કોર્પોરેટ ટેક્સમાં 15 વર્ષ સુધી રાહત આપવાને મુદ્દે મતભેદ ............ 34
12. હવે ગુજરાતમાં ડિફેન્સ કોરિડોરની સ્થાપના કરો ....................... 36
13. નવી MSME પોલીસીમાં રોજગારી નિર્માણ કરનારાને લાભ જ લાભ .. 43
14. eRupee શું છે? કેવી રીતે કામ કરશે? સ્પષ્ટતાને અભાવે મૂંઝવણ ................................................ 48
15. ડિપોઝિટ ક્રેડિટ મિસમેચની સમસ્યાથી બેન્કોના વધતા ટેન્શન ........ 50
16. GCCIની કાર્યવાહી ........................................................ 53
17. યુથ કમિટી ................................................................ 62
18. બિઝનેસ વુમન કમિટી .................................................... 64
19. GCCI રીજિનલ ચેમ્બરની પ્રવૃત્તિઓ ...................................... 66
20. અભિનંદન ................................................................. 70
21. ચેમ્બરની રજુઆતો ........................................................ 74



Gujarat Chamber of Commerce & Industry,
Ashram Road, P. O. Box No. 4045,
Ahmedabad - 380 009.
Tel.: +91 79 26582301 / 2 / 3 / 4,
Email: gcci@gujaratchamber.org,
Web.: www.gujaratchamber.org

We welcome your feedback and suggestions.
Do write to us on :
bulletin@gujaratchamber.org

Editorial Coordinator: Runal Patel

Designed by: Art Mani, Ahmedabad



**Disclaimer:**
The articles contained in this publication represent the individual views and opinions of the writer and GCCI does not necessarily conform or share the same views with that of the writer. The article does not constitute comprehensive professional advice and is meant for information purposes only. The information, data and figures in the articles have been obtained or derived from sources believed to be reliable, but GCCI does not represent that this information is accurate or complete. Any opinions or estimates contained in the articles represent the views of the writer at that time and are subject to change without notice. Readers of this publication are advised to seek their own professional advice before taking any course of action or decision, for which they are entirely responsible. GCCI neither accepts nor assumes any responsibility or liability towards any reader of this publication in respect of the information obtained within this publication or for any decisions readers may take or decide not to take or fail to take, based on the contents of this publication.

# President Message



**Pathik Patwari**

President, GCCI

Dear Members,

The New Year, Vikram Samvat 2079 has dawned upon us bringing with it countless enticing opportunities and buoyant spirit of optimism.

In my message in the previous bulletin, I had mentioned increasing role of Government expanding from that of a mere facilitator to that of a partner in business and we can see from countless steps Government is taking, numerous policies that are being formulated that the Government is committed to walk shoulder to shoulder with Trade & Industry so as to ensure that we achieve economic & industrial supremacy across the globe among all the nations of the world.

What is really heartening is the synchronicity of "Vision & Action", the spirit of "Walking the Talk" that we witness across all ministries of Government and thus helping, facilitating and partnering each and every industry stake holder towards our concerted journey of economic supremacy.

Only recently our Hon'ble Prime Minister laid the foundation stone of projects worth around Rs.860 crores in Jambughoda, Panchmahal in Gujarat. This plethora of projects related to health, education and skill development will not only give huge impetus to India's economy, but would immensely help Gujarat in its role as India's growth powerhouse.

The successes & failures enumerated in History teach us that "Nations & Peoples" must conduct themselves from the position of strength to ensure greater tally of their successes & achievements. It is in this context that our capabilities & preparedness in terms of Nation's defence hold singular importance in addition to our capabilities in other industries.

Hon'ble Prime Minister Shri Narendrabhai Modi inaugurating DefExpo22 in Gandhinagar, Gujarat further amplifies the importance of our preparedness in the Defence Industry. As the Prime Minister rightly said, "DefExpo is a symbol of global trust towards India, as New India is fast moving ahead with the mantra of Intent, Innovation & Implementation in defence sector. It is also worth noting that India has set a target to reach Rs.40,000 crore worth of defence exports in coming times.

We at GCCI had the proud privilege of associating ourselves with the "DEFEXPO India 2022" as Partner Organization and major activities that we undertook as part of this mission were as under:

Gujarat Pavilion where we were partners and our members exhibited many of their products related to the defence sector. We also facilitated display of products and technology by around 10 defence related start-ups with the support of i-Hub.

We have entered a Memorandum of Understanding with Advanced Weapons and Equipment India Limited (AWEIL) with the objective of establishing a framework for cooperation to jointly address the requirements of critical and strategic material required by Indian Defence Forces.

GCCI & DRDO (Defence Research and Development Organization) jointly organized a seminar on Synergizing Efforts for Atmanirbhar Bharat – DRDO – GCCI Meet.

We also joined Industries & Mines Department, Government of Gujarat in organizing a Seminar on Investment Opportunities in Aerospace & Defence Sector in Gujarat.

As we move forward to the New Year 2023, the one sector where there will be exciting opportunities of growth in Gujarat is fast growing semiconductor industry. The semiconductor industry, which is valued at more than USD 400 billion globally, is the most rapidly growing electronics sector. In fact semiconductors are the cornerstone of modern electronics and they are driving the next phase of the digital revolution. India's semiconductor market is anticipated to reach USD 20 billion by the year 2026. The Gujarat government announced a dedicated 'Gujarat Semiconductor Policy 2022-27' on 30 July 2022 with a target to generate at least 2,00,000 new employment opportunities in a period of five years. The investment committed by Vedanta and Foxconn Group for setting up the unit in Gujarat will provide an impetus to the ecosystem for ancillary industries and help India's MSMEs. For investors, Gujarat provides a conducive environment to set up semiconductor plants because we are the first to launch a dedicated policy for Semiconductor manufacturing which provided heavy subsidy support on land procurement, capital investment, reimbursements on stamp duty, fixed water tariff, as well as electricity tariff subsidy for a period of 10 years.

In providing tremendous impetus to economy, India is all set to reenergize all sectors of Industry and we at GCCI are ready & committed to explore & avail all opportunities that will arise apropos Government's Vision India @ 100.

# એમેઝોન, વોલમાર્ટ અને ફ્લિપકાર્ટ સામે કમર કસી રહેલું ONDC

ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ-ટૂંકમાં ONDCના નામે ઓળખાય છે. ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ નફો કરવા માટે ચલાવવામાં આવતું નથી. ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ દ્વારા તેને પ્રમોટ કરવામાં આવી રહ્યું છે. ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ તમામને લેવલ પ્લેઈંગ ફિલ્ડ પૂરું પાડશે. તેને ડિજિટલ મંડી એટલે કે ડિજિટલ માર્કેટ તરીકે પણ ઓળખાવવામાં આવે છે. તેનો મુખ્ય હેતુ મોટા ખરીદારો, છૂટક ખરીદારો, ટેક્નોલોજી પૂરી પાડનારાઓ, નાણાં ધીરનારાઓ અને વેપાર સાથે સંકળાયેલી અન્ય હસ્તીઓને એક સ્ટેજ પર લાવીને મૂકી દેવાનો છે. વેપાર સાથે સંકળાયેલા દરેક આ મંચ પર આવી શકે છે.

આજે ઓનલાઈન બિઝનેસમાંથી 60 ટકાથી વધુ બિઝનેસ એમેઝોન અને વોલમાર્ટે કબજે કરી લીધો છે. ફ્લિપકાર્ટ તેમના વતી જ ઓનલાઈન માર્કેટિંગ કરે છે. આજે તેમની મોનોપોલી જેવી સ્થિતિ છે. બે ખેલાડી જ ઈ-કોમર્સ પર રાજ કરે છે. તેમના વર્ચસ્વને ખતમ કરવા માટે આ નવું પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવી રહ્યું છે. ONDCનો ભારત સરકારનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ ઈ-કોમર્સમાં મોનોપોલી તોડીને ઈ-કોમર્સનું લોકશાહીકરણ કરી દેશે. અહીં પણ 'સબ કા સાથ, સબ કા વિકાસ' જેવો ઘાટ કરવાની નેમ છે. ગ્રામીણ વિસ્તારના અને અર્ધશહેરી વિસ્તારના માર્કેટ પ્લેયર્સને પણ ઓનલાઈન ટ્રેડ સાથે જોતરી દેવાનો ઈરાદો છે. ડીપીઆઈટી- ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ ખરીદનાર, વેચનાર, માલની હેરફેર કરનારા અને ડિજિટલ પેમેન્ટની સુવિધા આપનારાઓને એક પ્લેટફોર્મ પર લાવશે. તેનાથી સગવડ વધશે, વિકાસને પણ વેગ મળશે.

નાના અને મધ્યમ કદના અંદાજે 80 લાખ રિટેઈલર્સ – છૂટક વેપારીઓને ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ પર લોન્ચ કરવા માગે છે. આમ એમેઝોન-ફ્લિપકાર્ટ અને વોલમાર્ટ સામે સીધી સ્પર્ધા કરવાની ગણતરી છે. પહેલા ભારતમાં અને ત્યારબાદ વિશ્વના ફલક પર ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સને લઈ જવાનો સરકારનો ઈરાદો છે. જોકે એક્સપોર્ટર્સ માટે સરકારે અલગથી વ્યવસ્થા કરેલી જ છે. હા, વિદેશી સંસ્થાઓ સામેની ભારતીય વેપારીઓની નારાજગી વધુ છે. તેથી પણ ભારત સરકારે આ વ્યવસ્થા કરવાનો નિર્ણય લીધો છે. અમદાવાદના ઈલેક્ટ્રોનિક્સ માર્કેટના ટ્રેડર્સ એસોસિયેશનના પ્રમુખ મેઘરાજ ડોડવાણી કહે છે, "અમને આ પ્રકારનું પ્લેટફોર્મ મળે તો તે અમારા





## ઓએનડીસી પર રેપ્યુટેશન લેજર પણ હશે

ખરીદદાર માટેની સ્પેશિયલ એપમાં પ્રોડક્ટ સર્ચ એન્ડ ડિસ્કવરી, ઓર્ડર ક્રિએશન અને કન્ફર્મેશનનાં ફીચર હશે. તેમજ સ્પેશિયલ ઓફર તથા કાર્ટ મેનેજમેન્ટ, પેમેન્ટ, ઓએનડીસી રજિસ્ટ્રેશન સહિતનાં ઘણાં ફિચર્સ જોવા મળશે. ખરીદનારા અને વેચનારાના જીએસટી નંબર, આધાર નંબર સહિતની વિગતો રાખવામાં આવશે. તેથી પ્લેટફોર્મ સાથે જોડાયેલા લોકોની જેન્યુઇનનેસનો પ્રોબ્લેમ બહુ આવશે નહીં. આ એપમાં ગ્રાહકો તેમની ફરિયાદ મૂકી શકશે. ફરિયાદોના નિવારણની વ્યવસ્થા પણ કરવામાં આવેલી છે. તેમાં માલ રિટર્ન કરવાની અને રિફંડ આપવાની પણ વ્યવસ્થા કરવામાં આવેલી છે. તેની સાથે ઓએનડીસી પર રેપ્યુટેશન લેજર પણ અલગથી ચાલુ કરવામાં આવશે. તેમાનું સૌથી ધ્યાનપાત્ર ફીચર્સ રેન્કિંગ અને રેપ્યુટેશનનું છે. ના પર મેન્યુફેક્ચરર્સ, સેલર્સને નિશ્ચિત કરેલા પેરામીટર્સને આધારે રેન્કિંગ પણ આપવામાં આવશે. પ્રોડેક્ટ્સને લાવવા-લઈ જવા માટે લોજિસ્ટિકની જરૂર પડનારી સેવા માટેનું નેટવર્ક પણ ઓનલાઇન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ-ઓએનડીસી પર તૈયાર કરવામાં આવેલું છે.

માટે લાભદાયી જ છે. બીજું તેનો એક ફાયદો એ પણ થશે કે દેશનો પૈસો વિદેશમાં ખેંચાઈ જશે નહીં. અત્યારે વિદેશી ઈ-કોમર્સ કંપનીઓ મોટાં કમિશન માગી રહી છે. તેની સાથે જ તેઓ સ્થાનિક રિટેઇલર્સને તોડી નાખવાની રમત પણ કરી રહ્યા છે. તેને માટે ખોટ ખમવી પડે તો ખમી લેવાની તૈયારી પણ તેમણે રાખી છે. આ અનફેર ટ્રેડ પ્રેક્ટિસ છે. તેમાં સ્વદેશી ઈ-કોમર્સ પ્લેટફોર્મ મળે તો તે આવકાર્ય બનશે.” વિદેશી કંપનીઓ સંચાલિત ઓનલાઇન ડિજિટલ માર્કેટનું પ્લેટફોર્મ ચલાવનારા ડિજિટલ પ્લેટફોર્મ પર ચીજવસ્તુઓના થઈ રહેલા વેચાણના આંકડાઓનો ડેટા એકત્રિત કરીને કઈ પ્રોડક્ટ સૌથી વધુ ચાલે છે તે જોઈને અલગ જ નામથી તેઓ કંપની ઊભી કરીને તે પ્રોડક્ટ્સનું માર્કેટિંગ કરવા માંડે છે. આ પ્રીમિયમ પ્રોડક્ટ કે સૌથી વધુ વેચાતા પ્રોડક્ટ્સના માર્કેટ પર કબજો જમાવી લેવાનો પ્રયાસ પણ તેમના દ્વારા કરવામાં આવી રહ્યો છે. આમ મેન્યુફેક્ચરર્સ અને ઉત્પાદક બંનેના બિઝનેસ પર તરાપ મારવાનું કામ ડિજિટલ કોમર્સ માટેના વિદેશી પ્લેટફોર્મ્સ કરી રહ્યા છે.

**● સરકાર દ્વારા ડિજિટલ માર્કેટ ઊભું કરીને ગ્રામીણ વિસ્તારની પ્રજાને ખરીદી અને વેચાણ માટેનો સરળ રસ્તો ઊભો કરી આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે**



ONDC થકી ઈ-કોમર્સના માર્કેટમાં 40થી 50 ટકા હિસ્સો અંકે કરી લેવાની નેમ સાથે દેશનાં પાંચ શહેરોમાં આ પ્રોજેક્ટ અમલમાં મૂકી દેવામાં આવ્યો છે, પરંતુ લોકોમાં આ પ્લેટફોર્મ અંગે જાગૃતિ ઓછી છે. વિદેશી પ્લેટફોર્મની તુલનાએ ટેક્નોલોજીની દૃષ્ટિએ થોડા પાછળ છે. આ ટેકનિકલ ક્ષતિ દૂર કરવાની કવાયત હાથ ધરી દીધી છે. તેથી થોડા પડકારોનો પણ સામનો કરી રહ્યા છે. આ ક્ષતિઓ અને પડકારોનો સામનો કરવાની ક્ષમતા કેળવી લીધા બાદ સરકાર ONDC પ્લેટફોર્મનો વ્યાપ પાંચ શહેરથી વધારીને 100 શહેર સુધી લઈ જવાની તૈયારીમાં છે. આ માટે લોકોએ બહુ લાંબી રાહ પણ જોવી પડશે નહીં. સરકારે દસ વર્ષના ગાળામાં 100 કરોડ લોકોને આધાર કાર્ડ આપ્યાં છે. તેનો ડેટો સરકાર પાસે મોજૂદ છે. ડેટા ન હોવાથી યુપીઆઈને સફળ બનાવતાં 5 વર્ષ લાગ્યાં. તેના થકી 450 અબજથી વધુ વહેવારો થઈ ચૂક્યા છે. પરંતુ ONDCને સફળતાની નિસરણી પર સડસડાટ ચઢાવી દેવાની એટલે કે તેની મદદથી બે-અઢી વર્ષના ગાળામાં ઈ-કોમર્સના બજાર પર છવાઈ જવાનો ધ્યેય છે.

હા, આ ડિજિટલ મંડીમાં વેચાણકર્તા તરીકે વહેલા પ્રવેશનારાઓને સારો ફાયદો થશે. નવી દિલ્હી, બેંગાલુરુ, ભોપાલ, શિલોંગ અને કોઇમ્બતુરમાં ઓનલાઇન પ્લેટફોર્મ લોન્ચ કરી દેવામાં આવ્યું છે. જો કે આખા દેશમાં આ પ્રોજેક્ટ અમલમાં મૂકતાં થોડો વધુ સમય લાગી શકે છે. એમેઝોન અને ફ્લિપકાર્ટ સાથે હરીફાઈમાં ઉતરી શકાય તેવા ભાવ સાથે આ પ્લેટફોર્મ ચાલુ કરવાનો ઇરાદો છે. તેને માટે સ્પર્ધાત્મક ભાવે સપ્લાય મેળવવાની, વેચાણકાર તેનો માલ વેચવા માટે એક પ્લેટફોર્મ પરથી બીજા પ્લેટફોર્મ પર સરળતાથી જઈ શકે તેવી વ્યવસ્થા કરવાની કોશિશ ચાલુ જ છે. બ્રાન્ડની પોર્ટેબિલિટી માટેનો માર્ગ ખુલ્લો રહે એટલે કે એક પ્લેટફોર્મ પરથી સરળતાથી બીજા પ્લેટફોર્મ પર જઈ શકે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. આ વ્યવસ્થા ન કરે ત્યાં સુધી ઓપન નેટવર્ક ડિજિટલ કોમર્સ-ONDC સફળ થશે કે નહીં તે એક મોટો સવાલ છે.

ભારતમાં રોજના 31 કરોડ ઈ-પેમેન્ટ થાય છે. તેમાંથી 50 ટકા પેમેન્ટ તો ઈ-કોમર્સના ભાગરૂપે જ થાય છે. આ પેમેન્ટ નેટ બેન્કિંગથી, ક્રેડિટ-ડેબિટ કાર્ડથી, યુનિફાઇડ ઇન્ટરફેસથી અથવા તો ઓનલાઇન વોલેટના માધ્યમથી કરવામાં આવે છે. અત્યારે એમેઝોન-વોલમાર્ટ કે પછી ફ્લિપકાર્ટનું ફોકસ મોટાં શહેરોમાં છે. પરંતુ ઓપન નેટવર્ક ડિજિટલ કોમર્સ- ONDC બેન્કોને નાનાં નગરો અને ગ્રામીણ વિસ્તારમાં વધુ જવા માગે છે. ગ્રામીણ વિસ્તારમાં બેન્ક હોય કે ન હોય તેમને માટે ઓનલાઇન ખરીદી કરવી સરળ બની જશે. આ ડિજિટલ મંડીને ભારત માર્કેટ અને ડિજિટલ મંડી ટીયર ટુ કેટેગરીથી પણ નીચેની કેટેગરીમાં આવતાં શહેરોમાં કામ કરતાં થઈ જશે. બેન્કોમાં પણ તેના થકી ટ્રાન્ઝેક્શન વધી જશે. તેથી બેન્કોને પણ તેમાં રસ પડી રહ્યો છે. ખાનગી કે સરકારી બેન્કો દરેકને તેમાં રસ પડી રહ્યો છે. તેનો ONDC બેન્કોને નવા વિસ્તારમાં તેમના કામકાજનું વિસ્તરણ કરવાની તક પૂરી પાડશે.

સરકારને પણ તેનાથી ફાયદો થશે. વેચાણ કરનારાઓનો ટ્રેક પણ સરકાર રાખી શકશે. માત્ર પેમેન્ટ કરી આપવાની સેવા ઉપરાંતની સેવા બેન્કો આપી શકશે. અનઓર્ગેનાઇઝ સેક્ટર્સનાં યુનિટ્સને પણ તેમની પ્રોડક્ટ્સને માર્કેટમાં

# ઓએનડીસી પ્લેટફોર્મની સફર ને લક્ષ્યાંક



- ➢ નફો ન કરવાના ધ્યેયથી 19મી એપ્રિલ 2022થી પાંચ શહેરમાં પાઈલોટ પ્રોજેક્ટ ચાલુ કરાયો.
- ➢ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જ તેના બ્રાન્ડ એમ્બેસેડર.
- ➢ ઓએનડીસી પ્લેટફોર્મ પર પ્રોડક્ટ રજિસ્ટર કરાવવા માટે કોઈ પણ ચાર્જ લેવાશે નહીં. ભવિષ્યમાં પણ વધુમાં વધુ કમિશન કે ચાર્જ 3.5 ટકા જ લેવાશે.
- ➢ કરિયાણું, ફેશનની વસ્તુઓ, ઘરવપરાશની વસ્તુઓ, હસ્તકળાની વસ્તુઓ, કૃષિપેદાશો, વીમાયોજના તેના પર સરળતાથી મળી રહેશે.
- ➢ ટૂંક સમયમાં દેશનાં 100થી વધુ શહેરોમાં ઓએનડીસી પ્લેટફોર્મ ચાલુ કરી દેવામાં આવશે. દેશના 75,000 પિનકોડ વિસ્તારમાં તેના કામકાજ ચાલુ કરી દેવા. ત્રણ કરોડ વેચનારા અને એક કરોડ છૂટક મર્ચન્ટને પ્લેટફોર્મ પર લવાશે.
- ➢ મહિને 300 કરોડના ઓર્ડર મેળવવા.
- ➢ દોઢ કરોડ દુકાનોને એક જ પ્લેટફોર્મ પર લાવવી.
- ➢ પીઅર ટુ પીઅર અને બી ટુ બી ટ્રેડ પણ તેના થકી શક્ય બનશે.
- ➢ પે ટીએમ પરથી જ તેનાં પેમેન્ટ થાય છે.
- ➢ નવ એડવાઈઝરી કાઉન્સિલની રચના કરીને તેને આગળ લઈ જવાનું આયોજન કરવામાં આવ્યું છે.
- ➢ નવ સરકારી અને ખાનગી સંસ્થાઓએ મળીને તેમાં 33.34 મિલિયન ડૉલરનું રોકાણ કરવાની તૈયારી દર્શાવી છે.
- ➢ પંજાબ નેશનલ બેન્ક, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, કોટક મહિન્દ્રા બેન્ક, એચડીએફસી બેન્ક, સિડબી અને આઈસીઆઈસીઆઈ બેન્ક તથા બીએસઈ ઈન્વેસ્ટમેન્ટે મળીને ઓએનડીસીના 51 ટકા શેર હસ્તગત કર્યા.

મૂકવાની તક મળશે. કોઈપણ પ્રકારનો ક્રેડિટ સ્કોર ન ધરાવનારાઓને પણ તક મળશે. બેન્કો માટે પણ નવો બિઝનેસ મેળવવાના દરવાજા ખૂલશે. તેઓ વર્કિંગ કેપિટલની સુવિધા પૂરી પાડી શકશે. સેવિંગ એકાઉન્ટ અને કરન્ટ એકાઉન્ટ ખોલી આપવાની તથા મુદતી લોન આપવાની સેવાઓ પણ પૂરી પાડી શકશે. બેન્કોને સાવ નવા જ કસ્ટમર્સ મળશે. બીજી તરફ નાણાંની અછતને કારણે ઓનલાઈન ટ્રાન્ઝેક્શનથી દૂર રહેનારા ખરીદારો ક્રેડિટ મેળવીને પણ ખરીદી કરતા થશે. આ કસ્ટમર્સને હાલને તબક્કે તેમની ક્રેડિટ મેળવવાની પાત્રતાનો પણ જરાય અંદાજ નથી. તેઓ પણ ક્રેડિટ લઈને વહેવાર કરતા થશે. આમ ONDCના માધ્યમથી નાનામાં નાના માણસને બેન્કની ક્રેડિટની સુવિધા મળતી થશે.

### ONDCમાં સરકારી-ખાનગી બેન્કો ભાગીદાર

બેન્કોએ પણ ONDC પ્લેટફોર્મ પૂરું પાડનારી સંસ્થામાં પોતાનો સ્ટોક એટલે કે શેરહિસ્સો મેળવવા માંડ્યો છે. આ બેન્કોમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, પંજાબ નેશનલ બેન્ક, કોટક મહિન્દ્રા બેન્ક, એક્સિસ બેન્ક. એચડીએફસી બેન્ક, આઈડીએફસી ફર્સ્ટ બેન્ક અને આઈસીઆઈસીઆઈ બેન્ક 6.35



ટકા શેર્સ લીધા છે. આમ તમામ બેન્કોએ એક સરખો શેરહિસ્સો લીધો છે. તે જ બતાવે છે કે તેમને આ પ્લેટફોર્મ પાસે બહુ જ મોટી આશા છે. નાબાર્ડ અને સીડબીએ પણ 6.35 ટકા શેર હિસ્સો અને યુકો બેન્કે 3.17 ટકા શેર હિસ્સો લીધો છે. અગાઉ નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાની પણ પંદરેક વર્ષ પહેલાં સ્થાપના કરવામાં આવી હતી. તેને પણ બેન્કોએ જ શેરહિસ્સો લઈને મૂડી ઊભી કરી આપીને ટેકો આપ્યો હતો. મોડેલ બિઝનેસ ઊભો કરવા માટે બેન્કો ઈન્વેસ્ટરની ભૂમિકા ભજવી રહી છે. બિઝનેસ કરવા માટેનું સાહસિકોને તેના થકી માર્ગદર્શન પણ મળી રહે તેવી માનસિકતા સાથે તેઓ મૂડી ઊભી કરી આપી રહ્યા છે.

ONDCને પણ યુપીઆઈ-યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ જેવી સફળતા મળે તેવી આશા રાખવામાં આવી રહી છે. હા, લોકો તેને કેટલી હદ સુધી સ્વીકારે છે તેના પર પણ તેની સફળતાનો મદાર રહેલો છે. એમેઝોન, વોલમાર્ટ કે પછી ફ્લિપકાર્ટ જેવી માર્કેટ એફિશિયન્સી તેઓ બતાવી શકે છે કે નહીં તે પણ જોવાનું રહેશે. જો કે પાંચ શહેરમાં તેણે કરેલો આરંભ પાશેરામાં પહેલી પૂણી જ છે. સફળતાની સીડી પર પ્રથમ કદમ માંડતા કદાચ એકાદ-બે વર્ષ લાગી જવાની સંભાવના છે. હા, તેનાથી એક સમસ્યા હળવી થશે. વોલમાર્ટની ફોન-પે, ગુગલની જી-પે જેવી પેમેન્ટ એપની ભીડ ઓછી થઈ જવાની સંભાવના છે. નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ બે પેમેન્ટ એપ થકી માત્ર 30 ટકા પેમેન્ટ જ થાય તેવી મર્યાદા બાંધી દીધી હોવા છતાંય જી-પે અને ફોન-પેના માધ્યમથી 80 ટકા પેમેન્ટ થઈ રહ્યાં છે. બીજા શબ્દોમાં વાત કરવામાં આવે તો ઈ-કોમર્સનાં પેમેન્ટ બહુધા વૈશ્વિક સ્તરની ટેકનિકલી બહુ જ સાઉન્ડ ગણાતી બે પેમેન્ટ એપના માધ્યમથી થઈ રહ્યું છે. તેમાં સમય જતાં ફેરફાર આવવાની

# માઈક્રોસોફ્ટે ONDC પ્લેટફોર્મ સાથે જોડાણ કર્યું



ટેકનોલોજીના ક્ષેત્રની વિશ્વની અગ્રણી કંપની માઈક્રોસોફટ ઓપન નેટવર્ક ફોર ડિજિટલ માર્કેટ સાથે જોડાઈ ચૂકી છે. માઈક્રોસોફટ સોશિયલ કોમર્સની અલગથી એપ તૈયાર કરી રહી છે. આ એપની મદદથી સારામાં સારા ભાવે એટલે કે સસ્તી અને સારી પ્રોડક્ટ્સ કઈ છે તેને સર્ચ કરી શકાશે. આ એપ ગેમ ચેન્જર બનશે. તેનાથી વેચાણ કરનારા અને ખરીદનારા બંનેને ફાયદો થશે. ખરીદી કરનારાઓ માટે તેમાં બાયર એપ છે અને વેચાણ કરનારાઓ માટે સેલર એપ મોજૂદ છે.

શક્યતા દેખાઈ રહી છે. સરકાર મજબૂત હરીફને તૈયાર કરી રહી છે. બીજી તરફ ડિજિટલ કોમર્સનું ફલક વિસ્તરી રહ્યું છે. ડિજિટલ કોમર્સ સાથે પેમેન્ટ એપથી થનારા પેમેન્ટમાં વધારો થશે જ થશે. આ સ્થિતિમાં ONDC તેમના માર્કેટ હિસ્સામાંથી પોતાની તરફ કેટલો હિસ્સો ખેંચી લેવામાં સફળ થશે તે તો આવનારો સમય જ કહેશે.

ચીજવસ્તુ ખરીદતા ગ્રાહકોને મોટો ફાયદો થશે. તેમને ટ્રેડિંગ પ્લેટફોર્મ પર એકસામટા લાખો વેપારીઓ તથા મેન્યુફેક્ચરર્સની પ્રોડક્ટ્સ જોવા મળશે. તેથી ખરીદનારાઓને પણ પસંદગીનો સારામાં સારો વિકલ્પ મળશે. સસ્તા ભાવે વસ્તુઓ મળતી થશે. એમેઝોન-ફ્લિપકાર્ટની માફક ઝડપથી ડિલિવરી પણ મળી જશે. સરળતાથી ખરીદી થઈ ગયાની લાગણી પણ ગ્રાહકને થશે. આગામી પાંચ વર્ષમાં ONDC પ્લેટફોર્મના માધ્યમથી 48 અબજ ડૉલરનો વેપાર થાય તેવું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. અત્યારે 100થી પણ વધુ શહેરોમાં તેને સક્રિય કરવાની તૈયારી છે.

એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવાં પ્લેટફોર્મ પ્રોવાઈડર સાથે ફી અને કમિશનની બાબતે રકઝક થાય છે. આ કમિશનની અને ફીની સમસ્યા ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સમાં હળવી થઈ જવાની આશા છે. અત્યારે ONDCના પ્લેટફોર્મ પર માર્કેટિંગ કરવામાં કોઈ જ ફી લેવામાં આવતી નથી. સમય જતાં તેના પર 3.5 ટકા સુધીની ફી લેવામાં આવશે. અત્યારે ખાનગી કંપનીઓના ડિજિટલ કોમર્સની સેવા પૂરી પાડતા પ્લેટફોર્મ્સ પર 23થી માંડીને 28 ટકા સુધીનું કમિશન અને ફી લેવાય છે. પરિણામે ભારત સરકાર તેના માધ્યમથી ઈ-કોમર્સનું પ્લેટફોર્મ પૂરું પાડનારા એમેઝોન-ફ્લિપકાર્ટ સામે મોટો પડકાર ઊભો કરશે. બીજી તરફ 2021ની સાલમાં ઈન્ટરનેટનાં જોડાણો વધીને 83 કરોડથી વધી ગયાં છે. તેમાંથી અત્યારે 19 કરોડ લોકો ઈ-કોમર્સ પ્લેટફોર્મ પરથી ખરીદી કરે છે. તેનું બીજું એક કારણ છે વિશ્વાસનો અભાવ. અત્યારે ઈ-કોમર્સ પ્લેટફોર્મ પરથી ખરીદી કરવામાં લોકોને સંપૂર્ણ વિશ્વાસ બેસતો નથી. તેથી 19 કરોડ લોકો જ તેના પરથી ખરીદી કરી રહ્યા છે. ઈ-કોમર્સના પ્લેટફોર્મ પરથી ખરીદી કરવા માટેની આવડતનો અભાવ પણ ઓછા કસ્ટમર્સ હોવા માટે જવાબદાર છે. ઈ-કોમર્સ દિવસે દિવસે વધતો જ જશે. ઈ-કોમર્સ પ્લેટફોર્મ પરથી ખરીદી કરનારાઓની સંખ્યા બમણી એટલે કે 38 કરોડની થાય તો પણ વેપાર ઘણો જ વધી જશે. તક તગડી છે.

## ● ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સમાં એકસાથે 80 લાખ કે 8 કરોડ વેન્ડર્સને એક જ પ્લેટફોર્મ પર લોન્ચ કરવામાં આવશે

તેથી જ સવાલ કરવામાં આવી રહ્યો છે કે ONDCનું પ્લેટફોર્મ સફળ થશે કે નહીં. હાલ સક્રિય ખાનગી ઈ-કોમર્સ પ્લેટફોર્મ પૂરું પાડનારાઓ થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી રહ્યા છે. કેટલાકને લાગે છે કે ONDCનું પ્લેટફોર્મ સફળ નહીં થાય, પરંતુ ખૂલીને સરકારની સામે બોલવાની હિંમત કરી શકતા નથી. બીજું, એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવા મજબૂત હરીફોને તેણે હંફાવવાના છે. તેની સાથે સાથે જ નાના ખેલાડીઓને પણ સ્પર્ધા કરવાની અને માર્કેટમાં તેમની પ્રોડક્ટ્સ વેચીને કમાણી કરવાની તક મળે તે સરકાર જોવા માગે છે.

### વેચાણ કરનારાઓ અને દરેક વિસ્તાર કે શહેર માટે અલગ એપ કામ કરશે

સેલર્સ એપ એટલે કે વેચાણ કરનારાઓ માટેની એપમાં વ્યક્તિગત છૂટક વેપારી અને સ્થાનિક બિઝનેસ એક પ્લેટફોર્મ પર આવી શકશે. તેઓ ચોક્કસ શહેર કે પછી વિસ્તાર માટેનું પેટાનેટવર્ક ઊભું કરી શકશે. આ વિસ્તારના મેન્યુફેક્ચરર્સ પણ તેની સાથે જોડાઈ શકશે. તેઓ સિંગલ સેલર એપ પર રજિસ્ટર થઈ શકશે. ઉદાહરણ આપીને વાત કરવામાં આવે તો વેચાણ કરનારાઓ માટેની ઈ-સમુદાય એપ છે. તેમાં ONDC-ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ રજિસ્ટ્રેશન કરાવી શકાશે. આરંભમાં જે સર્ચ કે ક્વેરીઝ આવશે તેનો પ્રતિભાવ પણ આપવામાં આવશે. આ ક્વેરી પ્રોડક્ટની ઉપલબ્ધતા, તેના ભાવ અન્ય પ્રોડક્ટની તુલનાએ સ્પર્ધાત્મક હોવાનો અંદાજ પણ મળી શકશે. તેમજ સેટલમેન્ટ કરવાની અને માલની હેરફેર કરવા માટેની વ્યવસ્થા અંગેની જાણકારી મળી શકશે. તેથી નાનાં નાનાં પેટા પ્લેટફોર્મ પણ તેમાં ઊભા થશે. તેની મદદથી સ્થાનિક વિસ્તારમાં મોટો વેપાર કરવાના રસ્તાઓ ખૂલી જશે. ખરીદનારા માટેની એપ-બાયર્સ એપ પર જઈને ગ્રાહક પ્રોડક્ટની સર્ચ કરે તો રિયલ ટાઈમ સર્ચ રિક્વેસ્ટ સેલર્સ સુધી પહોંચશે અને ગ્રાહકને તેને જોઈતી પ્રોડક્ટ્સની વિગતો ઓન ધ સ્પોટ સ્ક્રીન પર આવી જશે. ગ્રાહક તેને જોઈતી પ્રોડક્ટની પસંદગી કરશે તો તે પ્રોડક્ટના વેચાણ કારની સાઈટ પર પહોંચી જશે અને ગ્રાહકના ખરીદીના લિસ્ટમાં તે ઉમેરાઈ જશે. તેમજ વેચાણ કરનારાના લિસ્ટમાં પણ તે પહોંચી જશે. ગ્રાહક તેનું એડ્રેસ અપલોડ કરશે એટલે સેલર્સ એપ પર આપોઆપ જ તેનું નોટિફિકેશન પહોંચી જશે. ઓર્ડર કન્ફર્મ થાય અને ઓર્ડર માટેનાં નાણાંની ચુકવણી થઈ જાય તે પછી તે પેમેન્ટ થઈ ગયાનો પુરાવો વેચાણ કરનારા સુધી આપોઆપ જ પહોંચી જશે. એક કરતાં વધુ વેચાણ કરનારા પાસેથી એક કરતાં વધુ પ્રોડક્ટની ખરીદી કરશે તો ખરીદીની વસ્તુનું એક જ લિસ્ટ બનશે અને અલગ અલગ વેચાણ કરનારાઓને તેનું નોટિફિકેશન પહોંચી જશે. ત્યારબાદ સેલર માટેની એપ તે માલની ડિલિવરી કરવા માટે નેટવર્કમાં લિસ્ટ થયેલી વ્યક્તિને પસંદ કરી શકશે.

તેની સફળતાનો આધાર તેની લેંગ્વેજ છે. અમદાવાદમાં આયુર્વેદિક પ્રોડક્ટ્સનું ઓનલાઈન વેચાણ કરતાં સ્વસ્થ આરોગ્યના પ્રમોટર નિરજ મહેતા કહે છે, "ONDCની બાઈંગ અને સેલિંગ એપ ગુજરાતીમાં બનાવવામાં આવે તો તે ખરેખર લાભદાયી સાબિત થશે. અંગ્રેજી ભાષામાં કોમ્યુનિકેશન કરવામાં ગેરસમજો વધુ ઊભી થાય છે. તેનાથી વિવાદો પણ ઘણા થાય છે. તેથી જ ONDCને પ્રમોટ કરનારાઓએ સ્થાનિક ભાષામાં તેની બાઈંગ અને સેલિંગ એપ તૈયાર કરાવવી જોઈએ. તેનાથી તેમને સફળતા મળવાની શક્યતા ઘણી જ વધી જશે. સ્થાનિક ભાષામાં હશે તો જ નાનાં નગરો અને ગામડાંના લોકો તેના પરથી ખરીદી કરવામાં રસ લેશે." ભારત સરકારના વાણિજ્ય મંત્રી પિયૂષ ગોયલે પણ પ્રાદેશિક ભાષાઓમાં જ ખરીદી અને વેચાણ માટેની એપ તૈયાર કરવા પર ભાર મૂક્યો છે.

# ONDCનો પ્રચાર નહીં વધે તો સફળતા મળવી મુશ્કેલ

ONDC ડિજિટલ કોમર્સની શિકલ બદલી નાખશે એમ કહેવાય છે, પરંતુ સ્વસ્થ આરોગ્ય માટેની આયુર્વેદિક પ્રોડક્ટ્સનું ઓનલાઇન માર્કેટિંગ કરતા ‘સ્વસ્થ આરોગ્ય’ના સીઈઓ અને પ્રમોટર નિરજ મહેતા કહે છે, “ONDCના પ્લેટફોર્મ અંગે મને થોડીઘણી જાણકારી છે, પરંતુ તેની સાથે કઈ રીતે કનેક્ટ થવું તેની સ્પષ્ટ માહિતી મને મળતી નથી. છેલ્લા થોડા દિવસથી હું તે માટેનો પ્રયત્ન કરી રહ્યો છું. ” નાની-નાની વસ્તુઓનું ઓનલાઇન બાઈંગ કરનારાં બિઝનેસ વુમન પૂનમ મહેતા કહે છે, “આજની તારીખે ONDCના નેટવર્ક અંગે મને કોઈ જ જાણકારી નથી. અમે આજ સુધી ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ અંગે કંઈ જ સાંભળ્યું નથી.” ડિજિટલ કોમર્સને કારણે તેમનો ધંધો તૂટી ગયો હોવાની બૂમરાણ મચાવતાં રિલીફ રોડના ઇલેક્ટ્રોનિક્સના વેપારી એસોસિયેશનના મેઘરાજ ડોડવાણી પણ કહે છે, “ONDCના નામથી કોઈ ઓનલાઇન કોમર્સનું પ્લેટફોર્મ છે તેની જરાય જાણકારી અમને છે જ નહીં.” બીજા શબ્દોમાં કહીએ તો ONDC તરફથી તેનો જોઈએ તેટલો પ્રચાર જ થયો નથી. સામાન્ય રીતે બનતું આવ્યું છે તેમ ONDCને ભોગે ખાનગી ડિજિટલ કોમર્સ પ્લેટફોર્મને સપોર્ટ કરવાનું વલણ ONDCના અધિકારીઓમાં આવી જશે તો આ પ્લેટફોર્મની સફળતા અંગે શંકા પેદા થઈ જશે. અત્યારે તો આ જ ONDCનું નબળું પાસું છે. સરકારે તેના ડિજિટલ ટ્રેડના પ્લેટફોર્મનો જોઈએ તેટલો પ્રચાર કર્યો નથી. આ સંજોગોમાં ખરીદનારાઓ અને વેચનારાઓને એક જ પ્લેટફોર્મ પર લાવવા તેમને માટે કઠિન બનશે. તેથી જ કદાચ તેમાં ખરીદનારા અને વેચનારાઓનું લિસ્ટિંગ આજની તારીખે અપેક્ષા કરતાં ઘણું જ ઓછું છે. એમેઝોન અને ફ્લિપકાર્ટ પર પોતાની પ્રોડક્ટ્સનું વેચાણ કરનારાઓને પણ ONDC ડિજિટલ કોમર્સ પ્લેટફોર્મ અંગેની જાણકારી નથી. આ સંજોગોમાં નાના કરિયાણાની દુકાન ચલાવનારાઓને તેની જાણકારી હોવી અઘરી છે. તેથી તેઓ જોડાઈ જશે તે માનવું સહજ નથી. હા, મોટા વેચાણકારો તેમાં જોડાયા છે, પરંતુ નાના રિટેઇલર્સને તેની જાણકારી જ નથી. બાયર્સ એપ તરીકે ફોન-પે, પે-ટીએમ અને માઇક્રોસોફ્ટ પણ તેની સાથે જોડાયા છે.

તેની સાથે જ અત્યારે ઓફલાઇન પ્રોડક્ટના વેચાણ કરવા માટે રજિસ્ટર થનારાઓને ખરેખર ONDCમાં જોડાયા પછી ખરેખર કેટલો નફો મળશે તથા નફામાં કેટલી વધઘટ આવી શકે, તેમજ પ્રોડક્ટ્સના પ્રાઇસ કેવી રીતે નક્કી કરાશે તે પણ જાણકારી હજી સુધી પૂરી મળી રહી નથી. તેમ જ ONDCના પ્લેટફોર્મ પર સેલર્સ એક્સપિરિયન્સ વિગતો મળતી નથી. આ બાબત પણ ઓફલાઇન ટ્રેડર્સને ઓનલાઇન ડિજિટલ કોમર્સના ONDCના પ્લેટફોર્મ પર જોડાવામાં અવરોધ ઊભો કરે છે. આ માટે પણ પ્રચાર મોટેપાયે થવો જરૂરી છે. ટ્રાન્ઝેક્શન ફી કેટલી લાગશે તે અંગે પણ નિશ્ચિત માહિતી નથી. અત્યારે ટ્રાન્ઝેક્શન ફી લેવાતી નથી. સમય જતાં તેના પર 1.5 ટકાનો ચાર્જ આવી શકે છે. તેમજ એપ પ્રોવાઇડર્સ 3.5 ટકાનું કમિશન લેશે તેનો થોડો અંદાજ છે, પરંતુ આ માટે બહુ જ મોટેપાયે પ્રચાર થવો જરૂરી છે. હોર્ડિંગ અને મીડિયા એડ્સ નહીં થાય ત્યાં સુધી ONDC માટે સફળતાની સીડી પર સડસડાટ ચઢવું કઠિન છે.

બીજા ડિજિટલ કોમર્સ પ્લેટફોર્મ પર તે જ પ્રોડક્ટ્સ કેટલા ભાવે મળશે તે જોયા પછી જ ગ્રાહકો ONDCની પ્રોડક્ટ પર પસંદગી ઉતારવી કે નહીં તે નક્કી કરશે. તમામ પ્રોડક્ટ્સને વધુ ને વધુ કોમ્પિટિટિવ બનાવવા પડશે. નાની રકમના ઓર્ડરમાં થનારા ડિલિવરીના ખર્ચને જોતાં નફાકારકતા કઈ રીતે જળવાઈ રહેશે તે પણ જોવાનું રહેશે. અત્યારે ONDCના પાઇલોટ પ્રોજેક્ટમાં જોવા મળી રહ્યું છે કે બહુધા ઓર્ડર રૂ.500થી ઓછી રકમના છે. તેમાં કેટલું કમિશન લેશે તે પણ એક મોટો સવાલ છે. કમિશન લીધા પછી રિટેઇલરને કેટલું પરવડશે તે પણ સવાલ છે. તે સમયસર ડિલિવરી આપી શકશે કે કેમ તે પણ મોટો સવાલ છે. પૂનમ મહેતા કહે છે, “અત્યાર હું દૂધની ચાર થેલી અને કરિયાણું કે નેન પ્રોની સ્વિગી ઇન્સ્ટામાર્ટ પાસે મગાવું છું. પણ મગાવું તો તે મને કોઈપણ જાતના એક્સ્ટ્રા ચાર્જ વિના દસ જ મિનિટમાં મારા ઘરે પહોંચાડી દે છે. રાત્રે બાર વાગ્યે પણ મારી દસ માસની પુત્રી માટે બેબી ફૂડનાં પેકેટ્સની જરૂર પડે તો 30 મિનિટમાં ડિલિવરી મળી જાય છે. ઓનલાઇન પ્લેટફોર્મની સફળતા માટે સમયસર ડિલિવરી પણ મહત્ત્વની છે.”



# આવકવેરા રિટર્નનાં ચાર ફોર્મ મર્જ કરીને નવું એક ફોર્મ બનાવાશે

**● 15 ડિસેમ્બર સુધીમાં કરદાતાઓને નવી વ્યવસ્થા અંગે પ્રતિભાવ આપી શકાશે, ત્યારબાદ અમલીકરણની જાહેરાત કરશે**

કેન્દ્રના નાણાખાતાએ અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસે આવકવેરાના રિટર્નનાં ચાર ફોર્મને મર્જ કરીને તેમાંથી એક જ ફોર્મ બનાવી દેવાનો નિર્ણય કર્યો છે. પરિણામે આગામી નાણાકીય વર્ષ 2023-24માં રિટર્ન ફાઇલ કરવાની સિસ્ટમમાં મોટા ફેરફાર આવી શકે છે.

ચાર કેટેગરીમાં આવતા કરદાતાઓ માટે આવકવેરાનું રિટર્ન ફાઇલ કરવા માટે એકસમાન ફોર્મ લાવવાનું આયોજન કરી રહ્યું છે. હાલમાં જુદીજુદી કેટેગરીમાં આવતા કરદાતાઓએ આઇટીઆર-૧થી ૭માં તેમનાં રિટર્ન ફાઇલ કરવા પડી રહ્યાં છે. આગામી વર્ષથી આઇટીઆર 2, 3, 5 અને 6ની કેટેગરીમાં આવતા કરદાતાઓ માટે એક જ ફોર્મ મૂકવામાં આવશે.

જો કે તેમને પહેલા વર્ષે જૂની વ્યવસ્થા હેઠળ આઇટીઆર-1થી 4ની કેટેગરીમાં તેમનાં રિટર્ન ફાઇલ કરવાની છૂટ આપશે. તેને બદલે હવે તમામ કરદાતાઓ માટે એકસમાન રિટર્નનું ફોર્મ મૂકવા અંગેનો સૂચિત મુસદ્દો આજે જાહેર કરી દેવાયો છે. આ સૂચિત મુસદ્દા અંગે આગામી પંદરમી ડિસેમ્બર સુધીમાં પ્રતિભાવ આપવા નાણાખાતાએ જણાવ્યું છે. ત્યારબાદ તેમાં લાવવાપાત્ર સુધારાઓનો સમાવેશ કરીને એક જ ફોર્મ ઓનલાઇન રિટર્ન ફાઇલ કરવા માટે તૈયાર કરીને અપલોડ કરી દેવામાં આવશે.

ટેક્સ કન્સલ્ટન્ટ પ્રમોદ પોપટ કહે છે, "નવી સૂચિત વ્યવસ્થા હેઠળ નવા વર્ષથી કરદાતાઓ આવકવેરાનાં રિટર્ન ભરવાનું ચાલુ કરશે ત્યારે તેમને તેઓ શું કરે છે, એટલે કે પગારદાર છે કે બિઝનેસ કરે છે કે પછી પ્રોફેશનલ છે તે અંગે કેટલાક સવાલ ઓનલાઇન જ પૂછવામાં આવશે. તેને આધારે જ ચાર કેટેગરીનાં રિટર્ન ફાઇલ કરનારાઓને ઓનલાઇન યુટિલિટી-ફોર્મ દેખાશે. તેમાં અન્ય કેટેગરીની વિગતને લગતો હિસ્સો દેખાશે જ નહીં. તેથી તે પોતાની કેટેગરી પ્રમાણે ઓનલાઇન ફોર્મમાં રિટર્નની વિગતો ફાઇલ કરીને અપલોડ કરી શકશે." ઉદાહરણ આપીને વાત કરીએ તો તેને પૂછવામાં આવે કે તે બિઝનેસ કરે છે કે નહીં અને તેના જવાબ 'ના' માં આપે તો પછી તેને બિઝનેસ કેટેગરીની વિગતોવાળો હિસ્સો ઓનલાઇન ફોર્મમાં જોવા જ મળશે નહીં. જે લાગુ ન પડતું હોય તેની ના કહેશો તો તે વિગતો જોવાની નોબત જ આવશે નહીં.

ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મહેશ છાજેડ કહે છે કે, "નવી ટેક્નોલોજી સાથે આવેલો સુધારો દરેક વખતે કામકાજને સરળ બનાવે છે. ઘણા કરદાતાઓને કયું રિટર્ન ફાઇલ કરવું તે ખબર નથી પડતી. તેથી એકથી સાતમાંથી કયા આઇટીઆર ફોર્મની પસંદગી કરવાની જફામાંથી કરદાતાને મુક્તિ મળશે. કરદાતા સીધા રિટર્ન ફાઇલ કરે તો તેમની ભૂલ થઈ જવાની સંભાવના ઓછી થઈ જશે. તેથી સરકારે લીધેલું આ પગલું રિટર્ન ફાઇલ કરવાની પ્રક્રિયા કરદાતા માટે સરળ બનાવશે. ટેક્નોલોજી બેઝ નવી પહેલ આવકાર્ય જ છે."



પ્રમોદ પોપટ કહે છે: "પરંતુ તેના જવાબ આપવા માટે સવાલો વાંચવા જ પડશે. તેનાથી કદાચ સમય બચવાની શક્યતા ઓછી થઈ જાય છે. જો કે આવકવેરા રિટર્નનું ફોર્મ 1 ચેન્જ નહીં કરે. માત્ર પગારની અને વ્યાજની આવક ધરાવનારા માટે આઇટીઆર-1 ફાઈલ કરવાનું આવે છે. તેથી તેમાં કોઈ ફેરફાર કરશે નહીં. તેવી જ રીતે આઇટીઆર-4 ઉચ્ચક વેરો બતાવીને છ ટકા કે આઠ ટકા લેખે વેરો ભરી દેનારાઓ માટેના ફોર્મમાં કોઈ ફેરફાર કરવા માગતું નથી. તેમજ ચેરિટેબલ ટ્રસ્ટો માટેનું આવકવેરા રિટર્નના ફોર્મ-7માં પણ કોઈ ફેરફાર કરવા માગતા નથી.

આવકવેરાના રિટર્ન ફાઇલ કરવા માટેની આંતરરાષ્ટ્રીય બેસ્ટ પ્રેક્ટિસીસને ધ્યાનમાં રાખીને આ રિટર્ન તૈયાર કરવામાં આવી રહ્યાં છે. આ રિટર્નમાં પણ કેટલીક વિગતો આપોઆપ જ ભરાઈ જશે. આવકવેરા વિભાગ પાસે ઉપલબ્ધ થર્ડ પાર્ટીના ડેટા સાથે તેનું મેળવણું કરવું સરળ બનશે. તેને કારણે રિટર્ન ફાઇલ કરનારાઓની જફામાં ઘટાડો થશે. કરદાતાને લાગુ પડતી હશે તે જ બાબત તેના ઓનલાઇન રિટર્નના ફોર્મમાં રિફ્લેક્ટ થશે. કરદાતાએ શેર્સ વેચીને કેપિટલ ગેઇન કર્યો હશે તો ઓનલાઇન ફોર્મમાં તે જ હિસ્સો રિફ્લેક્ટ થશે. બાકીનો હિસ્સો તેના ફોર્મમાં દેખાશે પણ નહીં.

## અત્યારે કોણે કયું રિટર્ન ફાઈલ કરવું પડે

**આઈટીઆર-1:** વાર્ષિક રૂ. 50 લાખથી ઓછી પગાર, પેન્શન કે અન્ય સ્ત્રોતથી આવક ધરાવતા વ્યક્તિગત કરદાતા અને એક જ ઘર-આવાસ ધરાવતી વ્યક્તિ.

**આઈટીઆર-2:** 50 લાખથી વધુ આવક ધરાવનાર, કેપિટલ ગેઈન કર્યો હોય, એક કરતાં વધુ ઘરની માલિકી હોય, વિદેશથી આવક હોય, વિદેશમાં અસ્ક્યામતો હોય, કોઈ કંપનીમાં ડિરેક્ટર હોય, લિસ્ટ ન થયેલી કંપનીમાં શેર્સ હોય.

**આઈટીઆર-3:** બિઝનેસ કે પ્રોફેશનલ્સ, પેઢીમાં ભાગીદાર હોય અને રૂ.50 લાખથી વધુની આવક હોવાની સંભાવના હોય.

**આઈટીઆર-4:** પગાર, પેન્શન અને અન્ય સ્ત્રોતમાંથી વર્ષે રૂ.50 લાખથી વધુ આવક હોય, એક જ ઘર હોય.

**આઈટીઆર-5:** પેઢી, લિમિટેડ લાયેબિલિટી પાર્ટનરશિપ કંપની, એસોસિયેશન ઓફ પરસન, બીઆઈઓ.

**આઈટીઆર-6:** કલમ-11 હેઠળ કરવેરા માફીનો ક્લેઈમ ન કરતી હોય તેવી કંપનીઓ.

**આઈટીઆર-7:** કલમ 139 (4એ), 4(બી), 4(સી) અને 4 (ડી) હેઠળ આવતી વ્યક્તિઓ કે કંપનીઓ.



# વિક્રમ સંવત 2079માં શેરબજાર નવી ઊંચાઈને આંબશે

અમેરિકાની ફેડરલ રિઝર્વ બેન્ક વ્યાજદરમાં વધારો કરી રહી હોવાથી અને ફુગાવાનું દબાણ ઘટવાની સંભાવના વચ્ચે 2079ના વર્ષમાં શેરબજારમાં તેજીનો તોખાર હણહણતો જોવા મળી શકે છે. નવું વર્ષ સ્ટોક માર્કેટના ઇન્વેસ્ટર્સ માટે રોકાણની નવી તક લઈને આવે તેવી શક્યતા છે. રશિયા-યુક્રેન યુદ્ધ સહિતના વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતા નિર્માણ કરતી સ્થિતિને ધ્યાનમાં લેતાં બજારમાં વિક્રમ સંવત 2078ની સરખામણીમાં 2079ના વર્ષમાં મોટી અફરાતફરી અને વધઘટ જોવા મળી શકે છે. નિફ્ટી 20500થી 21000 અને સેન્સેક્સ 65000થી 66000ની સપાટી વિક્રમ સંવત 2079માં બતાવી શકે છે. તેજીના તોખારની આ હણહણાટી વચ્ચે રોકાણકારો અત્યારથી જ એક વર્ષના ગાળા માટે અમે દર્શાવેલી સ્ક્રિપમાં રોકાણ કરી શકે છે. આ સ્ક્રિપ તેમને સારી આવક કરી આપશે તેવી અમારી ધારણા છે.

## ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ

આ લખાય છે ત્યારે ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝના શેરનો ભાવ રૂ. 1713ની આસપાસનો બોલાઈ રહ્યો છે. આદિત્ય બિરલા ગ્રૂપની ડિવિડન્ડ આપતી કંપની ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝના બે રૂપિયાની મૂળ કિંમતના શેર્સ છેલ્લા બાવન અઠવાડિયા દરમિયાન રૂ.1276.60નું તળિયું અને રૂ.1729નું મથાળું બતાવેલું છે. તેનો પ્રાઇસ અર્નિંગ રેશિયો 14.42નો છે. બજાર મૂડીકરણ 1.13 લાખ કરોડનું છે. આદિત્ય બિરલા ગ્રૂપની ફ્લેગશિપ કંપની છે. વિસ્કોઝ સ્ટેપલ ફાઈબર, કોસ્ટિક સોડા, સ્પેશિયાલિટી કેમિકલ્સ, રેયોન ગ્રેડ વૂડ પલ્પ બનાવવાના સેક્ટરમાં કંપની સક્રિય છે. રાસાયણિક ખાતર, ટેક્સટાઇલના સેક્ટરમાં પણ કંપની સક્રિય છે. ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝનું અલ્ટ્રાટેક સિમેન્ટમાં 52.27 ટકા, આદિત્ય બિરલા ફેશનમાં 10.4 ટકા, આદિત્ય બિરલા કેપિટલમાં 65.18 ટકા, હિન્દાલ્કોમાં 3.92 ટકા અને વોડાફોનમાં 10.33 ટકા હોલ્ડિંગ ધરાવે છે. ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝની સૌથી જાણીતી બ્રાન્ડ ગ્વાલિયર શૂટિંગ અને શર્ટિંગ છે. મધ્યપ્રદેશમાં નાગદા ખાતે વીએસએફના ઉત્પાદનનું એકમ ધરાવે છે. ગુજરાતના ખરચમાં અને કર્ણાટકના હરિહરમાં કંપનીનાં એકમો છે. વિસ્કોઝ સ્ટેપલ ફાઈબરના વિશ્વના કુલ બજાર હિસ્સામાંથી 9 ટકા બજાર હિસ્સો આ કંપની ધરાવે છે. આમ વિશ્વની અગ્રણી કંપની તરીકેનું સ્થાન ધરાવે છે. કોસ્ટિક સોડાના પણ મોટામાં મોટા ઉત્પાદક તરીકેનું સ્થાન ગ્રાસિમ ધરાવે છે. કંપની અન્ય કેમિકલ્સનું ઉત્પાદન પણ કરે છે. ગ્રાસિમ ફાઈબર અને પલ્પ, કેમિકલ્સ, સિમેન્ટ અને ટેક્સટાઈલના સેગ્મેન્ટમાં છે. વિસ્કોઝ ફિલામેન્ટ યાર્નના ઉત્પાદનના ક્ષેત્રની ભારતની મોટામાં મોટી કંપની છે, તેમજ 45 દેશોમાં વિસ્કોઝ ફિલામેન્ટ યાર્નની નિકાસ કરતી ટોચની કંપની છે. લીનન અને વૂલન ઉત્પાદનના ક્ષેત્રમાં ગ્રાસિમની શ્રી ટેક્સટાઈલ




## ● ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝે રૂ.5000 કરોડનો મૂડી ખર્ચ કરીને પેઇન્ટ ઇન્ડસ્ટ્રીઝમાં પણ એન્ટ્રી લીધી છે. પેઇન્ટ ઇન્ડસ્ટ્રીઝ ઝડપથી વિકસી રહેલું સેગ્મેન્ટ છે

અને જયશ્રી ટેક્સટાઇલ દેશની અગ્રણી કંપનીઓ પૈકી એક છે.

ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝે રૂ. 5000 કરોડનો મૂડી ખર્ચ કરીને પેઈન્ટ ઈન્ડસ્ટ્રીઝમાં પણ એન્ટ્રી લીધી છે. પેઈન્ટ ઈન્ડસ્ટ્રીઝ ઝડપથી વિકસી રહેલું સેગ્મેન્ટ છે. આ સેગ્મેન્ટમાં લગાવેલી મૂડી પર ઊંચું વળતર મળી રહ્યું છે. પેઈન્ટ ઈન્ડસ્ટ્રીઝમાં બીજા ક્રમની કંપની તરીકેનું સ્થાન અંકે કરી લેવાનું લક્ષ્યાંક ધરાવે છે. ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝના શેરની બુક વેલ્યૂ રૂ.1150ની છે. 2021-22ના વર્ષમાં વીએસએફની ઉત્પાદન ક્ષમતા 591 કેટીપીથી વધારીને 824 કેટીપી સુધી લઈ જવામાં સફળતા મેળવી હતી.

2021-22ના નાણાકીય વર્ષમાં ગ્રાસિમની વાર્ષિક આવક રૂ.95,701 કરોડની થઈ હતી. તેમાંથી વેરા પૂર્વેનો નફો રૂ.17,772 કરોડનો હતો. વેરા પછીનો નફો રૂ.7550 કરોડનો હતો. વેરા પૂર્વેની આવકમાં છેલ્લાં ત્રણ વર્ષનો કોમ્પ્રિહેન્સિવલ એન્યુઅલ ગ્રોથ રેટ 14 ટકાનો રહ્યો છે. વેરા પછીની આવકની દૃષ્ટિએ છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન વાર્ષિક સર્વગ્રાહી વિકાસદર 31 ટકાનો રહ્યો છે. કંપની તેનું દેવું સતત ઘટાડી રહી છે. 2020માં તેનું કુલ દેવું રૂ.20,882 કરોડનું હતું. 2021માં દેવું ઘટાડીને રૂ.8630 કરોડની સપાટીએ લાવી દીધું છે. તેમજ 2022માં આ દેવું ઘટાડીને રૂ.4300 કરોડ પર લાવી દીધું છે. કંપનીના શેરની બુક વેલ્યુમાં છેલ્લાં ત્રણ વર્ષમાં સરેરાશ 8 ટકાનો વધારો જોવા મળ્યો છે. વાર્ષિક દૃષ્ટિએ આ વધારો 16 ટકાની આસપાસનો છે. બીજી તરફ કંપનીનું ડિવિડન્ડ શેરદીઠ 2020માં શેરદીઠ રૂ.4, 2021માં રૂ.9 અને 2022માં રૂ.10નું થયું હતું. ઉપરાંત કંપની અત્યાધુનિક ટેક્નોલોજીથી સજ્જ પ્લાન્ટ્સ ધરાવે છે.

ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ કોટનના બિઝનેસને પણ વધુ મોટા ફલક પર લઈ જવાનો પ્રયાસ કરી રહી છે. અમેરિકાએ ઝિનિએન્ગ પ્રાંતમાંથી કપાસની આયાત કરવા પર પ્રતિબંધ મૂક્યો હોવાથી પણ ગ્રાસિમના કોટનના બિઝનેસને નવું જોમ મળશે. બીજું ગ્રાસિમ વીએસએફની ક્ષમતામાં 37 ટકા અને કોસ્ટિક સોડાની ઉત્પાદન ક્ષમતામાં 33 ટકાનો વધારો કરવાની કામગીરી આગળ ધપાવી રહી છે. તેથી તેના વોલ્યુમનો વાર્ષિક સર્વગ્રાહી વિકાસદર 15 ટકાને આંબી જશે. કંપનીના આર્થિક પરફોર્મન્સ અને વિકાસને ધ્યાનમાં લેતાં તેના શેરમાં વર્તમાન બજારભાવે રોકાણ કરી લેવા જેવું છે.

### શ્યામ મેટલિક્સ એન્ડ એનર્જી લિમિટેડ

ફંડામેન્ટલ્સની દૃષ્ટિએ શ્યામ મેટલિક્સ એક મજબૂત કંપની છે. તેના વિકાસની મજબૂત શક્યતા છે. તેથી તેના શેર્સના ભાવ વિક્રમ સંવત 2079માં ખાસ્સો સુધારો દર્શાવી શકે છે. 25મી ઓક્ટોબર 2022ના બીએસઈ અને એનએસઈમાં શ્યામ મેટાલિક્સનો બંધ ભાવ રૂ.293.15નો રહ્યો હતો. દિવસ દરમિયાન રૂ.5.95નો ઘટાડો જોવા મળ્યો હતો.

જૂન 2022માં કંપનીનું ચોખ્ખું વેચાણ રૂ.1442.86 કરોડનું રહ્યું હતું. માર્ચ 2022માં તેનું ચોખ્ખું વેચાણ કે ટર્નઓવર રૂ.1182.11 કરોડનું રહ્યું હતું. ડિસેમ્બર 2021માં રૂ.1132.60 કરોડ, સપ્ટેમ્બર 2021માં રૂ.1157.61 કરોડનું ટર્નઓવર રહ્યું હતું. આમ કંપનીના ટર્નઓવરમાં દરેક ત્રિમાસિક ગાળે વધારો જોવા મળી રહ્યો છે. જૂન 2022માં કંપનીની આવક 31 ટકા વધીને રૂ.3223 કરોડની થઈ છે. 2021ના જૂનમાં પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં કંપનીની આવક રૂ.2465 કરોડની હતી. કંપનીના શેરે છેલ્લા બાવન અઠવાડિયા દરમિયાન રૂ.385નું મથાળું અને રૂ.273નું તળિયું બતાવ્યું છે. કંપનીના શેરનો પીઈ રેશિયો 4.45નો છે. કંપની સરેરાશ 2.46 ટકા ડિવિડન્ડ આપતી આવી છે. કંપનીની શેરદીઠ આવક રૂ.31.55ની છે. કંપનીના શેરના ભાવમાં વર્તમાન સપાટીથી 50 ટકા સુધીનો વધારો જોવા મળી શકે છે.

શ્યામ મેટાલિક્સ ઈન્ટિગ્રેટેડ મેટલ મેન્યુફેક્ચરિંગ કંપની છે. તે લોન્ગ સ્ટીલ પ્રોડક્ટ્સ અને ફેરો એલોય્ઝના પ્રોડક્ટ્સના ઉત્પાદનમાં માસ્ટરી ધરાવે છે. કોલકાતા સ્થિત કંપની શ્યામ મેટાલિક્સ પશ્ચિમ બંગાળ, ઓડિશા સહિત દેશમાં ત્રણ મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ ધરાવે છે. કંપની આયર્ન ઓરમાંથી ધાતુ બનાવી વેલ્યુ એડિશન કરે છે. કેપ્ટિવ પાવર પ્લાન્ટ ધરાવતી કંપની આયર્ન પેલેટ્સ સ્પોન્જ આયર્ન, બિલેટ્શ, ટીએમટી, વાયર રોડ્સ અને સ્ટ્રક્ચરલ મિલ્સ બનાવે છે. કંપની પાસે ફોરવર્ડ અને બેકવર્ડ ઈન્ટિગ્રેશન ધરાવતા પ્લાન્ટ્સ હોવાથી ભાવમાં આવતી અફરાતફરીની તેના પર બહુ મોટી અસર જોવા મળતી નથી. બજારની બદલાતી સ્થિતિને તે ઝડપથી અનુકૂળ થઈ શકે છે. બજારમાં બદલાતી ડિમાન્ડ પ્રમાણે પ્રોડક્ટ્સ પણ બદલી જ શકે છે.

કંપનીની કુલ આવકમાંથી 24 ટકા આવક આયર્ન પેલેટ્સમાંથી 16 ટકા ફેરો એલોય્ઝ થકી, સ્પોન્જ આયર્ન થકી 11 ટકા, સ્ટીલ બિલેટ્સ થકી 12 ટકા અને ટીએમટી બાર્સ થકી 37 ટકા આવક મેળવે છે. 2017ની સાલથી કંપનીનું ક્રૂડ સ્ટીલનું ઉત્પાદન સતત વધી રહ્યું છે. 2017માં ક્રૂડ સ્ટીલનું



પિગ આયર્ન, ડક્ટાઈલ આયર્ન પાઈપ્સના ઉત્પાદનમાં પણ એન્ટ્રી લઈ લીધી છે.

શ્યામ મેટાલિક્સની આવક પણ છેલ્લાં પાંચ વર્ષથી સતત વધી રહી છે. 2021માં કંપનીએ રૂ.6297 કરોડની આવક કરી હતી. 2018માં કંપનીની રૂ. 3747 કરોડની વાર્ષિક આવકની તુલનાએ 85 ટકાનો વધારો દર્શાવે છે. 2019માં કંપનીની આવક રૂ.4606 કરોડની અને 2020માં કંપનીની આવક રૂ.4376 કરોડની થઈ હતી. બીજી તરફ કંપનીનો ચોખ્ખો નફો પણ ચાર વર્ષથી વધી રહ્યો છે. 2018માં કંપનીનો ચોખ્ખો નફો રૂ.424 કરોડનો, 2019માં રૂ.604 કરોડ, 2020માં રૂ.340 કરોડ અને 2021માં રૂ.843 કરોડનો નફો કર્યો છે. કંપનીની રોકડ સિલક 2018માં 53 કરોડની, 2019માં રૂ.98 કરોડની, 2020માં રૂ.121 કરોડની અને 2021માં રૂ.324 કરોડની સિલક હતી.

જૂન 2022માં પૂરા થયેલા 2022-23ના પહેલા ત્રિમાસિક ગાળાને અંતે એલ્યુમિનિયમ પ્રોડક્ટ્સના વોલ્યુમમાં 1577 ટનનો વધારો થયો છે. કંપનીની રોકડની આવકમાંથી 70 ટકા આવક તેણે બિઝનેસમાં જ નવેસરથી રોકી છે. રોકડની આવકમાંથી 10 ટકા તેના શેરહોલ્ડર્સને ડિવિડન્ડ તરીકે પરત કરી છે. 20 ટકા રોકડ પોતાની પાસે જાળવી રાખી છે. કંપનીએ તેની પેલેટની ક્ષમતા વધારવા માટે રૂ.349 કરોડનો મૂડીખર્ચ કર્યો છે. તેનું વેચાણ પણ 4.45 ટકા વધ્યું છે. શ્યામ મેટાલિક્સનો એક બીજો પ્લસ પોઈન્ટ એ છે કે તેનાં 80 ટકા ઉત્પાદનો તેના પ્રોડક્શન પ્લાન્ટ્સના 500 કિલોમીટરની રેન્જમાં જ વેચાઈ રહ્યાં છે. બિઝનેસ ટુ કન્ઝ્યુમરના સેગ્મેન્ટમાં ઓછામાં ઓછો સાતથી આઠ ટકાનો વધારો આવે તેવી ગણતરી કંપની મૂકી રહી છે. કંપની બેકવર્ડ ઇન્ટિગ્રેશનના ભાગરૂપે કોક ઓવનના પ્લાન્ટ માટે ગ્લાસ ફર્નેસનું એકમ બનાવી રહી છે.

ડિસેમ્બર 2021ની સ્થિતિએ કંપનીના સરવૈયામાં ચોખ્ખી રોકડ રૂ.926 કરોડની છે. ફેરો એલોય્ઝના ઉત્પાદનના ક્ષેત્રની ભારતની મોટામાં મોટી કંપની તરીકેનું સ્થાન ધરાવે છે. સ્ટીલની વેલ્યુ ચેઇનમાં ફાઇનલ પ્રોડક્ટ્સ પૂરી પાડવા કંપની સક્ષમ છે.

## ● શ્યામ મેટાલિક્સ કંપનીએ અમેરિકા, દક્ષિણ કોરિયા, ઇન્ડોનેશિયા, થાઈલેન્ડ, તાઈવાન, જાપાન, ન્યૂઝીલેન્ડ અને બ્રિટનમાં ફેરો એલોઝની નિકાસ કરે છે

ઉત્પાદન 10.01 લાખ મેટ્રિક ટન હતું તે 2018માં 14.56 લાખ મેટ્રિક ટન, 2019માં 18.82 લાખ મેટ્રિક ટન, 2020માં 21.44 લાખ મેટ્રિક ટન અને 2021માં 25.71 લાખ મેટ્રિક ટન થયું છે. 2022માં આ આંક વધુ ઉપર જવાની સંભાવના છે. નેપાળ અને બાંગ્લાદેશ સહિતના આંતરરાષ્ટ્રીય બજારમાં તેની પ્રોડક્ટ્સનું ખાસ્સું વેચાણ છે. ટીએમટી બાર બહારથી કડક અને અંદરથી સ્થિતિસ્થાપક નરમાઈ ધરાવતા હોવાથી તેની માર્કેટમાં ડિમાન્ડ સારી છે. મકાનો અને ઇન્ડસ્ટ્રીયલ શેડ્સ બનાવવા માટે તેનો ઉપયોગ થાય છે. કોરોના પછી બાંધકામ ઉદ્યોગમાં તેજીનો અણસાર આવવા માંડ્યો હોવાથી શ્યામ મેટાલિક્સની પ્રોડક્ટ્સની ડિમાન્ડ વધે તેવી સંભાવના છે.

કંપની પાવર જનરેશનમાં પણ છે. તેનું પાવર જનરેશન 2021માં 14.49 લાખ કિલોવોટનું હતું. 2020માં 12.44 લાખ કિલોવોટ, 2019માં 11.62 લાખ કિલોવોટ તથા 2018માં 10.53 લાખ કિલોવોટ અને 2017માં 7.89 લાખ કિલોવોટ વીજળી પેદા કરી રહી છે. કંપની પાસે અત્યારે 357 મેગાવોટની ઉત્પાદન ક્ષમતા છે. આ વીજળી કંપની પોતાના પ્લાન્ટ્સ માટે જ વાપરે છે. કંપનીની 90 ટકા પાવર ડિમાન્ડ તેનો પોતાનો જ પાવર પ્લાન્ટ્સ પૂરી કરે છે. તેથી હરીફો કરતાં તેને સસ્તી વીજળી મળે છે. આ તેને માટે બહુ જ મોટો એડવાન્ટેજ બની રહ્યો છે અને તેનું માર્જિન સુધારી રહ્યો છે.

શ્યામ મેટાલિક્સના ફેરો એલોય્ઝનો ઉપયોગ સ્ટેઇનલેસ સ્ટીલનાં વાસણ બનાવવા માટે પણ વપરાય છે. કંપની અમેરિકા, દક્ષિણ કોરિયા, ઇન્ડોનેશિયા, થાઇલેન્ડ, તાઇવાન, જાપાન, ન્યૂઝીલેન્ડ અને બ્રિટનમાં ફેરો એલોય્ઝની નિકાસ કરે છે. ભારતીય સ્ટીલ કંપનીઓની ચોક્કસ જરૂરિયાત પૂરી કરવા કંપની મેંગેનિઝ ઓર અને ક્રોમ ઓરમાંથી સિલિકો મેંગેનિઝ અને ફેરો ક્રોમ બનાવે છે. શ્યાય મેટલિક્સે એલ્યુમિનિયમ ફોઇલ રોલિંગ મિલમાં વર્ષે 40,000 મેટ્રિક ટન એલ્યુમિનિયમ ફોઇલ બનાવવાનો પ્લાન્ટ ચાલુ કરી દીધો છે. આ પ્લાન્ટ, ફાર્માસ્યૂટિકલ કંપનીઓની, એફએમસીજી-ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ કંપનીની તથા ઘરઘરમાં એલ્યુમિનિયમ ફોઇલની વધી રહેલી ડિમાન્ડને પૂરી કરવા માટે બનાવવામાં આવી રહી છે. કંપનીએ

### આદિત્ય બિરલા ફેશન રિટેઈલ લિમિટેડ

ફેશનનું પાવર હાઉસ ગણાતી આદિત્ય બિરલા ફેશન એન્ડ રિટેઇલ લિમિટેડ-એબીએફઆરએલના પોર્ટફોલિયોમાં 40થી વધુ મેન્સવેર અને વુમન્સ વેરની બ્રાન્ડ છે. દેશમાં 3200થી વધુ સ્ટોર્સ સાથે કનેક્ટ થયેલી કંપની છે. એથનિક વેર પણ તેની ખાસિયત છે. 25મી ઓક્ટોબરે તેના શેરનો બંધ ભાવ રૂ.337-338નો રહ્યો હતો. છેલ્લા બાવન અઠવાડિયા દરમિયાન તેણે રૂ.351.75નું મથાળું અને રૂ.221.30નું તળિયું જોયું છે. કંપનીનો પીઈ રેશિયો 94.74નો છે. કંપનીનો ડિવિડન્ડ રેકોર્ડ નથી. જૂન 2022માં પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં કંપનીની આવક રૂ.2773.95 કરોડની થઈ છે. તેમાં ચોખ્ખો નફો રૂ.123.59 કરોડનો થયો છે. જૂન 2021માં પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં કંપનીએ રૂ.335.22 કરોડની ખોટ કરી હતી. ત્યારબાદ સપ્ટેમ્બર 2021માં કંપનીએ રૂ.14.09 કરોડનો, ડિસેમ્બર 2021માં રૂ.190.76 કરોડનો, માર્ચ 2022માં 45.67 કરોડનો નફો કર્યો છે. આમ કંપની બહુ જ ઝડપથી યુ-ટર્ન લઈ રહી છે. આદિત્ય બિરલા ફેશને ગત અઠવાડિયે ત્રણ સ્ટાર્ટ અપ્સનો બહુમતી શેરહિસ્સો ખરીદવાનો નિર્ણય કર્યો છે. ફેશન અને લાઇફસ્ટાઇલમાં કંપની મોટામાં મોટો પોર્ટફોલિયો ઊભો કરવા માગે છે. તેમાં હૈદરાબાદ સ્થિત અર્બનો ફેશન, પ્રત્યય ઈ-કોમર્સ અને ઔસમફેબ શોપિંગનો સમાવેશ થાય છે, જે જિન્સ, ટી-શર્ટ્સ, શર્ટ્સ, ટ્રાઉઝર્સ, ટ્રેક પેન્ટ્સ, શોર્ટ્સ અને વિન્ટર વેરનું માર્કેટિંગ કરે છે. આદિત્ય બિરલા ફેશનના પ્રોડક્ટ

## ● આદિત્ય બિરલા ફેશને બહુ જ ટૂંકાગાળામાં લાઇફ સ્ટાઇલના સેગ્મેન્ટની ત્રણ-ત્રણ કંપનીઓમાં મોટો શેર હિસ્સો ખરીદી લીધો છે

પોર્ટફોલિયોમાં ટ્રેન્ડિંગ પ્રોડક્ટ્સનો ઉમેરો થશે. તેથી ફેશન પ્રેમીઓમાં તેનો ક્લાઉટ વધશે. તેમજ તેના 3.70 કરોડથી વધુ લોયલ કસ્ટમર્સની સંખ્યામાં પણ ઉમેરો થશે.

- કંપની માટે શાંતનું અને નિખિલ જેવા ટ્રેડિશન ડિઝાઇનર્સ, ઉપરાંત તરુણ તાહિલિયાની તથા ભારતના પ્રીમિયમ ડિઝાઇનર 'સવ્યસાચી' અને 'ની' જેવા ડિઝાઇનર્સ કામ કરે છે. સવ્યસાચી 1999થી આજ સુધી વિશ્વમાં યુનિક ડ્રેસ ડિઝાઇનર તરીકે જાણીતું નામ છે. તેની કંપની ભારતમાંથી ઊભરી આવેલું વિશ્વનું સૌ પ્રથમ લક્ઝરી હાઉસ છે. તેની સાથે લાઇફસ્ટાઇલના સેગ્મેન્ટની સંખ્યાબંધ કંપનીઓ જોડાયેલી છે. આદિત્ય બિરલા ફેશને 2021ની સાલમાં સવ્યસાચીની કંપનીના 51 ટકા શેર્સ રૂ.398 કરોડમાં ખરીદી લીધા હતા. આદિત્ય બિરલા ફેશનની વાન હ્યુસૈન ઇનરવેરની બ્રાન્ડ દુનિયાભરમાં નામ મેળવી રહી છે. કપડાં અને દાગીનાની ડિઝાઇન તથા તેને લગતી એસેસરીઝ તૈયાર કરવામાં તેનો જોટો જડવો મુશ્કેલ છે. 2020ની સાલમાં સવ્યસાચીની કંપનીએ રૂ.274 કરોડની આવક જનરેટ કરી હતી. 2021માં સવ્યસાચીએ દુબઈમાં તેનો જ્વેલરી સ્ટોર પણ ચાલુ કર્યો હતો. હિન્દી ફિલ્મ એક્ટ્રેસ અનુષ્કા શર્મા ને કૅટરીના કૈફ, મૌની રોય સહિત દેશ અને દુનિયાની સંખ્યાબંધ સેલિબ્રિટી તેમના વેડિંગ ડ્રેસ ડિઝાઇનર તરીકે સવ્યસાચીને જ પસંદ કરે છે. આદિત્ય બિરલા ફેશનના ઇન્ટરનેશનલ બિઝનેસમાં કેટલીક પ્રિમિયમ બ્રાન્ડ્સનો પણ સમાવેશ થાય છે. સવ્યસાચી ઉપરાંત ફેશન આઇકોન શાન્તનુ અને નિખિલ પણ આદિત્ય બિરલા ફેશનનો હિસ્સો જ છે. શાંતનુ અને નિખિલની ફાઇનેસ્સી ઇન્ટરનેશનલ ડિઝાઇન પ્રા.લિ.ના 51 ટકા શેર્સ આદિત્ય બિરલા ફેશને રૂ.60 કરોડમાં ખરીદી લીધા છે. જયપોરે એ આદિત્ય બિરલા ફેશનની એક બહુ જ જાણીતી એથનિક બ્રાન્ડ છે. હેન્ડિક્રાફટની પ્રોડક્ટ્સ તેની ખાસિયત છે. તેના ક્લાયન્ટ્સ વિશ્વભરમાં છે. ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને તે ઉજાગર કરે છે. તેના મેન્સવેરમાં કૂરતા, શટ્ર્સ, મુક્તસરી સેટ્સ, જેકેટ્સ, સ્લેક્સ, મંગલગિરી, ટસર સિલ્ક, લીનન, કોટનની પ્રોડક્ટ્સનો સમાવેશ થાય છે. પુનિત ચાવલા અને શિલ્પા શર્માએ લોન્ચ કરેલી એથનિક એપરલની આ બ્રાન્ડને પણ 2019માં આદિત્ય બિરલા ફેશને રૂ.110 કરોડમાં હસ્તગત કરી લીધી છે. જયપોરે બ્રાન્ડ વિશ્વના 60 દેશોમાં વિસ્તરેલી છે. તરુણ તાહિલિયાનીનો ડિઝાઇન સ્ટુડિયો પણ પ્રાચીન ડ્રેસ ડિઝાઇનિંગ અને મોડર્ન ડ્રેસનું કુશળતા પૂર્વકનું કોમ્બિનેશન તૈયાર કરે છે. ઐતિહાસિક લક્ઝરી અને કોન્ટેમ્પોરરી સ્ટાઇલનું યુનિક કોમ્બિનેશન તેમની ડ્રેસ ડિઝાઇનમાં જોવા મળે છે, જે મોર્ડન વુમનને કોન્ટેમ્પરરી સ્ટાઇલમાં રિફલેક્ટ કરે છે. આદિત્ય બિરલા ફેશને 2021માં તરુણ તાહિલિયાનીની કંપનીના 33.5 ટકા શેર્સ રૂ.67 કરોડમાં ખરીદી લીધા છે. આગામી વર્ષોમાં આ સ્ટેક વધીને 51 ટકા સુધી પહોંચી જશે. તરુણ તાહિલિયાનીની બ્રાન્ડ આદિત્ય બિરલા ફેશનને આગામી પાંચ વર્ષમાં રૂ.500 કરોડનો બિઝનેસ અપાવશે. દેશના 250 વિસ્તારોમાં તેના સ્ટોર્સ મોજૂદ છે. આદિત્ય બિરલા ફેશનની લાઇફસ્ટાઇલ બ્રાન્ડ્સમાં એલન સોલી, લૂઇ ફિલિપ્સ, પીટર ઈંગ્લેન્ડ, સિમોન કાર્ટર, વાન હ્યુસૈનનો સમાવેશ થાય છે. લાઇફસ્ટાઇલ બ્રાન્ડ્સમાં કરેલા ઇન્વેસ્ટમેન્ટમાંથી આદિત્ય બિરલા ફેશનને ઘણી મોટી રેવન્યુ જનરેટ થવા માંડી છે. પીટર ઈંગ્લેન્ડ કિડ્સ વેરમાં પણ આવી રહી છે. વેલ્યુ કોન્શિયસ કસ્ટમર્સને પણ ધ્યાનમાં રાખીને ડેવલપ કરવામાં આવેલા કિડ્સ વેર એપરલ ઇન્ડસ્ટ્રીમાં 12 ટકા માર્કેટ શેર ધરાવે છે. વર્ષે 5.9 ટકાના કોમ્પ્રિહેન્સિવ એન્યુઅલ ગ્રોથરેટથી તેમાં વધારો થઈ રહ્યો છે. આદિત્ય બિરલા ફેશનનું ડિજિટલ કોમર્સનું પ્લેટફોર્મ પણ ધૂમ મચાવી રહ્યું છે. તેના ઓનલાઇન બિઝનેસમાં એક જ વર્ષમાં 2.5 ગણો વધારો થઈ ગયો છે. આદિત્ય બિરલાની ફેશન તેની દરેક બ્રાન્ડનું ફલક વિસ્તારી રહી છે. આદિત્ય બિરલા ફેશનની પેન્ટાલૂન્સ બ્રાન્ડ પણ બહુ જ સારું પરફોર્મ કરી રહી છે. રિબોક ઇન્ડિયા પણ તેવી જ એક પરફોર્મિંગ બ્રાન્ડ બની ચૂકી છે. રિબોકના ભારતમાં 180 આઉટલેટ્સ છે. તેનું વાર્ષિક વેચાણ રૂ.429 કરોડનું છે. સ્પોર્ટ્સ વેરનું સેગ્મેન્ટ પણ બહુ જ ઝડપથી વિકસી રહેલું સેગ્મેન્ટ છે. આદિત્ય બિરલા ફેશને સ્પોર્ટ્સ વેરમાં પણ એન્ટ્રી લઈ લીધી છે. તેનું માર્કેટ 2024 સુધીમાં વધીને 1300 કરોડ ડૉલરને વટાવી જવાની સંભાવના છે.

આદિત્ય બિરલા ફેશનના મેન્સ એન્ડ વુમન્સ ઇનરવેરના બિઝનેસમાં વાર્ષિક 45થી 50 ટકાના દરે વધારો થતો રહેવાનો અંદાજ છે. એથનિક વેરની ઇન્ડસ્ટ્રી પણ કાઠું કાઢી રહી છે. એથનિક વેરનો બિઝનેસ 2023ના અંત સુધીમાં રૂ.1.70 લાખ કરોડને આંબી જાય તેવી સંભાવના દેખાઈ રહી





## ● દર્દીઓ માટે વપરાતી જુદી-જુદી સંખ્યાબંધ બ્રાન્ડની દવાઓ બનાવતી કંપનીઓ ડિવિઝ લેબોરેટરી પાસે બલ્ક ડ્રગ્સની ખરીદી કરે છે

છે. દરેક સેગ્મેન્ટમાં કંપનીના આઉટલેટ્સ વધી રહ્યા છે. તેનાથી બિઝનેસ પણ વધશે. વેડિંગ વેરનો ટ્રેન્ડ પણ જોર પકડી રહ્યો છે. નવા આઉટલેટ્સ વિકસાવવાની દિશામાં કંપની સક્રિય છે. આદિત્ય બિરલા ફેશન બ્રાન્ડ્સનું પાવર હાઉસ છે. તેની પાસે આજે 45થી વધુ બ્રાન્ડનો પોર્ટફોલિયો છે. ભારતના રિટેઇલ માર્કેટનો આદિત્ય બિરલા ફેશન સૌથી મજબૂત ખેલાડી છે. કંપનીની આવક સતત વધી રહી છે. કંપનીનું દેવું સતત ઘટી રહ્યું છે. 2021-22ના નાણાકીય વર્ષના અંતે કંપનીની કુલ આવક રૂ.82000 કરોડથી વધુની હતી. કંપનીનો સરેરાશ વાર્ષિક વિકાસદર 3.4 ટકાનો રહ્યો છે. તેની અસર કંપનીના શેરના ભાવ પર પણ જોવા મળશે.

### ડિવિઝ લેબોરેટરી લિમિટેડ

ડિવિઝ લેબોરેટરી લિમિટેડ ઊંચું વોલ્યુમ ધરાવતા જેનરિક એક્ટિવ ફાર્માસ્યૂટિકલ્સ ઇન્ગ્રેડિયન્ટ્સના સેગ્મેન્ટની મોખરાની કંપની છે. ડિવિઝ લેબોરેટરી દેવામુક્ત કંપની છે. એક્ટિવ ફાર્માસ્યૂટિકલ્સ ઇન્ગ્રેડિયન્ટ્સ ઉપરાંત ન્યૂટ્રાસ્યૂટિકલ્સના સેક્ટરમાં પણ વિશ્વના 100 દેશોમાં બેસ્ટ ક્વોલિટી પ્રોડક્ટ્સ સપ્લાય કરે છે. એક્ટિવ ફાર્માસ્યૂટિકલ્સ ઇન્ગ્રેડિયન્ટ્સ દર્દીઓના વપરાશ માટે બનાવવામાં આવતી દવા માટેનો કાચો માલ છે. મોટી-મોટી ફાર્મા કંપનીઓને ડિવિઝ લેબોરેટરીઝ એપીઆઇ-એક્ટિવ ફાર્માસ્યૂટિકલ્સ ઇન્ગ્રેડિયન્ટ્સ સપ્લાય કરે છે. વિવિધ બીમારીઓની સારવારમાં ઉપયોગી 160 જેટલા એપીઆઇ તેની પાસે છે. અમેરિકા, સ્વિટ્ઝર્લેન્ડમાં, હૈદરાબાદમાં પણ તેનું યુનિટ છે. એપીઆઇના વેચાણમાં 1 અબજ ડૉલરના લેવલને પાર કરનારી સંભવતઃ પહેલી કંપની છે. વિશાખાપટ્ટનમ નજીક માત્ર એક્સપોર્ટ કરતું એપીઆઇ ઉત્પાદન સેન્ટર પણ ધરાવે છે. કંપનીના કુલ આવકમાંથી 44 ટકા આવક ઉત્તર અમેરિકાના દેશોમાંથી, 33 ટકા યુરોપના દેશોમાંથી એશિયાના દેશોમાંથી 9 ટકા, ભારતમાંથી 10 ટકા અને વિશ્વના બાકી દેશોમાંથી 4 ટકા આવક કરે છે. ડિવિઝ લેબોરેટરી પાસે 10થી વધુ જેનરિક દવાઓના એપીઆઇ છે. કંપનીની 30 એપીઆઇ એવી છે કે જેનું ઉત્પાદન વર્ષે 10, 100 કે પછી 1000 ટનના જથ્થામાં કરવામાં આવે છે. 18થી 30 મોલેક્યુલ્સ ધરાવતા વિશ્વના ટોચના બે એપીઆઇનું ઉત્પાદન ડિવિઝ લેબોરેટરી કરે છે. કંપની પાર્કિન્સન્સ માટે બેન્સેરેઝાઇડ, એપીલેપ્સીની સારવાર માટે બ્રાઇવારેસેટામ, એન્ટિ કોગ્યુલન્ટ તરીકે રિવારોક્સાબાન અને ડેબિગાટ્રાન એન્ટિવાઇરલ નિર્માત્રેલવીર, એન્ટિ હાઇપરટેન્શન માટે લોસારતન, બ્લેડર વધુ પડતું કામ કરતું હોવાથી તેને અંકુશમાં રાખવા મિરાબેગ્રોન, ડાયાબિટીસ માટે વિલડાગ્લિપ્ટિન ડેવલપ કરી રહી છે.

ડિવિઝ લેબોરેટરી દેશની છથી દસ મોટી ફાર્મા કંપનીઓ સાથે સારામાં સારા બિઝનેસ સંપર્ક ધરાવે છે. એપીઆઇના ઉત્પાદનની પ્રક્રિયામાં પેદા થતા અત્યંત જોખમી દૂષિત કચરાનો નિકાલ કરવાને ડિવિઝ લેબોરેટરી સક્ષમ છે. તેની પાસે 500થી વધુ સાયન્ટિસ્ટની ટીમ છે. તેઓ સતત નવાં નવાં સંશોધન કર્યા જ કરે છે. તેમની મદદથી કંપની બજારમાં સ્પર્ધા કરવામાં એડવાન્ટેજ મળે છે. ડિવિઝ લેબોરેટરીના પ્રોડક્શન યુનિટ્સની સફળ ચકાસણી અમેરિકાના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને વારંવાર કરીને પ્રમાણિત કરી છે. જાપાનની હેલ્થ ઓથોરિટીએ પણ તેમના પ્લાન્ટની ગુણવત્તાની ચકાસણી કરેલી છે. ન્યુટ્રાસ્યૂટિકલ્સના બિઝનેસ પર પણ ડિવિઝ લેબોરેટરીનું સારું વર્ચસ્વ છે. કંપનીના ન્યુટ્રાસ્યૂટિકલ્સના મેન્યુફેક્ચરિંગનાં એકમોની પણ યુ.એસ. એફ.ડી.એ.ના અધિકારીઓ દ્વારા નિયમિત ચકાસણી કરવામાં આવી છે. ન્યુટ્રાસ્યૂટિકલ્સનો કંપનીનો પોર્ટફોલિયો પણ ખાસ્સો મોટો છે. છ અલગ-અલગ મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ ધરાવતી ડિવિઝ લેબોરેટરીઝની હેડ ઓફિસ હૈદરાબાદમાં આવેલી છે. 2017ની સાલથી અત્યાર સુધી એકાદ અપવાદને બાદ કરતાં કંપનીની આવકમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. 2017માં કંપનીનું વેચાણ રૂ.4064 કરોડ, 2018માં રૂ.3891 કરોડ, 2019માં રૂ.4946 કરોડ, 2020માં રૂ.6969 કરોડ અને 2021માં કુલ આવક રૂ.8960 કરોડની વેચાણની આવક થઈ હતી. કંપનીનો ચોખ્ખો નફો પણ સતત વધી રહ્યો છે. 2017-18માં ચોખ્ખો નફો રૂ.1060 કરોડ, 2018-19માં ચોખ્ખો નફો રૂ. 877 કરોડ, 2019-20માં ચોખ્ખો નફો રૂ. 1353 કરોડ, 2020-21માં ચોખ્ખો નફો 1984 કરોડ અને 2021-22માં ચોખ્ખો નફો રૂ.2960 કરોડનો થયો હતો. 2021-22ના વર્ષમાં આવકમાં 31 ટકાનો વધારો થયો છે. 2022-23ના વર્ષમાં કંપનીના ચોખ્ખા નફામાં હજીય વધારો થવાની ધારણા છે. 2022-23ના પહેલા ત્રિમાસિક ગાળાને અંતે એટલે કે જૂન 2022ના અંતે કંપનીની આવક 15 ટકાના વધાર સાથે રૂ.2254.5 કરોડની થઈ છે. આ ગાળામાં કંપનીના માર્જિન 5.9 ટકા જેટલા ઘટ્યા છે. માર્જિન 37.55 ટકાની સપાટીએ આવી ગયા છે. માર્ચ 2022ની સ્થિતિએ કંપનીની કેશબુક રૂ.2804 કરોડની હતી. કંપનીને બીજી રૂ.2570 કરોડની આવક થવાની હતી. કંપની પાસે રૂ.2644 કરોડનો તૈયાર માલ ગોદામમાં પડ્યો છે. કંપનીએ કામકાજ વધારવા માટે રૂ.470 કરોડનું નવું મૂડીરોકાણ કરવાનું ચાલુ કરી દીધું છે.

ડિવિઝ લેબોરેટરીને માથે કોઈ જ દેવું નથી. રોકડની રેલમછેલ ધરાવતી આ કંપની છે. માર્ચ 2022ની સ્થિતિએ કંપની પાસે રૂ.3000 કરોડની રોકડ હતી. વિશ્વના 100 દેશોમાં તેની પાસે વફાદાર ક્લાયન્ટ્સનો બેઝ છે. કંપનીએ શેરદીઠ રૂ.30નું ડિવિડન્ડ આપવાની જાહેરાત કરી છે. છતાંય તેની પાસે રૂ.2000 કરોડની રોકડ મોજૂદ છે. 2023-25ના બે વર્ષના ગાળામાં પેટન્ટ પૂરી થતી હોય તેવી ઓફ પેટન્ટ દવા માટેના એપીઆઇ તૈયાર કરીને મોટી કમાણી કરવાનું આયોજન કંપનીએ કર્યું છે. ડિવિઝ લેબોરેટરીઝ એ લાંબી રેસનો મજબૂત ઘોડો છે.

# રૂપિયામાં નિકાસના પેમેન્ટ સેટલ કરનારાઓને ડ્યૂટીમાં રાહત મળશે

## ● ડૉલરના મહત્ત્વને ખતમ કરીને તેની અફરાતફરીથી ભારતના ફૉરેક્સ રિઝર્વના મૂલ્યમાં આવતી વધઘટ પર નિયંત્રણ લવાશે

રશિયા જેવા દેશો સાથેના વેપારને વેગ મળે તે માટે ભારત સરકાર નિકાસકારો રૂપિયાના ચલણમાં તેમના વિદેશના પેમેન્ટ્સ સેટલ કરશે તો તેમને ડ્યૂટીમાં રાહત આપવા સહિતનાં અલગ-અલગ પ્રોત્સાહનો આપે તેવી સંભાવના છે. તેમ કરવાથી વિશ્વ વેપાર માટેની ડૉલરની ડિમાન્ડ ઘટી જશે. ડિમાન્ડ ઘટતાં તેનું મૂલ્ય પણ ખતમ થશે. રશિયા સાથે રૂબલમાં આર્થિક વહેવાર કરવાનું આયોજન અમલમાં મુકાઈ રહ્યું છે. અત્યારે વિશ્વનો 80 ટકા વેપાર ડૉલરની કરન્સીમાં ચાલે છે. કસ્ટમ્સ એક્ટના જાણકાર એડ્વોકેટ મનીષ જૈન કહે છે કે, ભારતની બેન્ક રશિયા અને ઈરાન સામે અમેરિકાએ સેન્ક્શન લાગુ કર્યા છે. આ આર્થિક નાકાબંધીમાંથી બહાર આવવા માટે રશિયા અને ઈરાને પોતાની કરન્સીમાં વેપાર ચાલુ કર્યો છે. ઈરાન ભારતમાંથી કોઈ વસ્તુની ખરીદી કરે તો તેને માટે તે ભારતીય રૂપિયાના ચલણમાં નાણાં ચૂકવશે. આ માટે ભારતની બેન્કમાં ઈરાન એક વોસ્ટ્રો એકાઉન્ટ ખોલશે. તેને જ્યારે પણ ભારતમાંથી કરેલી આયાતનાં નાણાં ચૂકવવાનાં આવશે ત્યારે આ એકાઉન્ટના માધ્યમથી ભારતની બેન્કના વોસ્ટ્રો એકાઉન્ટમાં જમા કરાવી દેશે. આ ચુકવણી ભારતીય રૂપિયાના સ્વરૂપમાં થશે. તેવી જ રીતે ભારત ઈરાનથી કોઈ વસ્તુની ખરીદી કરીને આયાત કરશે તો તેને માટે ભારતે ઈરાનના વોસ્ટ્રો એકાઉન્ટમાં તોમાન જમા કરાવવા પડશે. આમ બંને દેશના આયાત અને નિકાસકારોના પેમેન્ટ આ એકાઉન્ટના માધ્યમથી થયા કરશે. રશિયા, ઈરાન અને ભારત જ નહીં, વિશ્વના ઘણા દેશો આ રીતે વેપાર કરવા ઉત્સુક બન્યા છે. તેની અસરનો અંદાજ આપતા કસ્ટમ્સ એક્ટના જાણકાર એડ્વોકેટ મનીષ જૈન કહે છે કે, "અમેરિકી ડૉલરની ડિમાન્ડ તૂટી જશે. અમેરિકી ડૉલર સામે અન્ય કરન્સીના ભાવની વધઘટ ઓછી થઈ જશે. રૂપિયાના માધ્યમથી જ નિકાસ કરેલી વસ્તુનું પેમેન્ટ મેળવવાની વ્યવસ્થાને પરિણામે હૂંડિયામણ બજારમાં ભારતીય રૂપિયાને પણ ખાસ્સું રેકગ્નિશન મળશે. આમ જે દેશ સાથે વેપાર થતો હોય તેના ચલણમાં જ આર્થિક લેવડદેવડ થાય તો વધુ ને વધુ દેશમાં રૂપિયાને વૈશ્વિક ચલણ તરીકે માન્યતા મળતી થશે."



ગલ્ફ કન્ટ્રીના ચલણમાં જ ભારત સરકારના માધ્યમથી પેમેન્ટ કરવામાં આવે તેવી વ્યવસ્થા દાખલ કરવાનું આયોજન અમલમાં આવશે તો માત્ર ડૉલર જ નહીં, પાઉન્ડ અને યુરો જેવાં ચલણોનું મહત્ત્વ પણ ઘટી જશે. હૂંડિયામણ બજાર પરની ડૉલરની ઈજારાશાહી પણ ખતમ થશે. અત્યારે વિદેશમાંથી થતી આયાત માટેના પેમેન્ટ્સ અમેરિકી ડોલર, બ્રિટિશ પાઉન્ડ, યુરો કે પછી યેનનાં ચલણમાં કરવામાં આવી રહ્યા છે. વિદેશી ચલણને બદલે ભારતીય રૂપિયામાં પેમેન્ટ્સ કરવામાં આવે તો જ નિકાસકારોને ડ્યૂટી ડ્રો બેક, એક્સપોર્ટ પ્રમોશન ક્રેડિટ ગેરન્ટી-ઈપીસીજી તથા ડ્યૂટી અને વેરા પર વળતર આપવામાં આવે છે. આ લાભમાં વધારો કરી આપવાનું સરકાર વિચારી રહી છે. કેમિક્સિલના ગુજરાત રિજિયનના પ્રમુખ ભૂપેન્દ્ર પટેલ કહે છે, આ નવી વ્યવસ્થા ત્યારે જ લાભદાયી પુરવાર થાય જ્યારે નિકાસ કરવા માટે બનાવવામાં આવતા ફિનિશ્ડ પ્રોડક્ટ્સ માટેના રૉ-મટિરિયલ સ્થાનિક સ્તરે જ મળી જતાં હોય. અન્યથા રૉ-મટિરિયલ-કાચા માલની આયાત કરવા માટે ડૉલરના ચલણમાં પેમેન્ટ કરવું પડે અને નિકાસ કરેલા માલનું પેમેન્ટ રૂપિયામાં આવે તો આખો વેપારમાં ગરબડ થઈ જવાની સંભાવના રહેલી છે.

રોડટેપ-રેમિશન ઑફ ડ્યૂટીઝ એન્ડ ટેક્સ એક્સપોર્ટ પ્રોડક્ટ્સ અને આરઓએસસીએલટી-રિબેટ ઓફ સેન્ટ્રલ ટેક્સિસ એન્ડ લેવીઝ ઓન એક્સપોર્ટ ઓફ ગારમેન્ટની યોજના હેઠળ નિકાસકારોને રાહત આપવામાં આવે છે. કેન્દ્ર સરકારનું નાણાં મંત્રાલય આ દરખાસ્તને મંજૂરી આપે ત્યારબાદ ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ આ અંગેનો પરિપત્ર બહાર પાડે તેવી સંભાવના છે. નાણાખાતું આ આયોજનને મંજૂરીની મહોર મારે તે પછી ફોરેન ટ્રેડ પોલિસીમાં પણ સુધારો કરવામાં આવશે. આ સુધારો થયા પછી નિકાસકારો રૂપિયાના ચલણમાં તેમના આયાતના વેપારપેટે ચૂકવવાનાં નાણાંનું સેટલમેન્ટ કરે તો તેમને વિશેષ લાભ આપવામાં આવશે. આ પેમેન્ટ જે-તે દેશની કરન્સીમાં ડોલરનો ઉપયોગ કર્યા વિના જ ભારત સરકારના માધ્યમથી જે-તે દેશના ચલણમાં જ કરવામાં આવે તેવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

રશિયામાં કરવામાં આવેલી નિકાસનાં નાણાં ભારતીય રૂપિયામાં જ ચૂકવાય તે માટે રશિયાની ગાઝપ્રોમ બેન્કે સ્પેશિયલ રૂપી એકાઉન્ટ ચાલુ કરી દીધું છે. ભારત સરકારની માલિકીની યુકો બેન્કમાં આ એકાઉન્ટ ખોલાવી દીધું છે. અગાઉ જુલાઈ 2022માં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ આંતરરાષ્ટ્રીય વેપાર માટે રૂપી સેટલમેન્ટ સ્કીમ દાખલ કરી હતી. આ વ્યવસ્થા ચાલુ કરવા માટે દરેક બેન્કે રિઝર્વ બેન્ક પાસેથી મંજૂરી લેવી પડશે. આ સ્કીમ હેઠળ આયાતકાર અને નિકાસકારે સ્પેશિયલ વોસ્ટ્રો એકાઉન્ટનો ઉપયોગ કરવાનો રહેશે. આ એકાઉન્ટ જે દેશમાં નિકાસ કરવામાં આવી હશે તે બેન્કની જે-તે બેન્ક સાથે જોડાયેલું હોવું જોઈએ. જે-તે દેશમાંથી રૂપિયાના મૂલ્યમાં તેનું પેમેન્ટ મેળવવામાં આવશે.




# ટિપ્સ આપો, ભોળા રોકાણકારોને આકર્ષો ને તગડી કમાણી કરો

### ● સોશિયલ મીડિયા પર ટિપ્સ આપવાનો ખેલ કંઈ જ નહીં, પણ ‘આ જા ફસા જા’ નો ખેલ છે

નાણાકીય બાબતોમાં એડવાઇઝ આપીને આપની નાણાકીય બાબતો અંગેના નિર્ણય લેવા પર પ્રભાવ પાડનારાઓની દુકાન ચાલી પડી છે. તેઓ સ્ટોક્સ અંગે ટિપ્સ પણ આપે છે. પાત્રતા હોય કે ન હોય એડવાઇઝ આપવાનો રીતસરનો બિઝનેસ શેરબજારમાં ચાલી પડ્યો છે. આ માત્ર ગુજરાતની વાત નથી. મુંબઈ હોય કે મહારાષ્ટ્ર હોય કે પછી મણિપુર હોય બધે જ શેર્સમાં રોકાણ કરવાની ટિપ્સ આપીને મોટી કમાણી આપવાની લાલચ આપીને ભોળા ઇન્વેસ્ટર્સને રોકાણ કરવા આકર્ષીને ખંખેરી લેવાના કીમિયા અજમાવતા ફરે છે. તેમને ફાઇનાન્શિયલ ઇન્ફ્લુએન્સર એટલે કે નાણાકીય રોકાણ કરવાના રોકાણકારોના નિર્ણય પર પ્રભાવ પાડનારા તરીકે ઓળખાવવામાં આવે છે. તેઓ ટેલિગ્રામ, વોટ્સએપ પર કે પછી ફેસબુક પર કોઈપણ સ્ક્રિપમાં મોટો ઊછાળો આવવાની વાતને વહેતી મૂકી દે છે. મ્યુચ્યૂઅલ ફંડની ચોક્કસ સ્કીમમાં રોકાણ કરવાની રજૂઆતો કરતાં ફરે છે. ટેલિગ્રામ, ટ્વિટર, ફેસબુક કે વોટ્સએપના ગ્રૂપમાં તે વાત પકડાઈ જાય છે. તેમાંય ટેલિગ્રામનો સૌથી વધુ ઉપયોગ કરાય છે. તેને કારણે એકસામટા મોટા ગ્રૂપ ટેલિગ્રામમાં બનાવી શકાય છે. ક્રેડિટ રેટિંગ એજન્સીના માફક જ આ પણ સ્ક્રિપને, મ્યુચ્યૂઅલ ફંડના યુનિટ્સના ભાવ ઊંચકવા માટે કરાતું હોવાનું સેબીના ધ્યાનમાં આવ્યું છે.

ફાઇનાન્શિયલ ઇન્ફ્લુએન્સર-એટલે કે આપના નાણાકીય બાબતો અંગેના નિર્ણય લેવા પર પ્રભાવ પડે તેવી રજૂઆતો કરનારાથી વધુ પ્રભાવિત થાય છે. આજના યુવાનો કંપનીના ફંડામેન્ટલ્સને બદલે ટિપ્સને આધારે રોકાણ કરવામાં વધુ માનતા થયા છે. તેમને ઝડપી કમાણીની લાલચ છે. આ લાલચ તેમને કેટલીકવાર બરબાદીના પથ પર ધકેલી દે છે. વોરેન બફેટ કહી ગયા છે તેમ ઇનસાઇડર ટ્રેડિંગ કરવાની કામગીરી સાથે સંકળાયેલા મોટા ખેલાડીઓ પોતાની માલિકીની કંપનીના શેરમાં પોતાના પૈસા પણ લગાડે છે. ત્યારબાદ તેમાં ટિપ્સ કે એડ્વાઇઝરી બહાર પાડવાના ખેલ કરાવીને સ્ક્રિપ્સ અને યુનિટ્સના ભાવમાં મેન્યુપ્યુલેશન એટલે કે મોટી ઊથલપાથલ કરાવે છે. તેમાં સેબી રજિસ્ટર્ડ એનાલિસ્ટ પણ આવી જ જાય છે. સ્ટોક માર્કેટના જાણકાર પોતાનું નામ ન આપવાની શરતે જણાવે છે, “સેબી રજિસ્ટર્ડ એનાલિસ્ટ તરીકેનું પ્રમાણપત્ર આપી દેવું પૂરતું નથી. તેમનું સ્ટ્રિક્ટ મોનિટરિંગ પણ એટલું જ જરૂરી છે.”



**નિકુલ શાહ**
સેબી રજિસ્ટર્ડ એનાલિસ્ટ

સેબી રજિસ્ટર્ડ એનાલિસ્ટ નિકુલ શાહ કહે છે, “સેબી રજિસ્ટર્ડ એનાલિસ્ટ જે સ્ક્રિપમાં સોદા કરે તેના 45 દિવસ પહેલાં અને તે પછીના 45 દિવસ સુધી તે ટિપ આપનારા કે પછી તેનાં સગાં ટ્રેડિંગ કરી શકતા નથી. બીજું, સ્ટોક એનાલિસ્ટે જે સ્ક્રિપની ખરીદી કરી હોય તો તે સ્ક્રિપનું વેચાણ કરવાની એડવાઈઝ તે કોઈપણ રોકાણકારને આપી ન શકે. તેના એક્શનથી વિપરીત એક્શનની કોઈને એડવાઈઝ આપી ન શકે. ઇક્વિટી, ઓપ્શન્સ, ફ્યુચર્સ, એમસીએક્સ કે કરન્સી બજારમાં તે હું કરી શકતો નથી. આ નિયમનું પાલન ન કરવા માટે લાઈસન્સ રદ કરવાથી માંડીને જેલ સુધીની સજા કરવામાં આવે છે.”

છતાં બ્રોકરેજ હાઉસ વતીથી પણ કેટલાક લોકો ટ્વિટર, ટેલિગ્રામ, વોટ્સ અપ અને ફેસબુકના માધ્યમનો ઉપયોગ કરીને ટિપ્સ આપી રોકાણકારોને આકર્ષવાનો પ્રયાસ કરે છે. રોકાણકારો સમજે કે ન સમજે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા-સેબી સમજી ગયું છે કે શેરદલાલો અને મોટા બ્રોકરો સાથે જ સંકળાયેલા કેટલાક લોકો વોટ્સ અપ અને ફેસબુક પર ગ્રુપમાં શેરબજારમાં રોકાણ કરવા માટેની ટિપ્સ આપતા જોવા મળે છે. અત્યારે તો સેબીમાં રજિસ્ટર્ડ કોઈ હોય તેની સાથે સાથે એટલે કે તેની અન્ડર કામ કરતાં



હોવાને નામે પણ કેટલાક લોકો પહેલા પોતાનું અને ત્યારબાદ લાઈસન્સ ધરાવનારાઓનું નામ લખીને પછી ટિપ્સ આપવાનું કામ કરે છે. તેમ જ સેબી તરફથી તેમને કોઈ નોટિસ મળે તો ત્યારબાદ તેઓ તે કામ કરવાનું બંધ કરી દઈને પણ સેબીના આકરાં પગલાંથી બચી જાય છે.

ટિપ્સ આપીને સ્ટોકના પ્રાઈસમાં મોટું રેગિંગ કરવાની ઘટનાઓ બહુ જ નોર્મલ થઈ ગઈ છે. સરક્યુલર ટ્રેડિંગ પણ આ જ પ્રકારનો એક કિસ્સો છે. તેમાં એક જ સ્ક્રિપને 25થી 50 કે તેનાથી મોટા ગ્રુપમાં વારંવાર ખરીદીને વેચવાની કામ કરવામાં આવે છે. દરેક તબક્કે તે ઊંચા ભાવે વેચવામાં આવે છે. આ રીતે તેઓ રૂ. 5ના મૂલ્યના શેરનો ભાવ રૂ. 500 કે 1000 કે 1500થી પણ ઉપર લઈ જાય છે. પેની સ્ટોકમાં આ રીતે ભાવ વધવા માંડે ત્યારે સોશિયલ મિડીયા પર પણ તેની ટિપ્સ વહેતી મૂકી દેવામાં આવે છે. તેથી નવાસવા અને ઝડપથી કમાણી કરવાની ઈચ્છા ધરાવનારાઓ પણ તેમાં રોકાણ કરે છે. આરંભમાં તેમણે કરેલા રોકાણનો ભાવ વધતા જોઈને હરખાય છે. પોતાની સમૃદ્ધિના સપનાં જોવા માંડે છે. પરંતુ રૂ. 1500ની સપાટીએ પહોંચ્યા પછી પ્રાઈઝ મેન્યુપ્લશન કરનારાઓ એકાએક વેચવાલી કાઢે છે. આ વેચવાલીને કારણે સ્ક્રિપના ભાવ તૂટવાના ચાલુ થાય છે. તેમાં 1000 કે 1200ના ભાવે રોકાણ કરનારાઓ સમજે ત્યાં સુધીમાં તો તે સ્ક્રિપનો ભાવ રૂ. 600થી 800 સુધી નીચે  આવી જાય છે. ત્યારબાદ તે શેરના ભાવ વધશે તેવી આશા રાખીને બેસનારાઓને વરસો સુધી તે ભાવ જોવા મળતો નથી. તેમ જ કેટલાક કેસમાં તો ફરી રૂ. 5 કે તેનાથીય નીચે ભાવ આવી જાય છે અને તેમાં રોકાણ કરીને કમાવાની લાલસા રાખનારાઓ કાયમને માટે ધોવાઈ જાય છે.

સોશિયલ મિડિયા પર ટિપ્સ આપનારાઓની જમાત રોજબરોજ મોટી થઈ રહી હોવાથી સોશિયલ મિડિયા પર સક્રિય શેર બજાર અંગે ટિપ્સ આપનારાઓને અંકુશમાં લેવા સેબી સક્રિય બની રહ્યું છે. સોશિયલ મિડિયામાં લોકોને જરાક રસ પડે અને થોડા દિવસોમાં તેમના હજારો કે લાખો ફોલોઅર્સ બની જાય છે. તેથી તેમની ટિપ્સની અસર શેર્સના ભાવ પર પડે છે. મ્યુચ્યૂઅલ ફંડના માધ્યમથી ઓફર કરેલા યુનિટ્સના ભાવ પર પણ તેની અસર પડે છે. આમ ટિપ્સ આપનારા તેનો એડવાન્ટેજ લે છે. સિક્યોરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ટેલિગ્રામ, વોટ્સઅપ, ફેસબુક કે ઈસ્ટાગ્રામ પર તો નિયંત્રણ લાવી શકતું નથી. તેથી તેણે ટિપ્સ કે શેર્સમાં ઈન્વેસ્ટ કરવા માટેની ભલામણ કરવામાં રોકાણકારોનું અહિત ન થાય તે રીતે સેબી દ્વારા તૈયાર કરવામાં આવેલા નિયમોમાં સુધારો કરી લેવાનું નક્કી કર્યું છે.

## ● ડિજિટલ મિડીયાને અંકુશમાં લાવવા માટેનો કાયદો તૈયાર કરીને તેમાં ટિપ્સ આપનારા કે ફાઈનાન્શિયલ એડવાઈઝ આપનારાઓને સમાવી લઈને તેમને કાયદાના દાયરામાં લાવી જવાબદારી ઊભી કરી શકાય

અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના અધિકારનો ભંગ ન થાય તે રીતે સોશિયલ મિડિયા પર ઈન્વેસ્ટમેન્ટની ટિપ્સ આપનારાઓને કાબૂમાં લેવા માટે નિયમો તૈયાર કરવામાં આવશે. તેને માટે નિયંત્રણો તૈયાર કરવામાં આવશે. જોકે અત્યારે કોઈ નિયમ નથી તેવું તો નથી જ નથી. ફાઈનાન્શિયલ બાબતોમાં એડવાઈઝ કે સલાહ આપનારે સેબીમાં રજિસ્ટ્રેશન કરાવેલું હોવું જરૂરી છે. સેબીમાં રજિસ્ટ્રેશન ન ધરાવનારાઓ આ રીતે એડવાઈઝ આપી શકતા નથી. તેમણે સેબીએ આ માટે તૈયાર કરેલા



**કિરણ શાહ**
સ્ટોક માર્કેટના ઈન્વેસ્ટર

નિયમોનું પાલન પણ કરવું જરૂરી છે. નિયમનું પાલન ન કરનારાઓનું લાઈસન્સ સેબી રદ કરી શકે છે.

સોશિયલ મિડીયા પર ટિપ્સ આપવાનો ખેલ કંઈ જ નહીં, પણ આ જા ફસા જાનો ખેલ છે. તેથી જ આ ખેલ કરીને ભોળા ઈન્વેસ્ટર્સને ખંખેરી લેનારાઓને ઝડપી લઈને કાબૂમાં લાવવા સેબી સક્રિય થવા માગે છે. તેમને કાયદાના દાયરામાં લાવવા માગે છે. ટિપ્સ આપનારાઓને કોઈપણ પ્રકારના કરારથી બાંધી શકાય કે નહીં તેની ચકાસણી કરવામાં આવશે. એકવાર તેમને કરારથી બાંધવામાં સફળતા મળે તો તે પછી તેમના પર નિયંત્રણ લાવવું થોડું સરળ બનશે.

તેમને અંકુશ હેઠળ લાવવા અઘરા છે, પરંતુ અશક્ય નથી તેમ જણાવતા સ્ટોક માર્કેટ ઈન્વેસ્ટર કિરણ શાહ જણાવે છે કે, “સેબી આ બાબતમાં નક્કર પગલાં લે આવકાર્ય છે. રેકગ્નાઈજ એડવાઈઝર સિવાયના લોકો તેમાં એડવાઈઝ આપી જ ન શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. રિસ્પોન્સિબલ એડવાઈઝર ખોટી એડવાઈઝ આપે તો તેની જેટલા સાથે લિન્ક હોય અને તે તમામની અસ્ક્યામતોને જપ્ત કરી લેવી જોઈએ. તેમ કરીને જ બધાંને લાઈન પર લાવી શકાશે. સેબીનું મુખ્ય ધ્યેય તો સ્ક્રિપનું કે મ્યુચ્યૂઅલ ફંડના યુનિટ્સનું ખોટી રીતે થતાં વેચાણ અટકાવવાનું છે. તેમાં ખોટું કરનારને બચાવવાની કોઈ જ જરૂર નથી. તેમાં કોઈને પણ જતાં કરવા ન જોઈએ.” જોકે સોશિયલ મિડિયા પર એડવાઈઝ આપનારા કે ટિપ્સ આપનારાઓ પર આજની તારીખે સેબીનો કોઈ જ અંકુશ નથી. વાસ્તવમાં ફાઈનાન્શિયલ ઈન્ફ્લુએન્સર-નાણાકીય નિર્ણયો લેવા પર પ્રભાવ પાડનારા તરીકે ઓળખાતા આ લોકોને સ્પોન્સર કરનારા કોઈને કોઈ તો હોય જ છે. તેમના સ્પોન્સર કોણ છે તેની માહિતી જાહેર કરવાની તેમને ફરજ પાડી શકાય છે. તેમાંના કેટલાકની પેઈડ પાર્ટનરશીપ પણ હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો તેમના દ્વારા સોશિયલ મિડિયા પર આપવામાં આવતી એડવાઈઝને કારણે જે તે બ્રોકર કે ગ્રુપને આર્થિક ફાયદો થાય તેમાંથી ચોક્કસ ટકા તેમને આપવામાં આવે તેવો આગ્રહ પણ રાખતા હોય છે. ક્રિપ્ટો કરન્સીના પ્રમોટરવતીથી પણ કેટલાક ફાઈનાન્શિયલ ઈન્ફ્લુઅન્સર કામ કરતાં હોવાનું જોવા મળે છે. તેમાં મિડિયા મેનેજમેન્ટ પણ આવી જ જાય છે.

ફાઈનાન્શિયલ ઈન્ફ્લુઅન્સરની નિશ્ચિત વ્યાખ્યા તૈયાર થવી જોઈએ. ત્યારબાદ તેમને માટે લાઈસન્સ લેવાની પ્રથા દાખલ કરવી જોઈએ. તેમ જ તેમાં કંઈક આડુંઅવળું કરે તો તેમને માથે જવાબદારી આવે તેવી કોઈ વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. અત્યારે તેમના પર કોઈ જ અંકુશ ન હોવાથી લીલાં ખેતરમાં નિરંકુશ બની ચરતા આખલા જેવા તેઓ બની ગયા છે. અત્યારે ટિપ્સ કે ફાઈનાન્શિયલ એડવાઈઝ આપવા માટેની જે ગાઈડલાઈન છે તે અપૂરતી છે. સેબી પાસે તેમને અંકુશમાં લાવવાની ઘણી વધારે સત્તા છે. આ સત્તાનો ઉપયોગ કરીને સેબી નિશ્ચિત માળખું ઊભું કરે તો ટિપ્સ કે ફાઈનાન્શિયલ એડવાઈઝ આપીને ભોળા રોકાણકારોને ખંખેરી લેનારાઓ પર અંકુશ આવી જશે. સોશિયલ મિડીયા એ ડિજિટલ મિડીયા છે. ડિજિટલ મિડીયા માટે અલગથી કાયદો લાવીને તેમાં આ તમામને કવર કરી લેવામાં આવે તો પણ સમગ્ર  કામગીરી એકદમ આસાન અને સરળ બની જશે.

# તમારે ક્રેડિટ રેટિંગ એજન્સીઓના રેટિંગ પર કેટલો ભરોસો કરવો જોઈએ ?

બ્રિકવર્ક રેટિંગ એજન્સીને છ જ મહિનામાં વાવટો સંકેલી લેવાનો આદેશ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા-સેબીએ ગત પખવાડિયે આપી દીધો છે. રેટિંગ એજન્સીનું લાઈસન્સ કેન્સલ કરી દીધું છે. બ્રિકવર્ક રેટિંગ એજન્સી એકલી જ ઇન્વેસ્ટર્સને ગેરમાર્ગે દોરતી હોય તેવું નથી. ઇન્વેસ્ટર્સને શું ખબર પડે છે અમે કહીશું તે માની જ લેશે તેવી માન્યતાથી ઘણી રેટિંગ એજન્સીઓ કામ કરી રહી છે. આ રીતે કામ કરતી રેટિંગ એજન્સીઓ સામે સેબીએ લાલ આંખ કરી છે.

- **સિક્યોરિટીએ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા-સેબીએ બ્રિકવર્ક રેટિંગ એજન્સીનું લાઈસન્સ રદ કરીને રેટિંગ માટેના નવા ક્લાયન્ટ્સ લેવાની મનાઈ ફરમાવી દીધી**



ધનવર્ષા ફિનકેપના પ્રમોટર નિલેશ કોટક કહે છે, “મોટી રેટિંગ એજન્સીઓ ફીની લાલચમાં અને ધંધો વધારવાની લાલચમાં રેટિંગ એજન્સીઓ ક્લાયન્ટ કંપનીને મનપસંદ હોય તેવું રેટિંગ આપી દે છે. ભૂતકાળમાં આઈએલએફએસને,દિવાના હાઉસિંગને, યશ બેન્કને ટ્રીપલ એ રેટિંગ આપ્યું હતું. રેટિંગ એજન્સીઓ તેમને જોઈએ તેવા રેટિંગ આપતી હોવાનું કંપનીઓ પણ જાણે છે. તેથી તેમને અનુકૂળ રેટિંગ મળે તે માટે જે તે એજન્સીઓનો એપ્રોચ કરે છે. તેમનું માન રાખીને આપી રેટિંગ એજન્સીઓ રેટિંગ આપી દે છે. તેમાં ઇન્વેસ્ટર્સનો ખો નીકળી જાય છે. ભૂતકાળમાં ડોકિયું કરીએ તો કેર સહિતની રેટિંગ એજન્સીઓને સીઈઓને રજા પર ઉતારી દેવામાં આવ્યા હોવાના કિસ્સાઓ બન્યા છે.”



**નિલેશ કોટક, ડિરેક્ટર**
**ધનવર્ષા ફિનકેપ**

મ્યુચ્યૂઅલ ફંડ ઇન્વેસ્ટમેન્ટ સહિતના ફાઈનાન્શિયલ ઇન્વેસ્ટમેન્ટના એક્સપર્ટ ગૌરવ સિંઘવી પણ તેમના સૂરમાં સૂર પુરાવતા કહે છે, “પહેલા રેટિંગ આપીને પછી ફેરવી તોડવું હવે રેટિંગ એજન્સીઓ માટે સહજ બની ગયું છે. ડીએચએફએલને ડબલ એ રેટિંગ આપવામાં આવ્યું હતું, ડબલ એ રેટિંગ તેમાં રોકાણ કરવું સલામત હોવાનો નિર્દેશ આપે છે. ટ્રીપલ એ રેટિંગ પણ અપાય છે. ટ્રીપલ એ રેટિંગ પેમેન્ટની એટલે કે વ્યાજ અને મૂડીની ચૂકવણી સલામત હોવાનો નિર્દેશ આપે છે. અત્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, બજાજ અને એચડીએફસીનું છે. ત્યારબાદ શ્રીરામ ટ્રાન્સપોર્ટનું પણ ટ્રિપલ એ રેટિંગ છે. પરંતુ આ કંપનીઓની પરિસ્થિતિ બદલાય અને ટ્રીપલ એ રેટિંગને પાત્ર ન રહે તો પણ રેટિંગ આપતી કંપનીઓ તેમાં ઘટાડો કરતી નથી. આ સંજોગોમાં

## ● રેટિંગ એજન્સીઓ ફાઈનાન્શિયલ ઇન્સ્ટ્રુમેન્ટ્સના ફંડામેન્ટલ્સની સચ્ચાઈમાં ઊંડા ઉતર્યા વિના માત્ર ફીની આવક કરવાની લાલચમાં ઊંચું રેટિંગ આપી દે છેઃ નિલેશ કોટક

આખરી જવાબદારી રોકાણકારોની જ રહે છે. રોકાણકારોએ પોતાની રીતે તપાસ-અભ્યાસ કે ડ્યૂ ડિલિજન્સ કરીને પછી રોકાણ કરવાનો નિર્ણય લેવો જોઈએ. તેથી જ કહું છું કે ફાઈનલ જવાબદારી રોકાણકારની પોતાની જ રહે છે."

ગૌરવ સિંઘવીનું કહેવું છે, "રેટિંગ કંપનીઓ રેટિંગ અપગ્રેડ કરવાનો સમય ચૂકતી નથી, પરંતુ રેટિંગ ડાઉનગ્રેડ કરવાની ઘડી આવે ત્યારે રોકાણકારોને સમયસર ચેતવણી આપતી નથી. ડાઉનગ્રેડ કરવામાં આવ્યું હોય તો તેની રોકાણકારોને ખબર પણ પડવા દેવાતી નથી, મતલબ એ થયો કે ડાઉનગ્રેડિંગનો પૂરતો પ્રચાર પણ કરવામાં આવતો નથી." યશ બેન્કના બોન્ડને સારુ રેટિંગ આપ્યા પછીય તે ડૂબી ગયા હોવાનું જોવા મળ્યું જ છે. કારણ કે તેને ડાઉનગ્રેડ સમયસર નહોતા કરવામાં આવ્યા. તેથી રોકાણકારોને તેની ખબર પડી જ નહોતી. ડીએચએફએલના કે એચડીએફસીના વ્યાજદર ઊંચા હોવાનું જોઈને અને તેના રેટિંગને જોઈને ઘણાં લોકો રોકાણ કરે છે. પરંતુ રોકાણકારોએ ડ્યૂ ડિલિજન્સ વિના રોકાણ કરવા જેવું હવે રહ્યુ જ નથી.

બ્રિકવર્ક અંગે અવલોકન કરતાં સેબીએ જ કહ્યું છે કે, "બ્રિકવર્ક રેટિંગ આપવા માટેની યોગ્ય પ્રક્રિયાનું પાલન કરતી નથી. તેમ જ રેટિંગ આપતી વખતે જે અભ્યાસ કરવો જોઈએ અને



**ગૌરવ સિંઘવી**
વેલ્થ એડવાઈઝર

કાળજી રાખવી જોઈએ તે રાખતી જ નથી." તેથી જ બ્રિકવર્કને નવા ક્લાયન્ટ્સ લેવાની મનાઈ ફરમાવી દેવામાં આવી છે. ફાઈનાન્શિયલ માર્કેટ કડડડભૂસ થઈ જવામાં રેટિંગ એજન્સીઓની પણ મોટી જવાબદારી છે. ધંધો ખેંચી લાવવા માટે યોગ્ય ફંડામેન્ટલ્સ વિના રેટિંગ એજન્સીઓ ઊંચા અને હાઈએસ્ટ રેટિંગ આપી દે છે. તેમના રેટિંગથી આકર્ષાઈને કે પ્રભાવિત થઈને નાણાંનું રોકાણ કરી દે છે. ત્યારબાદ પેટ ભરીને પસ્તાવું પડે તેવા કિસ્સાઓ પણ બને છે. ફ્રેન્કલિન ટેમ્પલ્ટનના કિસ્સામાં પણ આવું જ બની ચૂક્યું છે.

હા, સેબી આ મુદ્દે જાગૃત છે. છતાંય વરસોના વરસો સુધી ખોટા રેટિંગ મેળવીને સંખ્યાબંધ કંપનીઓએ બજારમાંથી મૂડી મેળવી જ છે. આ પ્રવૃત્તિ હજીય ચાલુ જ છે. બ્રિકવર્ક તેનું એક ઉદાહરણ જ છે. સારુ રેટિંગ મેળવવા માટે કદાચ કંપનીઓ રેટિંગ એજન્સીઓને કદાચ થોડી ઊંચી ફી પણ ચૂકવી દેતી હોય છે. એક રેટિંગ એજન્સી નબળું રેટિંગ આપે તો તેનાથી સારુ રેટિંગ મેળવવા માટે કંપની બીજી રેટિંગ એજન્સીઓનો સંપર્ક કરે છે. આમ પોતાની ઇચ્છા મુજબનું રેટિંગ મેળવવા માટે નવા ઇન્સ્ટ્રુમેન્ટ્સ લોન્ચ કરનારી કંપનીઓ આકાશપાતાળ એક કરે છે. તેથી જ ગૌરવ સિંઘવીએ કરેલી વાત સાચી લાગે છે. તેઓ કહે છે, "રેટિંગ એજન્સીઓના રેટિંગ પર સો ટકા ભરોસો મૂકીને રોકાણકારોએ રોકાણ કરવું ન જોઈએ. તેમણે પોતાની રીતે અભ્યાસ પણ કરવો જ જોઈએ. ત્યારબાદ જ રોકાણ કરવું કે ન કરવું તેનો નિર્ણય લેવો જોઈએ." માત્ર ભારતમાં જ આ પ્રકારની સ્થિતિ નિર્માણ થાય છે તેવું નથી. 2008ની સાલમાં સર્જાયેલી ગ્લોબલ ફાઈનાન્શિયલ ક્રાઈસિસ માટે અમુક અંશે રેટિંગ એજન્સીઓ પણ જવાબદાર છે જ છે. આ ફાઈનાન્શિયલ ક્રાઈસિસને પરિણામે જ આખું વિશ્વ મંદીની મજબૂત પકડમાં આવી ગયું હતું. 2008ની સાલમાં પોતાનું બધું જ મોર્ટગેજ-ગિરો મૂકનાર કંપનોને પણ ટ્રીપલ એનું રેટિંગ આપવામાં આવ્યું હોવાનું જોવા મળ્યું હતું. હેજ ફંડ મેનેજરને પણ પાત્રતા કરતાં ઊંચા રેટિંગ્સ આપવામાં આવ્યા હતા. તેથી જ રોકાણકારો પણ ગેરમાર્ગે દોરાયા હતા. તેમણે તેમના નાણાં રેટિંગને જોઈને રોકી દીધા હતા. ત્યારબાદ પસ્તાવાની નોબત આવી હતી.

## રેટિંગ એજન્સીઓએ ડાઉનગ્રેડ કરેલા રેટિંગ્સનું ડિસ્ક્લોઝર કરવું પડશે

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા-સેબીએ નવી તૈયાર કરેલા ગાઈડલાઈન્સ પ્રમાણે રેટિંગમાં ત્રણ સ્ટારનો કે તેનાથી મોટો તફાવત આવતો હોય તો સતત બે વાર આપેલા રેટિંગનું તુલના કરીને તેની ફરજિયાત જાહેરાત કરવી પડશે. તેમ જ શાર્પ રેટિંગ એક્શનની રેટિંગ એજન્સીઓએ અલગથી જાહેરાત કરવી પડશે. ફાઈનાન્શિયલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ લઈને માર્કેટમાં આવેલી કંપનીઓ રેટિંગ એજન્સીઓને માહિતી આપવામાં સહકાર ન આપતી હોય અને ટૂંકા ગાળામાં તેના નવા રેટિંગ્સની જાહેરાત કરવાની નોબત આવે તેની અલગથી જાહેરાત કરવાની પણ સેબીએ રેટિંગ એજન્સીઓને છૂટ આપી છે.

2018ની સાલમાં આઈએલ એન્ડ એફએસના ડિબેન્ચરનું રેટિંગ છ જ મહિનામાં ટ્રીપલ એથી ઘટીને ડી કેટેગરીમાં આવી ગયું હતું. તેનાથી ઇન્વેસ્ટર્સ હચમચી ઊઠ્યા હતા. નવી ગાઈડલાઈન્સમાં ઇન્સ્ટ્રુમેન્ટ લોન્ચ કરનાર સંસ્થાના વર્તમાન સમયના અને ભૂતકાળના પરફોર્મન્સના ઓડિટ કરેલા રિઝલ્ટ્સ કે તેના મૂડી ખર્ચની, દેવાની જવાબદારીઓ અંગેની, દેવું કેટલું ચૂકવ્યુ તેની વિગતો ન આપે તો તેને માટે અલગથી જોગવાઈ નવી ગાઈડલાઈન્સમાં કરવામાં આવેલી છે. ઇન્સ્ટ્રુમેન્ટ લોન્ચ કરનારી કંપની સતત ત્રણ મહિના સુધી તેનું દેવું ચૂકવવા અંગેના અહેવાલ ન આપે તો ફાઈનાન્શિયલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ માર્કેટમાં લાવનાર સહકાર ન આપતો હોવાનું જણાવી તેના રેટિંગ્સમાં ફેરફાર કરી શકશે. ત્રણ મહિના પૂરા થયા પછી સાત જ દિવસમાં રેટિંગ એજન્સીઓએ આ જાહેરાત કરી દેવાની રહેશે. આ અંગે અખબારી યાદી પણ આપવાની રહેશે.

વર્ષના પહેલા છ મહિનાના પરફોર્મન્સની વિગતો ઇન્સ્ટ્રુમેન્ટ્સ લોન્ચ કરનાર કંપનીએ 2023ના વર્ષથી ડિસ્ક્લોઝ કરી દેવાની રહેશે. ઇન્સ્ટ્રુમેન્ટ્સ બહાર પાડનાર સહકાર ન આપે તો તેની જાહેરાત 31મી માર્ચ 2023થી જાહેરાત કરી દેવાની રહેશે. રેટિંગ પાછું ખેંચી લીધું તેની જાહેરાત તો 30મી સપ્ટેમ્બર 2022થી જ કરી દેવાની રહેશે. રેટિંગ એજન્સી રેટિંગમાં સુધારો કરે તો તેની જાહેરાત 31મી માર્ચ 2023થી જાહેરાત કરવાની ફરજિયાત કરવામાં આવી છે.

# રેટિંગ એજન્સીઓને મંજૂરી આપનારની જવાબદારી કેટલી?

રેટિંગ એજન્સીઓને માથે માછલાં બહુ જ ધોવાયા. રેટિંગ કરનારી એજન્સીઓનું અત્યારે રેટિંગ થઈ રહ્યું છે. આ રેટિંગ નેગેટિવ ઘણું છે. પરંતુ ખાનગી બેન્કની બહુ જ મોટી હસ્તીએ પાયાનો સવાલ ઊઠાવ્યો છે. રેટિંગ એજન્સીઓને મંજૂરી આપવાની કામગીર રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા-સેબી જ કરે છે. સેબીનું કામ રેટિંગ એજન્સીઓના કેપિટલ માર્કેટના કામકાજ પર નજર રાખવાનું છે. રિઝર્વ બેન્કનું કામ બોરોઈંગ કરતી બેન્કોનું રેટિંગ આપવાનું છે. આ પ્રકારના બેવડાં નિયંત્રણો કે અંકુશો ખરેખર તેમની હાથ નીચેની સંસ્થાને નિરંકુશ બનાવી દે છે. ભારતમાં અત્યારે રેટિંગ માટેની પ્રક્રિયાને આકાર આપતા નિયમો અને કાયદાકીય જોગવાઈઓ કે નિયંત્રણો પૂરતા નથી. આ નિયંત્રણો રેટિંગ એજન્સીની એ ટુ ઝેડ સુધીની કામગીરી પર નજર રાખી શકે તેવા જ નથી. તેમના રેટિંગ પૂર્વગ્રહયુક્ત કે પછી મેન્યુપ્લેટ કરીને તૈયાર કરવામાં આવેલા હોય તો તેમની સામે કડકમાં કડક પગલાં લઈ શકે કે તેમને કોર્ટમાં ઘસડીને લઈ જઈ શકે તેવી જોગવાઈ તેમાં કરવામાં આવેલી નથી. રેટિંગ એજન્સીઓને મોનિટર કરવા માટે નિયુક્ત કરવામાં આવેલી સંસ્થાઓને રાઈટ ટુ ઈન્ફોર્મેશન  હેઠળ આવરી લેવામાં આવેલી નથી. તેમને ખાનગી સેક્ટરની એજન્સીઓની કેટેગરીમાં મૂકી દેવામાં આવેલી છે. તેથી તેઓ મનફાવે તે રીતે રેટિંગ આપતા થઈ ગયા છે. તેની સામે ઇન્વેસ્ટર્સનો આક્રોશ વધી રહ્યો છે.

વાસ્તવિક કરતાં ખોટું રેટિંગ્સ આપ્યું હોવાથી બજારમાંથી રોકાણ ખેંચતી કંપનીઓ કોઈપણ જાતના ખચકાટ વિના વધુ જોખમ લેવા તૈયાર થઈ જાય છે. આ જોખમને હેન્ડલ કરવાની કંપનીની ક્ષમતા ન હોવા છતાંય તેઓ તે જોખમ ખેડી લે છે. પરિણામ કડડડભૂસ. સામાન્ય રીતે ક્રેડિટ રેટિંગ એજન્સીઓ જોખમની બે રીતે આકારણી કરે છે. એક, પ્રોડક્ટની ક્રેડિટવર્ધીનેસ. ક્રેડિટવર્ધીનેસમાં જે તે ફાઈનાન્શિયલ પ્રોડક્ટ લોન્ચ કરનારી કંપનીની ઇન્વેસ્ટર્સના પૈસા પરત કરવાની ક્ષમતાને ધ્યાનમાં લેવામાં આવે છે. 2008માં નિર્માણ થયેલા ફાઈનાન્શિયલ ક્રાઈસિસ માટે ક્લાયન્ટ ન ગુમાવી દેવાના ભયમાં ફંડામેન્ટલ્સથી વિપરીત રેટિંગ વિશ્વની જાણીતી રેટિંગ એજન્સીઓએ પણ આપ્યા હતા. એક અહેવાલ મુજબ ભારતમાં પણ આજ સુધીમાં સાતથી વધુ રેટિંગ એજન્સીઓએ દેવામાં ડૂબેલી 920 કંપનીઓને સારા રેટિંગ્સ આપી દીધા છે. હાલને તબક્કે આ બાબત ચિંતા વધારનારી છે. તેનાથી ગમે તે ઘડીએ બોમ્બ ફાટશે તેવા ભયના ઓથાર હેઠળ ઇન્વેસ્ટર્સે રહેવું પડી રહ્યું છે, કારણ કે તેમણે રેટિંગ પર વિશ્વાસ મૂકીને રોકાણ કર્યું છે.

થોડા વરસો પહેલા આઈએલ એન્ડ એફએસ તથા જેટ એરવેઝને આપેલું રેટિંગ સાચુ ન થયું હોવાનું પબહાર આવ્યું જ હતું. જેટ એરવેઝને આપેલી રૂ. 11,000 કરોડની લોન સામેના જોખમ અંગે સમયસર ચેતવણી આપવામાં રેટિંગ એજન્સીઓ નિષ્ફળ ગઈ હતી. આઈક્રા નામની રેટિંગ એજન્સીએ તે વખતે જણાવ્યુ હતું કે દર મહિનાને અંતે કંપનીએ તેમને સતત નો ડિફોલ્ટનું ડિક્લેરેશન આપ્યું હતું. કંપનીની વાતમાં વિશ્વાસ મૂકીને આઈક્રાએ તેના દાવાનું ક્રોસ વેરિફિકેશન કરવાનું ટાળ્યું હોવાના તારણ પર આવી શકાય છે. આઈએલ એન્ડ એફએસના કિસ્સામાં પણ આ જ નોબત આવી હતી. આઈએલ એન્ડ એફએસ તેનું દેવું ચૂકવવામાં નિષ્ફુળ જઈ રહી હોવાની બાબત પરત્વે રેટિંગ એજન્સીએ ક્યારેય ધ્યાન આપ્યું નહોતું. તેમ જ તેના રેટિંગને ડાઉનગ્રેડ કરવાની જાહેરાત પણ કરી નહોતી. તેથી જ આઈએલ એન્ડ એફએસ પ્રોવિડન્ટ ફંડ, મ્યુચ્યૂઅલ ફંડના નાણાંનું રેપેમેન્ટ કરવામાં ડિફોલ્ટ થતાં રોકાણકારોના બાર વાગી ગયા હતા. તેમના ડેટ ફંડ્સના ઇન્વેસ્ટમેન્ટ્સ યુનિટ્સની નેટ એસેટ વેલ્યુ સાવ જ ગગડી ગઈ હતી. તેથી સહન કરવાનું રોકાણકારોને માથે આવ્યું હતું. આ જ રીતે ઝી ગ્રુપના ડિફોલ્ટ અંગે પણ રોકાણકારોને સમયસર ચેતવવામાં રેટિંગ એજન્સીઓ નિષ્ફળ ગઈ હતી. રિલાયન્સ કોમ્યુનિકેશ અને એમેટેક ઓટોના કેસમાં પણ રેટિંગ એજન્સીઓ ધરાર તેમની જવાબદારી અદા કરી શકી નહોતી. ભારતના અર્થતંત્ર અને મૂડીઝ અને સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ

## ● રેટિંગ એજન્સીઓના રેટિંગથી આકર્ષાઇને કે તેમના પર વિશ્વાસ મૂકીને રોકાણકારો નાણાંનું રોકાણ કરે છે, છતાંય બોન્ડના રેટિંગ ખોટા સાબિત થાય છે અને રોકાણકારોના પૈસા ડૂબી જાય છે

સમયાંતરે રેટિંગ બદલતી રહે છે. આ જ રીતે દરેક ઇન્સ્ટ્રુમેન્ટ્સને રેટિંગ આપતી એજન્સીઓએ તેના દરેક પરપોર્મન્સ પર નજર રાખવી જરૂરી છે, પરંતુ રેટિંગ એજન્સીઓ આ જવાબદારી નિભાવવામાં નિષ્ફળ જઈ રહી છે. તેમાંય ખાસ કરીને સમયસર ઇન્વેસ્ટર્સને ચેતવણી આપવાની તેમની ફરજ અદા કરવામાં સાવ જ નિષ્ફળ જઈ રહી છે.

તેથી જ ઓગસ્ટ 2022માં સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા-સેબીએ રેટિંગ એજન્સીઓ માટે નવી ગાઈડલાઈન બહાર પાડવાની ફરજ પડી છે. તેમના રેટિંગ્સની પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવા માટે નવી માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. સિક્યોરીટીઝના રેટિંગ માટે ડિસ્ક્લોઝરની પ્રક્રિયાનું એક નિશ્ચિત ધોરણ-સ્ટાન્ડર્ડ ઊભું કરવાનો પણ નવી ગાઈડલાઈન્સના માધ્યમથી પ્રયાસ કરવામાં આવ્યો છે. રેટિંગની પ્રક્રિયાને સંગીન અને મજબૂત બનાવવા માટે 2019માં સ્ટેન્ડિંગ કમિટીની રચના કરવામાં આવી હતી. તેથી જ ફિક્સ્ડ ડિપોઝિટ, સિક્યોરિટીઝ, કોમર્સિયલ પેપર્સ, બેન્કલોન બધાંનું રેટિંગ શક્ય બન્યા છે.  આજની તારીખે બેન્કર્સ, કેપિટલ માર્કેટ, ઇન્વેસ્ટર્સ બધાં જ રેટિંગ પર બહુ જ મોટો મદાર બાંધી રહ્યા છે. તેને આધારે જ તેઓ તેમના નાણાકીય રોકાણ કરવા અંગે નિર્ણય લે છે. આ સંજોગોમાં સેબી દ્વારા લેવામાં આવેલા પગલાં કેટલા અસરકારક સાબિત થાય છે તે તો આવનારો સમય જ પ્રસ્થાપિત કરશે. સેબીની ગાઈડલાઈન અસરકારક ન સાબિત થાય તો તેવા સંજોગોમાં રેટિંગ એજન્સીઓના લાઈસન્સ કેન્સલ કરી દેવા માટે એક પછી એક ઓર્ડર કરવાની નોબત આવશે. તેની સાથે જ રેટિંગની સમગ્ર પ્રક્રિયા અંગે રેટિંગ એજન્સીઓએ પણ વધુ ને વધુ પારદર્શક બનવું પડશે. તેમાંય ખાસ કરીને કંપનીઓની ડિપોઝિટ્સના રેટિંગમાં પણ ચોકસાઈ રાખવી પડશે. કંપનીઓની મુદતી થાપણોના રેટિંગને આધારે જ થોડુંક ઊંચું વ્યાજ મેળવવા માટે રોકાણકારો કંપનીમાં રોકાણ કરે છે. પરંતુ થોડુંક ઊંચું વ્યાજ મેળવવાની લાયમાં એલ્ડર ફાર્માસ્યૂટિકલ્સમાં રોકાણ કરનારાઓએ અંદાજે રૂ. 200 કરોડ ગુમાવવાની નોબત આવી હોવાનો કિસ્સો એકદમ જૂનો તો નથી જ નથી. તેથી શેર્સ, સિક્યોરિટીઝ, કંપનીઓ, ટર્મ ડિપોઝિટ સહિતના દરેક ફાઈનાન્શિયલ પ્રોડક્ટ્સના રેટિંગ બહુ જ સાવધાની અને ચોકસાઈ સાથે કરવામાં આવે તે સમયની જરૂરિયાત છે. આ મોરચે રેટિંગ એજન્સીઓ નિષ્ફળ જશે તો તેમની વિશ્વસનીયતા તળિયે બેસી જશે.



# મેન્યુફેક્ચરિંગ કંપનીઓના મનસ્વી નિર્ણયોથી ઓટોડીલર્સને બચાવો

**● ફોર વ્હિલર્સ કે ટુ વ્હિલર્સ બનાવતી કંપનીઓ ગમે ત્યારે તેમના એકમો બંધ કરી દઈને ડીલરોનો મોટી નુકસાનીના ખાડામાં ઉતારી રહ્યા છે**

ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડિલર્સ એસોસિયેશને ઓટોડીલર્સ પ્રોટેક્શન એક્ટ લાવવાની માગણી કરી છે. આ રહ્યું તેનું કારણ. 2017માં જનરલ મોટર્સ, 2018માં માન ટ્રક્સ, 2019માં યુએમ લોહિયા, 2020માં હાર્લિ ડેવિડસન અને ત્યારબાદ ફોર્ડ મોટર્સે તેના ફોર વ્હિલર્સનું વેચાણ બંધ કરી દીધું છે. કંપનીઓ રાતોરાત આ નિર્ણયની જાહેરાત કરી દીધી હતી. તેની સીધી અસર તેના વાહનો ખરીદનાર ગ્રાહકો પર પડી છે. ગ્રાહકો પાસે આફટર સેલ્સ સર્વિસના કોઈ જ વિકલ્પ ન બચ્યા. ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિયેશનના ગુજરાત પ્રાન્તના પ્રમુખ હિતેન્દ્ર નાણાંવટી કહે છે તેમ, "કાર અને બાઈક કે પછી સ્કૂટર ડીલર્સ પણ કંપનીઓને ભોગે દંડાઈ રહ્યા છે. ફોર વ્હિલર્સનું કે ટુ વ્હિલર્સનું ઉત્પાદન કરતી કંપનીઓએ વાવટો સંકેલી લીધો હોવાથી તેમના વાહનની માલિકી ધરાવનારાઓ તે વાહન વેચી દેવાનો વિચાર કરે તો પણ તેઓ વેચી શકતા નથી, કારણ કે તેમને આફટર સેલ્સ સર્વિસ મળવાની જ નથી. આ સ્થિતિમાં કસ્ટમર્સને સાચવવાની જફા કર્યા કરે છે. છતાંય તેમની અને ગ્રાહકની વચ્ચે રકઝક અને બોલાચાલી થયા જ કરે છે. ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર ડીલર્સને જાણ કર્યા વિના જ તેમના એકમો બંધ કરી દે છે. ઘણીવાર તો બે ત્રણ મહિના પૂર્વે નવા ડીલર્સને નિયુક્ત કરીને બે મહિના બાદ ઉત્પાદન બંધ કરી દઈને ડીલરશીપ લેનારાઓને મોટી ખોટના ખાડામાં ઉતારીને ચાલ્યા જાય છે. પરિણામે ડીલર્સ સતત આર્થિક ભીંસ અનુભવે છે અને ખોટના ખાડામાં ઉતરી જાય છે. તેથી જ તેમના રક્ષણ માટે કાયદો ઘડવાની માગણી કરવામાં આવી છે. અત્યારે તેને માટેના કાયદાઓ છે, પરંતુ તેનાથી ઓટો ડીલર્સના હિતોનું રક્ષણ થતું નથી. બીજા શબ્દોમાં કહીએ તો કાયદાઓ પૂરતા નથી." ઓટો ડીલર્સની રોજબરોજની આ સમસ્યા સામે ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ સદંતર આંખ આડા કાન જ કરે છે. ટુ વ્હીલરના ડીલ અને ફાડાના ગુજરાત રિજ્યનના પૂર્વ પ્રમુખ પ્રણવ શાહ પણ કહે છે, "ટુ વ્હિલરના ડીલરોને પણ આ જ પરિસ્થિતિમાંથી પસાર થવું પડે છે. પરિણામે આખા દેશના ઓટોમોબાઈલ ડીલર્સ એક થયા છે." ફેડરેશન ઓફ ઓટો ડીલર્સ એસોસિયેશનના સીઈઓ સહર્ષ દામાણી ઓટો ડીલર્સની સમસ્યાની વાત કરતાં જણાવે છેઃ "ટાટા મોટર્સ, કીઆ મોટર્સ કે પછી મારુતિની ડીલરશીપ લેવામાં આવે તો તેવા સંજોગોમાં 50થી 75 કરોડનું ઈન્વેસ્ટમેન્ટ કરવું પડે છે. લક્ઝરી કારની ડીલરશીપ લેવા જાવ તો રૂ. 100 કરોડ સુધીનું રોકાણ કરવું પડી શકે છે.



**સહર્ષ દામાણી, સી.ઈ.ઓ**
ફેડરેશન ઓફ ઓટો ડીલર્સ એસો.

# ઓટોમોબાઈલ ડીલર્સની મુખ્ય માગણીઓ

- વિદેશના સ્ટાન્ડર્ડ અને નિયમો પ્રમાણેનો જ ડીલરશીપ એગ્રીમેન્ટ ભારતના દરેક ઓટોડીલર સાથે કરવો જોઈએ. ડીલરશીપ માટેનો ઓથોરાઈઝ અને એક સમાન એગ્રીમેન્ટ નક્કી કરવામાં આવે. એક દેશ એક સમાન એગ્રીમેન્ટની શરત પણ રાખવામાં આવી છે.
- ડીલરશીપ માટેના કરારો પાંચ વર્ષ માટેના રાખવા જોઈએ. એક વર્ષ પછી ડિલરશીપ કેન્સલ કરે તો કોમ્પેન્સેશન આપવું જોઈએ. ટૂંકાગાળાનો ડીલરશીપનો કરાર લેનારાઓ માટે જોખમી બની રહ્યો છે.
- ડીલરશીપ રદ કરવા માટેના વાજબી અને સમતોલ કારણો પણ આપવાની ફરજ પાડો. ડીલરશીપ રદ થાય ત્યારે વેચાયા વિનાના વાહનો મેન્યુફેક્ચરર્સ પાછા લઈ લે તેવી વ્યવસ્થા દાખલ કરો.
- ડીલરશીપ કેન્સલ કરવામાં આવે તો બાકી રહેલા વાહનો મેન્યુફેક્ચરર્સ પરત ખરીદી લે તેવી વ્યવસ્થા દાખલ કરવી જોઈએ.
- ડીલરશીપનો કરાર ટૂંકા ગાળા માટેનો હોય તો ડીલર્સ તેમના ઈન્વેસ્ટમેન્ટના નાણાં પાછા કાઢે તે પૂર્વે જ ડીલરશીપ બંધ થઈ જવાની સમસ્યાનો ઉકેલ લાવો.
- એક જ એરિયામાં બીજા ડીલરને એપોઈન્ટ કરતાં પહેલા જૂના ડીલર સાથે ચર્ચા વિચારણા કરીને નિર્ણય લો, કારણ કે તેનાથી બંનેના બિઝનેસ તૂટે જ છે.
- મેન્યુફેક્ચરિંગ કંપની પ્રોડક્શન કે મેન્યુફેક્ચરિંગ બંધ કરવા માગતી હોય તો ડીલર્સને 9થી 12 મહિના પૂર્વે નોટિસ આપો. બાદમાં જ ડીલરશીપ બંધ કરાશે.
- કારની સર્વિસ માટેના પ્રોડક્ટ્સનું સ્ટાન્ડર્ડ ભલે કંપનીઓ નક્કી કરે, પરંતુ તે સ્ટાન્ડર્ડ પ્રમાણેની વસ્તુઓ ડીલર પોતાની રીતે ખરીદી શકે તેવી વ્યવસ્થા પણ દાખલ કરવી જરૂરી છે.

આ ઈન્વેસ્ટમેન્ટ લોન્ગટર્મનું બની રહે તેવી દરેક ડીલરની ઈચ્છા હોય છે. ફોરવ્હિલર્સ કે ટુ વ્હિલર્સ બનાવતી કંપનીઓ ડીલર સાથે માત્ર બાર જ મહિનાનો એગ્રીમેન્ટ કરે છે અને કેટલાક કેસોમાં બાર મહિના પછી ડીલરશીપનો કોન્ટ્રાક્ટ બંધ પણ કરી દે છે. સામાન્ય રીતે આઠ દસ મહિનામાં તે ઈન્વેસ્ટમેન્ટ તકલીફમાં આવી જાય તેવી ગણતરીથી કોઈ જ ઈન્વેસ્ટમેન્ટ કરતું નથી. પરંતુ કાર-બાઈક મેન્યુફેક્ચરર્સના એક પક્ષી નિયમોને કારણે આ સ્થિતિ નિર્માણ થઈ રહી છે.” ડીલરશીપના પહેલા બાર મહિનામાં જ કંપનીના ઝોનલ મેનેજર કે કોઈ ઊંચા હોદ્દેદાર સાથે ખટપટ થાય તો તે ડીલરશીપ રદ કરી દેવાની તૈયારી કરી દે છે. તેથી જ 50થી 75 કરોડનું રોકાણ કરનારાઓ માટેના એગ્રીમેન્ટનો ગાળો બહુ જ નાનો છે. સહર્ષ દામાણી કહે છે, “ફાડાની માગણી છે કે એગ્રીમેન્ટનો આ સમયગાળો ઓછામાં ઓછો 5 વર્ષનો હોવો જ જોઈએ.” ઓટોડીલર તરીકે કામ કરનારાઓમાં મોટાભાગના સ્મોલ અને મિડીયમ સેક્ટરના પ્લેયર્સ છે. બહુધા તેમનો બિઝનેસ એક પરિવારનો જ હોય કે પછી બેચાર જણાએ ભાગીદારીમાં કરેલો બિઝનેસ હોય છે. તેથી જ મોટા કોર્પોરેટ્સની કેટેગરીમાં આવતા ઓરિજિનલ મેન્યુફેક્ચરર્સ-ઓઈએમ પાસે તેઓ બહુ મોટું બાર્ગેનિંગ પણ કરી શકતા નથી. તેવામાં બાર જ મહિનામાં ડીલરશીપ કેન્સલ થઈ જાય તો તેમની હાલત કફોડી થઈ જાય છે. વર્કશોપ માટે વસાવેલા સાધનો, પગારથી રાખેલા કર્મચારીઓ, મિલકત વસાવવા કરેલા ખર્ચાઓ, શૉ રૂમ બનાવવા માટે કરેલા ખર્ચાઓ માથે પડે છે. સહર્ષ દામાણી કહી છે, “તેથી ડીલરશીપ એગ્રીમેન્ટનો ગાળો ઓછામાં ઓછો 5 વર્ષનો તો હોવો જ જોઈએ. કંપનીઓ રાતોરાત તેમના ઉત્પાદનો બંધ કરી દઈને ચાલી જવાની જાહેરાત કરે છે. તેને બદલે ડીલર્સને આઠથી બાહ મહિના પૂર્વેથી તેની જાણ કરવામાં આવે તો તે ડીલર મોટી મુશ્કેલીમાં આવી નહીં. બીજું એક્ઝિટ કરવા માટેની પોલીસી પણ હોવી જોઈએ અને એકાએક ડીલરશીપ રદ કરી દેવાના નિર્ણય સામે ડીલર્સને કોમ્પેન્સેશન પણ આપવું જરૂરી છે. તેથી કોમ્પેન્સેશન માટેના પણ નિશ્ચિત નિયમો હોવા જોઈએ. અત્યારે તો કોમ્પેન્સેશન મેળવવા માટે લાંબા સમય સુધી લડવું પડી રહ્યું છે.” ઉદાહરણ આપીને વાત કરીએ તો જનરલ મોટર્સે તેનો વાવટો સંકેલી લીધો તેના ચાર પાંચ મહિના પૂર્વે તેઓ ડીલર્સને વિદેશ તેમના યુનિટમાં લઈ જઈને નવા પ્રોડક્ટ્સ લોન્ચ કરવાની વાતો કરતી રહી હતી. તેની સાથે સાથે જ તેણે ડીલર્સને તેમની માળખાકીય સુવિધામાં સુધારો કરવા અને તેમના ટીમ મેમ્બર્સની સંખ્યામાં સુધારો કરવા પણ જણાવ્યું હતું. ત્યારબાદ છ જ મહિનામાં કંપની બંધ થઈ ગઈ હતી. આ જ પ્રકારનો કિસ્સો ફોર્ડ મોટર્સનો છે. ગયા વર્ષે ગણેશચતુર્થીના દિવસે તેણે તેનું એકમ બંધ કરી દેવાની જાહેરાત કરી હતી. તેના ત્રણ મહિના પહેલા સુધી તેણે નવા ડીલર્સને એપોઈન્ટ કરવાનું ચાલુ રાખ્યું હતું. મધ્યપ્રદેશ અને દિલ્હીમાં તેમણે નવા ડીલર્સ એપોઈન્ટ કર્યા હતા. કંપનીના ઓપરેશન્સને બંધ કરી દેવાનો નિર્ણય રાતોરાત લેવાતો નથી. ઓપરેશન વાઈન્ડ અપ કરવાનો નિર્ણય એક દોઢ વર્ષ પહેલા જ લેવાય છે. આ સંજોગોમાં ત્રણ મહિના પૂર્વે નવા ડીલરને નિયુક્ત કર્યા પછી એકાએક તેનું એકમ બંધ કરી દે તે ચલાવી લેવાય તેવું જ નથી. ડીલર્સના પાસે તેના વાહનો પડ્યા રહે છે. તેની આફ્ટર સેલ સર્વિસ મળવાની બંધ થઈ રહી હોવાની શક્યતાને કારણે ડીલર્સે તેમની પાસેથી મોટર્સ કે અન્ય વાહનો બહુ જ મોટા ડિસ્કાઉન્ટ આપીને વેચી દેવી પડે છે. તેમાંય નુકસાન વેઠવાની નોબત આવે છે. બીજું, ગ્રાહકો ડીલર સાથે



**પ્રણવ શાહ, ઓટોડિલર**
FADA, પૂર્વ પ્રમુખ, ગુજરાત





ગાળાગાળી અને મારામારી કરે છે. તેમના શૉ રૂમ્સમાં તોડફોડ કરી જાય છે. તેમને કંપની અને તેના પગલાં સાથે કોઈ જ નિસબત નથી. તેમને તો ડીલર સાથે જ સંબંધ છે. તેઓ ડીલર પર જ તવાઈ લાવે છે. તેમની સાથે જ બાખડે છે. વિદેશી કંપનીઓ ઓપરેસન્સ બંધ કરીને ભાગી જાય છે. ડીલર્સની હાલત દયનીય થઈ જાય છે. ગ્રાહકો તો ડીલર્સને જ જવાબદાર ઠેરવે છે. ડીલરે ગાડી તેમને પધરાવી દેવાના ઈરાદા સાથે જ તેમને કંપની બંધ થઈ રહી હોવાની હકીકતથી માહિતગાર ન કર્યા હોવાના આરોપ મૂકે છે. વાસ્તવમાં ડીલરને કંપનીઓ તેમના ઉત્પાદન બંધ કરી દેવાના નિર્ણયની જાણ પણ કરતી નથી. તેમના હાથમાં કરોડોના મૂલ્યના સ્પેરપાર્ટ્સ પડ્યા રહે છે. ગાડીઓ વેચાયા વિના પડી રહે છે.

ત્રીજી મોટી સમસ્યા છે ગાડીની સર્વિસ કરી આપતી વેળાએ આપવાના થતાં પ્રોડક્ટ્સના ચાર્જની. સ્પેરપાર્ટ્સના, વાહનોના ઓઈલ અને કલરના ચાર્જ બહાર કરતાં વધારે હોય છે. તેથી ગ્રાહકો કંપની પાસે તે સેવા લેવાનું પસંદ કરતાં નથી. ઓઈલની જ વાત કરીએ. કંપની કેસ્ટ્રોલના ચોક્કસ ગ્રેડના ઓઈલ લઈ લે છે. કંપની તેના ઓરિજિનલ મેન્યુફેક્ચરર પાસે સીધું લે છે. તેમને તે રૂ. 100માં પડે છે. તે જ ઓઈલ ડીલરને આપે છે અને ડીલરને 150માં વેચવાની ફરજ પાડે છે. કંપની ઓઈલના સ્ટાન્ડર્ડ નક્કી કરી લે. તે પ્રમાણે જ ઓઈલનો યુઝ કરવાની ફરજ પાડી શકે છે. તેમ ન કરનાર ડીલરને દંડ પણ કરી શકે છે. ડીલરની ઈચ્છા છે કે તેમની પાસે આવેલો કસ્ટમર્સ તેમની પાસેથી ચાલ્યો ન જાય. તેમની પાસે જ બધી સેવા કરાવે. મ્યુઝિક સિસ્ટમ, ઓઈલ, લૂબ્રિકન્ટ, ટાયર, પેઈન્ટ અને બેટરી સહિતના દરેક પૂરજાઓના કિસ્સામાં આ જ સ્થિતિ જોવા મળે છે. આમ કંપની દ્વારા ડીલરને ફરજ પાડવામાં આવી રહી છે. તેથી ડીલરો દંડાઈ રહ્યા છે. તેમનો ધંધો ગુમાવી રહી છે.

સહર્ષ દામાણી કહે છે, "ડીલર માટે સ્ટાન્ડર્ડ નક્કી કરી આપીને તે બધી જ વસ્તુ તેમને ખરીદવાની છૂટ આપવી જોઈએ."

તેથી તેમનો બ્રેક ઈવન પર આવતા સમય લાગે છે. સામાન્ય રીતે બ્રેક ઈવન અઢી વર્ષ લાગે છે. આ સંજોગોમાં એક વર્ષ માટેનો કરાર કરવામાં આવે છે તે ઉચિત નથી. તેમાંય આજકાલ એમબીએ થઈને આવેલા યુવાનો ટાર્ગેટ સાથે કામ કરે છે. ટાર્ગેટ ન મળે એટલે તે તરત જ નવા ડીલરને એપોઈન્ટ કરવાના રિપોર્ટ્સ ઉપર મોકલી દે છે. જૂના ડીલર અંગે



**હિતેન્દ્ર નાણાંવટી, પ્રમુખ**
**ફેડરેશન ઓફ ઓટો ડીલર્સ એસો.**

નેગેટિવ રિપોર્ટ આપવાનું ચાલુ કરી દે છે. હવે આ ડીલરને નિયુક્ત કરે તેની સામે કોઈ જ વાંધો ન હોઈ શકે. પરંતુ એક ડીલરની નજીકના વિસ્તારમાં જ બીજો ડીલર એપોઈન્ટ કરી દે તો તેને પરિણામે પહેલા ડીલરનો વેપાર ઘટી જાય છે. પહેલા ડીલર પાસે વેચાણ વધારવાનો આગ્રહ રાખવામાં આવતો હતો. તેને બદલે તેનું અત્યારનું વેચાણ પણ ઘટી જાય છે. કારણ કે બે ત્રણ કિલોમીટરના રેન્જમાં જ બીજો ડીલર પણ વેચાણ વધારી શકતો જ નથી. સહર્ષ દામાણી કહે છે, "પહેલા અને સ્થાનિક ડીલરને વિશ્વાસમાં લઈને તેની સાથે ચર્ચા કરીને નવી ડીલરશીપ ઓફર કરવાનો નિર્ણય લેવાવો જોઈએ. તેમ ન કરવામાં આવે તો નેગોશિયેશન કરવાની ક્ષમતા ઘટી જાય છે."

આમ બધી જ બાબતમાં કંપની પોતાનું ઊંચું માર્જિન રાખે છે.

પરિણામે ડીલર હોવા છતાંય તેમને ઘણાં મળવાને પાત્ર કામ મળી જ શકતા નથી. ડીલરના વર્કશોપમાં કામ કરાવવાને બદલે વાહન માલિકો નાના નાના રિપેરર્સ પાસે કામ કરાવવાનું પસંદ કરી રહયા છે. ડીલરશીપ આપતી કાર મેન્યુફેક્ચરિંગ કંપનીઓ શોરૂમમાં ટાઈલ્સ કેવા કલરની લગાવવી, ફર્નિચર પણ કેવા કલરનું અને ડીઝાઈનનું લગાવવું અને તે પણ કંપની પાસેથી જ લઈને લગાવવું તેવો દુરાગ્રહ રાખવામાં આવે છે. ટેલિવિઝન કેટલા ઈંચનું હોવું જોઈએ અને તે કઈ બ્રાન્ડનું લેવું જોઈએ તે પણ ડીલરશીપ ઓફર કરતી કંપનીઓ જ નક્કી કરે છે. સોફા કેવો હોવો જોઈએ તે પણ કંપની જ નક્કી કરે છે. ટીવી કેટલા ઈંચનું લગાવવું તે પણ પોતે જ નક્કી કરે છે. ડીલરશીપ લેનારના સાઈન બોર્ડ પર તેનું પોતાનું નામ પણ તેને લગાવવા દેવામાં આવતું નથી. મારુતિના ડીલર્સને નેક્સાનું જ બોર્ડ લગાવવું પડે છે. ડીલરશીપ લેવા માટે રૂ. 75 કરોડ જેટલું મોટું રોકાણ કરનારાઓના નામનો પણ તેઓ જરાય ઉલ્લેખ રાખતા જ નથી. આમ અત્યારે ડીલરશીપ આપનારાઓને ધરાર એક પક્ષી અને અન્યાયકર્તા જણાય છે. ભારતના કોન્ટ્રાક્ટ એક્ટ હેઠળ તેઓ તમામ શરતો નક્કી કરીને કામ ચલાવ્યા કરે છે. તેઓ આપે તેવો કરાર કરી લે છે.

આંતરરાષ્ટ્રીય અને ભારતીય એગ્રીમેન્ટમાં મોટો તફાવત જોવા મળે છે. વિદેશના ડીલર્સ માટે અલગ એગ્રીમેન્ટ અને ભારતના ડીલર્સ માટે અલગ ડીલર્સ હોય છે. વિદેશની કંપની ભારતમાં આવીને કામ કરે ત્યારે ડીલર્સ સાથે એકપક્ષી કરાર કરે છે. વિદેશમાં ડીલર્સ સાથે કરવામાં આવતા કરાર એક સરખો કે યુનિફોર્મ છે.

તેની તુલનાએ ભારતમાં પ્રોટેક્શન એક્ટ ન હોવાથી તેઓ ભારતના ડીલર્સ સામે તેમને અને માત્ર તેમને જ અનુકૂળ રહે તેવો એગ્રીમેન્ટ કરે છે. સહર્ષ દામાણી કહે છે, "ધંધો કરવાનો હોવાથી તેમના દ્વારા મૂકવામાં આવતી તમાકોમર્શિયલ વહેવારો માટે કરવામાં ભારતમાં ડીલર્સને પ્રોટેક્શ આપવા માટે કોઈ જ કાયદો નથી. અત્યારે માત્ર કોન્ટ્રાક્ટ એક્ટ હેઠળ જ કામ કરવામાં આવે છે. કોન્ટ્રાક્ટના ભંગને નામે જ કેસ કરવો પડી રહ્યો છે.



# દેશના અર્થતંત્રને પાંચ લાખ કરોડનું બનાવવા કેમિકલ ઉદ્યોગની ધા

## ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ વ્યવહારુ અભિગમ અપનાવે

- કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ટેક્નોલોજીને ધ્યાનમાં રાખીને તેના આઉટલેટ નોર્મ્સ નક્કી કરવા જોઈએ

- ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ ઓડિટ રિપોર્ટ તૈયાર કરાવવા માટે પોતે નક્કી કરી આપેલા ઓડિટર અને પોતે જ નક્કી કરી આપેલી ફી ચૂકવવાની ફરજ પાડીને ઓડિટ રિપોર્ટ તૈયાર ન કરાવડાવે

## ● દૂષિત પાણીને ટ્રીટ કરવા માટે સામાન્ય ઘર કે દુકાનમાંથી નીકળતું ગટરનું પાણી મળતું હોય તો તેનો ઉપયોગ કરવા દો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભારતીય અર્થતંત્રને 2025ની સાલ સુધીમાં 5 લાખ કરોડની સપાટીએ લઈ જવાનો ઈરાદો રાખે છે. આ સ્થિતિમાં ઉદ્યોગો વિકાસ કરી શકે અને તેમના કામકાજના વિસ્તરણ કરી શકે તે માટે અનુકૂળ માહોલ હોવો જરૂરી છે. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના વાઈસ પ્રેસિડન્ટ યોગેશ પરીખે નવેમ્બરના પહેલા અઠવાડિયામાં કેન્દ્ર સરકારના કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ ડિપાર્ટમેન્ટના સચિવ અને આઈએએસ અધિકારી અરુણ બારોકોને આપેલા પત્રમાં જણાવ્યું છે કે, "કેમિકલના ક્ષેત્રમાં આવી રહેલા નવા એકમોને પર્યાવરણની મંજૂરી વહેલામાં વહેલી મળી જવી જોઈએ. તેમાં વિલંબ ન થવો જોઈએ. વિલંબ ન થાય તે માટે અત્યારની પ્રક્રિયામાં ફેરફાર કરવો જરૂરી છે. પ્રદુષણ નિયંત્રણ માટે રાજ્યના પ્રદુષણ નિયંત્રણ બોર્ડસ જુદાં જુદાં ઉદ્યોગો માટે જુદાં જુદાં નોર્મ્સ તૈયાર કરવા જોઈએ. કેમિકલ-ડાઈઝ એન્ડ ઈન્ટરમિડિયેટ્સ, ટેક્સટાઈલ અને ફૂડ ઈન્ડસ્ટ્રીઝને માટે એક સમાન નોર્મ્સ મૂકે તે ઉચિત નથી. તેમાં વહેવારો અભિગમ રાખવામાં આવે તેવી અમારી લાગણી અને માગણી છે. પોલ્યુટન્ટ્સના ટકા ઘટતા જાય તે રીતે નોર્મ્સ સેટ કરવા જોઈએ. ડાઈઝ એન્ડ ઈન્ટરમિડિયેટ્સના એકમમાંથી નીકળતા પ્રદુષિત પાણીમાંના સીઓડી-કોમન ઓક્સિજન ડિમાન્ડમાં 98 ટકાનો ઘટાડો કરવાનો નિયમ રાખે તો તે ડાઈઝ એન્ડ ઈન્ટરમિડિયેટ્સ અને ફાર્મા ઉદ્યોગના એકમો માટે શક્ય જ નથી." આ હકીકતથી રાજ્યના પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ સુમાહિતગાર છે. છતાંય તેઓ આ દિશામાં સક્રિય થતાં જ નથી. તેથી જ મલ્ટીઈફેક્ટ ઈવેપોરેટર-એમઈઈનો ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સ્પ્રે ડ્રાયરની મદદથી ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જની પદ્ધતિને જ અનુસરવાની ભલામણ કરી રહ્યા છે. યોગેશ પરીખ કહે છે, "ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ માટે મલ્ટી ઈફેક્ટ ઈવેપોરેટર્સનો ઉપયોગ કરવાને પરિણામે જળનું પ્રદુષણ ઘટે છે, પરંતુ વાયુનું પ્રદુષણ વધે છે. કારણ કે તેને માટે ફોસિલ ફ્યુઅલ્સનો વધુ ઉપયોગ કરવો પડી રહ્યો છે. તેમ જ વીજ ઉર્જાનો ઉપયોગ કરવો પડી રહ્યો છે. તેથી ગ્લોબલ વોર્મિંગની સમસ્યા પણ વકરે જ છે." ગુજરાતમાં 30થી વધુ સીઈટીપી છે. આ સીઈટીપી કઈ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ચલાવવામાં આવી રહ્યા છે તે જોઈને પછી જ આઉટલેટના નોર્મ્સ નક્કી કરવા જોઈએ. દરેક સીઈટીપી માટે એક સમાન નોર્મ્સ લાવવામાં આવે તો ઉચિત નથી. દરેક સીઈટીપીને એક નિયમથી ચલાવવા યોગ્ય નથી.

### ઘનકચરાના નિકાલ માટેની જમીન સરકાર નોટિફાય કરી આપે

પર્યાવરણ જાળવણી ધારા 1986માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ રાજ્ય સરકાર દૂષિત ઘનકચરાનો નિકાલ કરવા માટે જગ્યા રાજ્ય સરકારે જ નોટિફાય કરીને ઉદ્યોગોને આપી દેવી જોઈએ. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝે માગણી કરી છે કે સરકાર નોટિફાય કરીને સીઈટીપી કે ઘનકચરાના નિકાલ માટેની-ટીએસડીએફ સાઈટ બનાવવાની જગ્યા આપે તો તેને પરિણામે પબ્લિક હિયરિંગની જફામાંથી મુક્તિ મળી શકે છે. લોકોના આંદોલનને કારણે સીઈટીપી બનાવવા માટેના ઘણાં પ્રોજેક્ટ લાંબા સમયથી પેન્ડિંગ છે. ગુજરાતના પ્રદુષણ નિયંત્રણ બોર્ડે તથા વન અને પર્યાવરણ ખાતાએ કે પછી કેન્દ્રિય પ્રદુષણ નિયંત્રણ બોર્ડે પ્રોજેક્ટને લીલીઝંડી આપી દીધી હોવા છતાંય આ પ્રોજેક્ટના કામકાજ આગળ વધી રહ્યા નથી. વિકસિત દેશોની બિનસરકારી સંસ્થાઓ-એનજીઓ તેમાં વાંધા વચકા કાઢીને ભારત જેવા વિકાસની કેડી પર દોડતા થઈ ગયેલા દેશોને આગળ વધતા અટકાવી રહ્યા છે. તેને પરિણામે ભ્રષ્ટાચાર વધે છે, પ્રોડક્શન કોસ્ટમાં વધારો થાય છે. તેમ જ મંજૂરી મળવામાં અસહ્ય વિલંબ થઈ જાય છે. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની માગણી છે કે, "સીઈટીપી અને ટીએસડીએફ સાઈટ જેવી તમામ ઉદ્યોગો માટેની સુવિધા ઊભી કરવા માટેનું માળખું બનાવવા પબ્લિક હિયરિંગ કરવાની વ્યવસ્થાને નાબૂદ કરી દેવી જોઈએ. આ વાતને ભૂતકાળમાં સરકાર માન્ય કરી ચૂકી છે. તેને માટે સરકારે નિયુક્ત

# ક્રિટીકલી પોલ્યુટેડની નવી ફોર્મ્યુલા તૈયાર કરાવો

કોઈપણ ઔદ્યોગિક વસાહતને ક્રિટીકલી પોલ્યુટેડ જણાવી તેના પર નિયંત્રણ લાદી દેવાને કારણે ઉદ્યોગોના વિસ્તરણના કામકાજો ઠપ થઈ જાય છે. તેમ જ સેપિ-ક્રિટીકલી પોલ્યુટેડ ઈન્ડસ્ટ્રીઝનો આંક નક્કી કરવામાં ઘણી બધી અનિયમિતતા જોવા મળી રહી છે. ગુજરાત ચેમ્બરના વાઈસ પ્રેસિડન્ટ યોગેશ પરીખ કહે છે, "કેન્દ્રના વન અને પર્યાવરણ ખાતાએ સેપી નિશ્ચિત કરવા માટેની ફોર્મ્યુલામાં ફેરફાર કરવો જરૂરી છે. આ ફોર્મ્યુલા બદલીને ત્યારબાદ નવેસરથી વહેલામાં વહેલી તેને અમલમાં મૂકવી જોઈએ." સેપીને આધારે જ એન્વાયર્નમેન્ટ ડેમેજ કોમ્પેન્સેશન અંગેનો નિર્ણય એક પક્ષી રીતે લેવામાં આવી રહ્યો હોવાનું જોવા મળે છે.



**યોગેશ પરીખ, વાઇસ પ્રેસિડન્ટ,**
ગુજરાત ચેમ્બર

તેને માટે સંબંધિત ઔદ્યોગિક એકમને આડેધડ પેનલ્ટી કરવામાં આવી રહી છે. આમ પેનલ્ટી નક્કી કરવાની સમગ્ર વ્યવસ્થા જ ક્ષતિયુક્ત છે. GPCBના અધિકારીઓ તેને જડતાથી વળગી રહે છે અને ઉદ્યોગ દ્વારા કરવામાં આવતી દલીલને ગ્રાહ્ય રાખતા નથી. તેને માટે પણ નવી ફોર્મ્યુલા તૈયાર કરવી હવે જરૂરી બની ગઈ છે. આ ફોર્મ્યુલાને આધારે જ એન્વાયર્નમેન્ટ ડેમેજ કોમ્પેન્સેશન નક્કી થવું જોઈએ. કુદરતી ન્યાયના સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને આ સમગ્ર પ્રક્રિયા સાથે સંકળાયેલા તમામ વ્યક્તિ કે વ્યક્તિઓના સમુહ સાથે ચર્ચા વિચારણા કરીને પછી જ તેમણે એન્વાયર્નમેન્ટ ડેમેજ કોમ્પેન્સેશન નક્કી કરવું જોઈએ.



## પ્રોડક્ટ મિક્સની પરવાનગીમાં અવરોધ દૂર કરો

કેમિકલ અને ઇન્ટરમિડિયેટ્સ ઇન્ડટસ્ટ્રીઝને પ્રોડક્ટ મિક્સમાં ફેરફાર કરવા માટે પણ પરવાનગી લેવી પડે છે. વાસ્તવમાં તેને કારણે પ્રદુષણ ન વધતું હોય અને સીઈટીપીના સંચાલકોને કે પછી સીઈટીપીના સભ્યને તેમાં કોઇ જ વાંધો ન હોય તો તેવા સંજોગોમાં પ્રદુષણ નિયંત્રણ બોર્ડ તરફથી કોઇ જ વાંધો ન લેવામાં આવે તે જરૂરી છે. તેના તરફથી કોઇ જ વાંધો ઊઠાવવામાં ન આવતો હોય તો પ્રદુષણ નિયંત્રણ બોર્ડે તેમાં કોઇ જ અવરોધ ઊભો ન કરવો જોઇએ. પ્રદુષણ નિયંત્રણ બોર્ડ પણ તેને માટે અલગથી અન્ડરટેકિંગ લઈને પ્રદુષણનો એટલે કે જળ અને વાયુ પ્રદુષણનો લોડ નહીં વધે તેવી બાંયધરી મેળવીને આગળ વધવાની છૂટ આપી શકે છે. હા, પ્રદુષણ નિયંત્રણ બોર્ડ તેને માટે પ્રોડક્ટ મિક્સમાં ફેરફાર કરનાર ઔદ્યોગિક એકમ દ્વારા કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ-સીઈટીપીના સંચાલકો વચ્ચે કોઇ વાંધાં વચકાં ન હોય તો તેમાં અવરોધરૂપ બનવું જોઇએ નહીં.



**અંકિત પટેલ,**
પૂર્વ પ્રમુખ, વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન

કરેલી પર્યાવરણના નિષ્ણાતોની કમિટીએ પણ લીલીઝંડી આપી જ હતી.” નરોડા એન્વિરો પ્રોજેક્ટ લિમિટેડના ચેરમેન શૈલેશ પટવારીનું કહેવું છે, “ઉદ્યોગો સહકારી ધોરણો ઘનકચરાના નિકાલ માટે સાઈટ કરે તો તેને થવા ન દેવામાં સરકારી અધિકારીઓની પણ ચોક્કસ ભૂમિકા હોય છે. તેની પાછળના તેમના ‘ગણિતો’ પણ હોય જ છે. નરોડાની ઔદ્યોગિક વસાહતે બાયડમાં ક્વોરી લીધી હતી. આ ક્વોરીમાં ઘનકચરાના નિકાલની સાઈટ થવા જ દીધી નહોતી. તેની સામે ઘનકચરાના નિકાલ માટેની ખાનગી સાઈટ થવા દેવામાં કોઈ જ વાંધો હોતો નથી. કારણ કે તેમની સાથેના અધિકારીઓના સેટિંગ બરાબર ચાલે છે. ઘનકચરાની સાઈટ માટેની પબ્લિક હિયરિંગમાં લોકો ધમાલ કરે છે અને નવા સાઈટ નિર્માણ થવા જ દેતા નથી.” સુરેન્દ્રનગરમાં આ પ્રકારની સાઈટ ચાલી શકતી જ નથી. સરકારની ઓથોરિટી અને વન અને પર્યાવરણ મંત્રાલય સાઈટને મંજૂર કરી દે તે પછી પબ્લિક હિયરિંગનો સવાલ ઊભો જ ન થવો જોઈએ. પબ્લિક હિયરિંગ કરાવવાનું જ ન હોય. વટવાની પણ ઘનકચરાની સાઈટ ચાલુ થવા દેવામાં આવતી નથી.

### ડીપ સી ડિસ્ચાર્જ માટેની પાઈપલાઈન નાખી આપો

કેમિકલ્સ અને ઈન્ટરમિડિયેટ્સના એકમો દૂર દરિયામાં તેમના પ્રવાહી કચરાનો નિકાલ કરવા માટેના ધોરણો પહોંચવાને સમર્થ છે. તેથી કેમિકલની દરેક ઔદ્યોગિક વસાહતને ડીપ સી ડિસ્ચાર્જ માટેની પાઈપલાઈન નાખી આપવાની માગણી કરવામાં આવી છે. ડીપ સી ડિસ્ચાર્જ માટેની પાઈપલાઈન નાખી આપવામાં આવશે તો તેને પરિણામે જંતુનાશક દવાઓ, કેમિકલ, ફાર્માસ્યૂટિકલ્સ અને ટેક્સટાઈલના એકમોને મોટી રાહત મળશે. આ ચારેય ઈન્ડસ્ટ્રીની વાત કરવામાં આવે તો તેઓ સાથે મળીને કરોડો લોકોને સીધી અને આડકતરી રોજગારી આપે છે. તેમના થકી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારને પણ તગડી આવક થાય જ છે. ડીપ સી ડિસ્ચાર્જ માટેની પાઈપલાઈન નાખી આપવામાં આવશે તો તેને પરિણામે નદી, ખાડી, તળાવ, સરોવર સહિતના જળ સંચય એકમોમાં કોઈ જ પ્રદુષણ થશે નહીં. બીજું તેને કારણે થઈ રહેલા કોર્ટ કેસોની જફામાંથી મુક્તિ મળી જશે. તેની સાથે જ ગ્લોબલ વોર્મિંગની સમસ્યા પણ હળવી થશે, કારણ કે ફોસિલ ફ્યુઅલ્સનો અને કોલસાનો વપરાશ પણ ઘટશે. વીજળીનો વપરાશ ઘટશે. વિશ્વના વિકસિત દેશોમાં ડીપ સી ડિસ્ચાર્જની છૂટ આપવામાં આવેલી છે.

### એન્વાયર્નમેન્ટ ક્લિયરન્સની સિસ્ટમમાં સુધારા જરૂરી

ગુજરાત ચેમ્બરે કેન્દ્ર સરકાર સમક્ષ કરેલી રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે કોઈ ઔદ્યોગિક એકમ નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરીને કે નવી પ્રોસેસનો અપનાવીને તેના હાલના પ્રોડક્ટ્સના કુલ ઉત્પાદનના જથ્થામાં વધારો કરે એટલે કે એડિશનલ ઉત્પાદન ચાલુ કરે અને તેનાથી પ્રદુષણમાં કોઈ જ વધારો ન થતો હોય તો તેવા સંજોગોમાં વધારે રકઝક કર્યા વિના એન્વાયર્નમેન્ટ ક્લિયરન્સ આપી દેવું જોઈએ.

હા, જે તે ઉત્પાદન એકમને તેને માટે સીઈટીપી કે પછી રાજ્યના પ્રદુષણ નિયંત્રણ બોર્ડમાં જળ કે વાયુ પ્રદુષણમાં કોઈ જ વધારો નહીં થાય તેવી લેખિત રજૂઆત કરવાની સંબંધિત ઔદ્યોગિક એકમને ફરજ પાડીને એન્વાયર્નમેન્ટ ક્લિયરન્સની વ્યવસ્થાને સરળ બનાવી દેવી જોઈએ.

### આર-કેટેગરીના ઉદ્યોગોએ આદેશનું પાલન કર્યું

કેન્દ્રિય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ અને ગુજરાત



પ્રદુષણ નિયંત્રણ બોર્ડે આર-કેટેગરીમાં આવતા દરેક ઉદ્યોગને તેમની ફેક્ટરી કે કંપનીના આઉટલેટ્સ પાસે ઓઈએમએસ લગાવવાની સૂચના આપી છે. આ ઓઈએમએસ તેમણે નક્કી કરી આપેલા વેન્ટર પાસેથી જ લેવાની સૂચના આપવામાં આવેલી છે. આર-કેટેગરીમાં આવતા દરેક ઉદ્યોગોએ તેનું પાલન કર્યું છે. તેને પરિણામે તેમની કંપની કે ફેક્ટરીના આઉટલેટ્સ પાસેથી નીકળતા દૂષિત પાણીની ક્વોલિટીની દર 15થી 30 મિનિટે મોનિટરિંગ થાય છે. આ અંગેનો ડેટા સીપીસીબી અને જીપીસીબીના ઓફિસના નેટવર્ક પર ડાયરેક્ટ ટ્રાન્સમિટ થઈ જાય છે. કંપનીના આઉટલેટ પાસેનું ડિસ્ચાર્જ જીપીસીબી કે સીપીસીબીએ નક્કી કરી આપેલા ધોરણો પ્રમાણેનું ન હોય તો તેવા સંજોગોમાં એલર્ટનો મેસેજ પણ સરકારી કચેરીના નેટવર્ક પરથી જે તે ફેક્ટરી કે કંપનીને પહોંચી જાય છે.

### કોર્ટ કેસ થાય ત્યારે ઓઈએમનો ડેટા બતાવાતો નથી

સૌથી નવાઈ પમાડે તેવી બાબત તો એ છે કે ગમે ત્યારે કાનૂની કેસ થાય ત્યારે આ મોનિટરિંગ યુનિટ્સના ડેટા મોજૂદ હોવા છતાં જીપીસીબી કે સીપીસીબીના અધિકારીઓ કે પછી બિનસરકારી સંસ્થાઓ-એનજીઓ મેન્યુઅલ સેમ્પલ્સને આધારે તૈયાર કરવામાં આવેલા પ્રદુષણ અંગેના ડેટા જ કોર્ટ સમક્ષ રજૂ કરે છે. મેન્યુઅલી તૈયાર કરવામાં આવેલો ડેટા વિશ્વસનિય નથી. તેમ જ એકપક્ષી પણ છે. તેમાં પારદર્શકતાનો અભાવ છે. આ સંજોગોમાં ઓઈએમ થકી જનરેટ થયેલા ડેટાનો જ લીગલ કેસના કિસ્સામાં ઉપયોગ કરવામાં આવે તેવી અમારી લાગણી અને માગણી છે. મોનિટરિંગ એજન્સીઓ સમયાંતરે ઓઈએમની ચકાસણી કરી લે છે. તેના ડેટાની ચોકસાઈનો અભ્યાસ પણ કરી લે છે. તેની ચકાસણી કરીને માન્યતા આપવાની કામગીરી જીપીસીબી જ કરે છે.

### સીઈટીપીને ગટરના પાણીનો ઉપયોગ કરવા દો

કોમન એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચલાવનારાઓને કે પછી ઉદ્યોગોને સામાન્ય ઘરો કે દુકાનોમાંથી નીકળતું ગટરનું પાણી મળતું હોય તો તેને પ્રદુષિત પાણીને ટ્રીટ કરવા માટે ઉપયોગ કરવાની રાજ્યના પ્રદુષણ નિયંત્રણ બોર્ડે છૂટ આપવી જોઈએ. બાયોલોજિકલ ટ્રીટમેન્ટ માટે ગટરનું પાણી ઉપયોગી સાબિત થાય છે. તેમ કરવાથી મલ્ટી ઈફેક્ટ ઈવેપોરેટર-સ્પ્રેડ્રાયરનો ઉપયોગ કરવાનું ઓછી કરવાની તક મળશે. તેને કારણે કોલસા અને વીજળીના ખર્ચની બચત થશે. કોલસા અને વીજળીનો ઉપયોગ વધારે થાય તો તેને કારણે પણ ગ્લોબલ વોર્મિંગની સમસ્યા વકરે જ છે. તેમ કરવાથી ટેકનોલોજીની દ્રષ્ટીએ, આર્થિક દ્રષ્ટિએ પ્રદુષણના નિયમોનું પાલન કરવું સરળ બનશે.



**શૈલેશ પટવારી, ચેરમેન,**
નરોડા એન્વિરો પ્રોજેક્ટ લિમિટેડ

# ઔદ્યોગિક અકસ્માતમાં ઇન્ડિયન પીનલ કોડ ન લગાડો

ઉદ્યોગ હોય ત્યાં અકસ્માત થવાની શક્યતા રહેલી જ છે. અકસ્માત એ કુદરતી રીતે જ થાય છે. તેમાં જાણીબૂઝીને કશું જ કરવામાં આવતું નથી. તેથી ઔદ્યોગિક અકસ્માતને ઈન્ડિયન પીનલ કોડ હેઠળ ચલાવવામાં આવે છે તે યોગ્ય નથી. ઔદ્યોગિક એકમો ફેક્ટરી એક્ટ હેઠળ રજિસ્ટર થયેલા હોવાથી તેમને ફેક્ટરી એક્ટની જોગવાઈઓ લાગુ પડે જ છે. ફેડરેશન ઓફ સ્મોલ સ્કેલ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના નેશનલ વાઈસ પ્રેસિડન્ટ અને ગુજરાત ચેપ્ટરના પ્રેસિડન્ટ કે.ટી. પટેલનું કહેવું છે કે, “ફેક્ટરી અમદાવાદમાં હોય અને શેઠિયા મુંબઈમાં બેઠાં હોય તો પણ તેમની સામે અને કંપનીના ડિરેક્ટર સામે ઈન્ડિયન પીનલ કોડની કલમ 140 લગાવવામાં આવે છે. તેને માટે તેમની ધરપકડ પણ કરવામાં આવે છે. આ ઉચિત નથી. અકસ્માત આખરે અકસ્માત જ હોય છે. તે ડેલિબ્રેટ એક્શન નથી. તેથી આ પ્રકારે ધરપકડ કરવા જેવી જોગવાઈ કરવી તે ઉચિત નથી. તેમના પર સદોષ માનવ વધ-કલ્પેબલ હોમિસાઈડનો ગુનો નોંધાવવામાં આવે છે.

આ અસહ્ય છે.” એક જ ગુના માટે બે બે એજન્સીઓની તપાસનો સામનો કરવો પડી રહ્યો છે. ઉદાહરણ આપીને વાત કરવામાં આવે તો ઈન્ડસ્ટ્રીયલ એક્ટ હેઠળ ફેક્ટરી પરના અકસ્માતની તપાસ અને કાનૂન લાગુ કરવાની સત્તા ફેક્ટરી ઈન્સ્પેક્ટર પાસે હોય છે. ફેક્ટરી ઈન્સ્પેક્ટર ગુનો તો નોંધે જ છે. તદુપરાંત પોલીસ પણ કંપની કે ફેક્ટરી માલિક સામે ગુનો નોંધે છે. તેમ જ તેમની ધરપકડ પણ કરે જ છે.



**કે. ટી. પટેલ, પ્રેસિડન્ટ ગુજરાત,**
ફેડરેશન ઓફ સ્મોલ સ્કેલ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રીઝ એસોસિયેશન



### એન્વાયર્નમેન્ટ ડેમેજ કોમ્પેન્સેશન બેફામ ઉપયોગ બંધ કરાવો

એન્વાયર્નમેન્ટ ડેમેજ કોમ્પેન્સેશનના હથિયારનો જવલ્લે જ ઉપયોગ કરવો જોઈએ. નોન કોમ્પ્લાયન્સની કોઈપણ ફરિયાદ આવે કે તરત જ એન્વાયર્નમેન્ટ ડેમેજ કોમ્પેન્સેશનને નામે તેઓ દંડ વસૂલી રહ્યા છે. જાણી બૂઝીને નિયમનો ભંગ કરનારાઓને માટે જ એન્વાયર્નમેન્ટ ડેમેજ કોમ્પેન્સેશનનું હથિયાર ઉગામવું જોઈએ. કમનસીબે કેમિકલ અને ઈન્ટરમિડિયેટ્સના નાના એકમો ધરાવનારાઓ એન્વાયર્નમેન્ટ ડેમેજ કોમ્પેન્સેશનને નામે 25 લાખ જેટલી મોટી રકમ ભરવાની ફરજ પાડવામાં આવી રહી છે. સંબંધિત ફેક્ટરી કે કંપની એન્વાયર્નમેન્ટ ડેમેજ કોમ્પેન્સેશનની રકમ જમા ન કરાવે ત્યાં સુધી તેમને તેમનું એકમ ચાલુ પણ કરવા દેવાતું નથી. આમ દંડ ભરવાની જવાબદારી નાખવાની સાથે આવક કરવાનો રસ્તો પણ બંધ કરી દેવામાં આવે છે. આ બાબતમાં વહેવારું અભિગમ અપનાવવામાં આવે તે જરૂરી છે. આ ભૂલ કે ગુનો કરનાર એકમને પંદર દિવસ સુધી તેમના એકમો બંધ રાખીને જતાં કરવાની જ સજા કરવી જોઈએ તેવી ગુજરાત ચેમ્બરે લખેલા પત્રના માધ્યમથી માગણી કરવામાં આવી છે. હા, કોઈ ખાનગી આઉટલેટ્સ બનાવીને ગંદાપાણીનો ખુલ્લામાં જમીન, પાણી અને જંગલને નુકસાન પહોંચાડવાનું કામ કરે તો તેવા સંજોગોમાં તેમના એકમો બંધ કરવા ઉપરાંત એન્વાયર્નમેન્ટ ડેમેજ કોમ્પેન્સેશન પણ લેવું જોઈએ.

### એન્વાયર્નમેન્ટ ઓડિટર પોતાની રીતે પસંદ કરવાની ઉદ્યોગને છૂટ આપો

માત્ર ગુજરાતના એકમોન જ એન્વાયર્નમેન્ટ ઓડિટ કરાવીને વાર્ષિક રિપોર્ટ ફાઈલ કરવાની ફરજ પાડવામાં આવી રહી છે. આ ઓડિટ રિપોર્ટ GPCBએ નક્કી કરી આપેલા ઓડિટર પાસેથી જ તૈયાર કરાવવાની સૂચના આપવામાં આવેલી છે. આ વ્યવસ્થા કુદરતી ન્યાયના સિદ્ધાંતની વિરુદ્ધ છે. આ વ્યવસ્થા કાયદાના ભંગ સમાન પણ છે. આ ઓડિટ કરાવવા મેટની ફી પણ આડેધડ વસૂલવાનો આદેશ પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કરવામાં આવી રહ્યો છે. ગુજરાત ચેમ્બરે દરેક ઔદ્યોગિક એકમને તેમની પોતાની રીતે ઓડિટરની પસંદગી કરવાનો અધિકાર આપવાની માગણી કરી છે. હા, તે ઓડિટર જીપીસીબીએ નક્કી કરેલી પેનલમાંથી જ હોવો જરૂરી છે. તેમ જ તેમની ફી જીપીસીબી દ્વારા જ નક્કી ન કરાવાવી જોઈએ.

## CETPમાં 95 ટકા નોર્મ્સ આવે તો સ્વીકારી લેવું જોઈએ

કોમન એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અંગે વાત કરતાં ભૂપેન્દ્ર પટેલનું કહેવું છે કો “કલર્સ અને ટીડીએસના નોર્મ્સ આપ્યા હોય તેમાંથી 90થી 95 ટકા નોર્મ્સ એચિવ થઈ જતાં હોય અને એક બે નોર્મ્સ ન એચિવ થતાં હોય તો તેમના 100 ટકા થયું હોવાનું સ્વીકારીને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડે વહેવારું અભિગમ અપનાવવો જોઈએ. નોર્મ્સ સો ટકા આવે તો જ ઈન્ડસ્ટ્રીને સાચી ગણવાનું વલણ ત્યજી દેવું જોઈએ. ઉદાહરણ આપીને વાત કરીએ તો ટીડીએસનું 2100નો નોર્મ્સ કોઈપણ કેમિકલ ઈન્ડસ્ટ્રીના એકમમાં આવી શકે જ નહીં. બધું જ રૂલ્સ પ્રમાણે કરવા જઈએ તો 80 ટકા ઠપ થઈ જાય. જે સીઈટીપીના નોર્મ્સ 95 ટકાથી વધારે આવતા હોય તેમને વિસ્તરણ કરવાની કે પછી તેમની કેપેસિટી વધારવાની છૂટ આપવી જોઇએ. તેમને છૂટ આપવામાં આવશે તો ઘણા નાના એકમોને સપોર્ટ મળી રહેશે. જીપીસીબી અધિકારીઓ જડ અભિગમ રાખીને પ્રેક્ટિકલ બનતા જ નથી. બીજીતરફ સરકારે પણ થોડી ફ્લેક્સિબલ બનવું જોઈએ.”



## સીઈટીપીની કોઇ સોલીડ વેસ્ટની સાઈટ જ નથી

ટીએસડીએફ સાઈટ સહકારી ધોરણે ડેવલપ જ થઈ શકતી નથી. તેની પબ્લિક હિયરિંગ કોમ્પ્લિકેટેડ છે. કોઈ વિરોધ કરે અને સંતોષ થાય તેવો જવાબ ન મળે તો તે સાઈટ થઈ શકતી નથી. ટીએસડીએફ સાઈટ બનાવવા માટે પહેલા જમીન લેવી પડે છે. ત્યારબાદ એન્વાયર્ન ક્લિયરન્સ માટે અરજી કરવાની. ત્યારબાદ બે વર્ષ સુધી હિયરિંગ ન આવે તો તેની રાહ જોવી પડે છે. બે વર્ષ સુધી તે જમીન અને ઈન્વેસ્ટમેન્ટ આઈડલ પડી રહે છે. ટીએસડીએફ સાઈટ માટેના નિયમો સ્પેસિફિક છે. ગામથી, તળાવથી કે વૉટર બોડીથી કેટલા દૂર રાખવા તે નક્કી કરેલું છે. આ બધું જોઈને જમીન પસંદ કરે તો પણ પબ્લિક હિયરિંગમાં તેની સામે વાંધો આવે તો તે પ્રોજેક્ટ પડતો મૂકી દેવો પડી રહ્યો છે.

આજે ગુજરાતમાં એક પણ સીઈટીપી પાસે પોતાની ટીએસડીએફ સાઈટ એટલે કે ઘન કચરાનો નિકાલ કરવાની સાઈટ જ નથી. છેલ્લા પંદર વર્ષમાં સીઈટીપીની એક પણ ઘનકચરાની સાઈટ બની નથી. તેની સામે ખાનગી પાર્ટીઓને પણ ટીએસડીએફ સાઈટ એટલે કે ઘનકચરાના નિકાલની સાઈટ આપે છે. તેને પણ સરકાર તરફી ગ્રાન્ટ મળે છે. તેથી તેઓ સાઈટ બનાવી બેસી ગયા છે. ટીએસડીએફ સાઈટ માટેનો એક નિયમ એવો પણ છે કે એક ટીએસડીએફ સાઈટ બને તે પછી તેની 400 કિલોમીટરની રેન્જમાં બીજી સાઈટ ન થવી જોઈએ. આ સ્થિતિમાં પહેલી સાઈટ ધરાવનારનો મત લેવાનો નિયમ છે. સહજ છે કે તે તેને માટે ધરાર ના જ પાડી દેશે. તેથી જ વટવા જીઆઈડીસીએ બનાવવા ધારેલી ટીએસડીએફની સાઈટ બની જ શકી નથી.



# ખોટી માહિતી આપનારા બેન્કર્સને પણ દંડ કરાશે

બેન્કો સાથે થતાં ફ્રોડને રોકવા અને ગુનેગારો સામે કડકમાં કડક પગલાં લેવા ભારત સરકાર તત્પર બની રહી છે. બેન્કોએ સ્પેશિયલ મેન્સન એકાઉન્ટની જાણ રિઝર્વ બેન્કને કરવાની હોય છે. આ જાણકારી ન આપવી કે સમયસર જાણકારી આગળ ન પહોંચાડવી તે પણ ગુનો જ ગણાય છે. આ ગુના માટે સજા કરવાની જોગવાઈ સરકાર લાવી રહી છે. કારણ કે બેન્કો પાસેથી મોટી રકમની લોન લઈને પછી નાણાં પરત ન કરવાના કિસ્સાઓ વધી રહ્યા છે. તેમાં બેન્કના પૈસા ડૂબે છે. બેન્કના શેર્સ ધરાવતા શેરહોલ્ડરને મળવું જોઈએ તેટલું વળતર મળતું નથી. બેન્કનો ખાસ્સો નફો એનપીએ સામે પ્રોવિઝન કરવામાં જ વપરાઈ જાય છે. આ સ્થિતિમાં મોટી રકમના એટલે કે કરોડોના ધિરાણ લઈને પછી નાણાં ન ભરી વધી રહેલા ડિફોલ્ટર્સની સંખ્યામાં કોઈ જ વધારો ન આવે તે માટે કાયદાકીય જોગવાઈમાં ફેરફાર આવી રહ્યા છે. આ ફેરફાર તે અંગેની માહિતી સમયસર ન આપવા બદલ મોટી રકમનો દંડ કરવાના સ્વરૂપમાં આવી રહી છે. આ ગુનાઓમાં જે તે એજન્સીઓ સમક્ષ બેન્કો, નાણાં ઊછીના લેનારાઓ કે પછી અન્ય કોઈ સંસ્થા દ્વારા યોગ્ય, સાચી અને પૂરતી માહિતી ન જાહેર કરવામાં આવે તો તેને માટે આકરામાં આકરો દંડ લેવાની જોગવાઈ કરવામાં આવી રહી છે.

**● કેન્દ્ર સરકાર દ્વારા બેન્કિંગને લગતા પાંચ કાયદાઓની 110 કલમોમાં લાવવામાં આવી રહેલા નવા સુધારાઓ**

બીજું, બેન્કિંગના નિયમોની સતત અવગણના કરવામાં આવે તો તેવા સંજોગોમાં રોજના રૂ. 100ને બદલે રૂ. 7500નો દંડ લેવાની જોગવાઈ કરવામાં આવી રહી છે. આ જોગવાઈ હેઠળ સરવૈયું કે અન્ય કોઈ દસ્તાવેજ અથવા તો કંપનીને કે સંસ્થાને લગતી માહિતી આપવી કે પૂરી પાડવી જરૂરી છે. પરંતુ સંબંધિત સંસ્થા તે અંગે જાણીબૂઝીને ખોટું નિવેદન આપે કે તો તેવા કિસ્સાઓમાં તેને ગુનો ગણવામાં આવશે. તેમ જ આ ગુના માટે ત્રણ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. તેમ જ તેને માટે દંડ પણ થઈ શકે છે. આ જ રીતે કલમ 47(2)માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ કોઈ સંસ્થા ચોપડાઓ, વાર્ષિક હિસાબો કે અન્ય કોઈ દસ્તાવેજો ખોટા આપે કે તેને લગતી ખોટી માહિતી આપે અથવા તો સાચી માહિતી આપવામાં નિષ્ફળ જાય તો તેવા સંજોગોમાં પ્રત્યેક ગુના માટે રોજના દંડની રકમમાં વધારો કરવામાં આવ્યો છે.



**અશોક મંકોડી, સેક્રેટરી**
અમદાવાદ બેન્કર્સ ક્લબ

આ માટે ડિપોઝિટ ઈન્સ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરન્ટી, ફેક્ટરિંગ રેગ્યુલેશન એક્ટ 2011, પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એક્ટ તથા નાબાર્ડ અને નેશનલ હાઉસિંગ બેન્કને નિયંત્રિત કરતાં કાયદામાં પણ સુધારો કરવામાં આવશે. આર્થિક ગુનાઓને ડિક્રિમિનલાઈઝ કરવાની સરકારની ઝુંબેશના ભાગ રૂપે આ ફેરફાર કરવામાં આવી રહ્યા છે. તેની મદદથી પેઢીઓ, કંપનીઓ પર કોમ્પ્લાયન્સનો બોજો હળવો કરી




દેવાનો ઈરાદો છે. આ માટે સજાની જોગવાઈ હળવી કરીને દંડ વધારી દેવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ રીતે કાયદાકીય જોગવાઈનું પાલન ન કરવાની માનસિકતાથી લોકોને દૂર લઈ જવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ સુધારા માટેના બિલને અમ્બ્રેલા બિલ તરીકે ઓળખાવવામાં આવશે.

**ડિપોઝિટ ઇન્સ્યોરન્સ એક્ટમાં સુધારા કરાશે**

સમગ્રતયા બેન્કિંગ સિસ્ટમને લગતાં પાંચ કાયદાઓમાં ફેરફાર કરીને તેને વધુ ધારદાર અને અસરકારક બનાવવાનું આયોજન સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે. તેમ જ ડિપોઝિટ ઈન્સ્યોરન્સને લગતા કાયદામાં સુધારા દાખલ કરવાની તજવીજ કરવા માંડી છે. ડિપોઝિટ ઈન્સ્યોરન્સના પ્રીમિયમ ભરવામાં બેન્કો ઓછી ડિપોઝિટ બતાવીને કદાચ ઓછા ખાતેદારનું પ્રીમિયમ ભરીને ડીઆઈસીસીજીને ગેરમાર્ગે દોરીને ઓછા પ્રીમિયમે વધુ લાભ લઈ જતી હોવાની લાગણી છે. તેથી જ ડિપોઝિટ ઈન્સ્યોરન્સને લગતી કાયદાકીય જોવામાં પણ ફેરફાર કરવામાં આવી રહ્યો છે.

આ જોગવાઈ મુજબ ડિપોઝિટ ઈન્સ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરન્ટી કોર્પોરેશન એક્ટની કલમ 47માં કરવામાં આવેલી જોગવાઈ હેઠળ કોઈપણ સંસ્થા દ્વારા એકાઉન્ટ્સની વિગતો કે હિસાબી ચોપડાઓ રજૂ કરવામાં ન આવે કે તેમાં ગલ્લાંતલ્લાં કરવામાં આવે તો તેવા સંજોગોમાં દરેક ગુના માટે સંસ્થાને રૂ. 1.5 લાખનો દંડ કરવાની જોગવાઈ દાખલ કરવામાં આવી રહી છે. અત્યારે આ દંડની રકમ માત્ર રૂ. 2000 જ છે. આ ગુનો એકવાર બન્યા પછીય તે ન કરવાની માનસિકતા ન આવે અને વારંવાર ગુનો કરતાં રહે તો તેવા સંજોગોમાં રોજના દંડની રકમ રૂ. 7500 કરી દેવામાં આવી છે.

આ બાબત ડિપોઝિટર્સના હિતને અસર કરે છે. પ્રીમિયમ ન ભરે અને બેન્કમાં અનિચ્છનિય સ્થિતિ નિર્માણ થઈ જાય અને વીમા ક્લેઈમ ન મળે તો ડિપોઝિટર્સને મળનારી રૂ. 5 લાખ સુધીની રકમ પણ ન મળે તેવી નોબત આવી શકે છે. કેટલીક બેન્કો ડિપોઝિટ ઈન્સ્યોરન્સનું પ્રીમિયમ સમયસર ભરતી નથી. ડિપોઝિટ ઈન્સ્યોરન્સનું પ્રીમિયમ સમયસર ભરે તો પણ પૂરતું ન ભરે તેવું બની શકે છે. દર છ મહિને તેમણે ડિપોઝિટ ઈન્સ્યોરન્સનું પ્રીમિયમ જમા કરાવવાનો નિયમ છે. આ નિયમનું પાલન કરવામાં ચૂક થાય તો તે ડિપોઝિટર્સ માટે જોખમી સાબિત થઈ શકે છે. તેથી જ તેથી ગુનો ગંભીર છે તેની કોઈ ના પાડી શકે તેમ નથી.

**દંડ કરવાને બદલે ઓટો ડેબિટની સિસ્ટમ લાવો**

જોકે અમદાવાદની જ એક અગ્રણી બેન્કના બેન્કર પોતાનું નામ ન આપવાની શરત સાથે જણાવે છે કે ડિપોઝિટ ઈન્સ્યોરન્સની બાબતમાં પેનલ્ટીની જોગવાઈ કરવી અનુચિત છે. રિઝર્વ બેન્ક પાસેની ડિપોઝિટના આંકડાઓ હોય જ છે. આ ડિપોઝિટ પર આપવાનું થતું પ્રીમિયમ આપો આવી જ વસૂલ થઈ જાય કે ઓટો ડેબિટ થઈ જાય તેવી વ્યવસ્થા કરીને આ વિવાદને વકરતો અટકાવી શકાય છે. તેમ કરવાને બદલે તે આકરો દંડ કરવાની જોગવાઈ લાવી રહી છે. તે યોગ્ય નથી. દંડ કરવાની જોગવાઈને બદલે ઓટો ડેબિટની જોગવાઈ વધુ સારો અને સરળ વિકલ્પ છે.

**નિકાસકારો માટેના ફેક્ટરિંગ એક્ટમાં પણ આવી રહેલો ફેરફાર**

ફેક્ટરિંગ રેગ્યુલેશન એક્ટ 2011ની જોગવાઈમાં પણ આ જ હેતુથી ફેરફાર કરવામાં આવી રહ્યા છે. અત્યારે કોઈ ચોક્કસ આર્થિક વહેવારની વિગતો બેન્ક કે પછી નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપની સેન્ટ્રલ રજિસ્ટ્રી સમક્ષ જાહેર ન કરે તો કલમ 19માં કરવામાં આવેલી જોગવાઈ હેઠળ સંબંધિત બેન્ક, નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપની કે પછી તેના સંબંધિત અધિકારીને રૂ. 5 લાખ સુધીનો દંડ કરવાની જોગવાઈ દાખલ કરવામાં આવી રહી છે. સામાન્ય રીતે અધિકારીને નહીં બેન્કને જ દંડ કરવામાં આવે છે. આ વિગતો ન આપવાનું ચાલુ રાખે તો રોજના રૂ. 10,000 પ્રમાણે દંડ કરવામાં આવશે. અત્યારે આ ભૂલ કરનારાઓને રોજના રૂ. 5000નો દંડ કરવામાં આવે છે. ફેક્ટરિંગ રેગ્યુલેશન એક્ટ 2011માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ નાની કંપનીઓને થનારી આવકના ઈન્સ્ટ્રુમેન્ટ્સ એટલે કે ચેક્સ બારોબાર કોઈ અન્ય બેન્ક કે નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપનીને આપીને તેની સામે રોકડ નાણાં મેળવી લે છે. આ સંજોગોમાં સંબંધિત સંસ્થાની કે નાની કંપનીની-ફેક્ટરીની કાર્યકારી મૂડીની તાત્કાલિક જરૂરિયાત તો પૂરી થઈ જશે. પરંતુ તેને દંડને પાત્ર ગુનો ગણવામાં આવશે.

કોર્પોરેટ ટ્રેઈનર અને અમદાવાદ બેન્કર્સ ક્લબના સેક્રેટરી અશોક મંકોડી ફેક્ટરિંગ એક્ટની વાત કરતાં જણાવે છે કે, “ફેક્ટરિંગ એક કોમર્શિયલ સર્વિસ છે.તેમાં બુક ડેટ કલેક્ટ કરવામાં આવે છે. તેમ જ તેની સામે ફાઈનાન્સ પણ કરવામાં આવે છે. આ ફેક્ટરિંગ રિસ્ક સાથે-રિકોર્સ સાથે અને રિસ્ક-રિકોર્સ વિના બેડ ડેટ-ફસાયેલી મૂડી સામે ધિરાણ કરવામાં આવે છે.



ભારતમાં રિસ્ક લઈને એટલે કે રિકોર્સ વિના અથવા તો ધિરાણના નાણાંની સલામતીને ધ્યાનમાં લીધા વિના જ ધિરાણ આપવાની છૂટ નથી.” વાસ્તવમાં ફેક્ટરિંગ બેન્કના બિલ ડિસ્કાઉન્ટિંગની પ્રોસેસ છે. તેમાં બિલ ઓફ એક્સચેન્જ જ બહુધા હોય છે. તેને માટેની મહત્તમ મુદત 150 દિવસની હોય છે. તેમાં 60 દિવસના ગ્રેસ પિરિયડનો સમાવેશ થાય છે. ફેક્ટરિંગ હેઠળ રિકોર્સ વિના બિલ આપનારને ક્રેડિટ આપવામાં આવે છે. આમ વેચાણ કરનારને માથેનું જોખમ ખરીદી લેવા જેવી આ પ્રક્રિયા છે. તેમાં ક્રેડિટ પર આપેલી રકમ સામ જોખમ ઊભું થઈ શકે છે. ફેક્ટર એટલે કે ધિરાણ આપનાર ધિરાણ લેનારની આવક પર નજર રાખે છે. ધિરાણ લેનારે તો માત્ર ને માત્ર તેના ઉત્પાદન અને વેચાણ પર જ ફોકસ કરવાનું હોય છે. રિકોર્સ સાથે આપવામાં આવેલા ધિરાણના કિસ્સામાં ક્લાયન્ટ દ્વારા બિલનું પેમેન્ટ ન કરવામાં આવે તો તેવા સંજોગમાં ધિરાણ લેનારે ધિરાણ આપનારને તે બિલનું પેમેન્ટ કરી દેવાનું આવે છે. વેચાણ કરનાર સાથે તે માટે કરાર થાય છે. આ કરારનો અમલ ધિરાણ આપનાર દ્વારા કરવામાં આવે છે. આ કરાર ખરીદી પ્રમાણે કે એક એક બિલની રકમના પ્રમાણમાં થાય છે. આ રીતે ધિરાણ આપનારને વ્યાજની અને સર્વિસ ચાર્જની આવક થાય છે. નિકાસ કરનારાઓ ખાસ કરીને આ સુવિધાનો ઉપયોગ કરે છે.

### નેશનલ હાઉસિંગ બોર્ડ એક્ટ હેઠળ દંડની રકમમાં પાંચ ગણો વધારો

આ જ રીતે નેશનલ હાઉસિંગ બોર્ડ એક્ટની જોગવાઈઓનો ભંગ કરીને આચરવામાં આવેલા ગુનાઓમાં અને તેમાંય ખાસ કરીને સરવૈયાને લગતા ગુનાઓમાં દંડની રકમમાં પાંચ ગણો વધારો કરીને રૂ. 25000 કરવામાં આવી રહ્યો છે. નેશનલ બેન્ક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ એક્ટ 1981ની કલમ 56માં પણ સુધારો કરવામાં આવી રહ્યો છે. અત્યારે આ કલમ હેઠળ ગુનો બને તેવી પ્રવૃત્તિ કરનારને રૂ. 2000નો દંડ કરવામાં આવે છે. તેમાં ખાસ કરીને યોગ્ય સ્ટેટમેન્ટ ન આપવાના ગુનાનો જ સમાવેશ થાય છે. આ ગુના માટે દંડની રકમ રૂ. 2000થી વધારીને રૂ. 1.5 લાખ કરી દેવાનો નિર્ણય કરવામાં આવી રહ્યો છે. આ કલમ હેઠળ સંબંધિત સંસ્થાએ ભરવાના થતાં રિટર્ન સાથે, સરવૈયા સાથે કે અન્ય કોઈ દસ્તાવેજો રજૂ કરતી વળાએ કોઈપણ હેતુ સર આપવાની થતી માહિતી જાણીબૂઝીને ન આપે અને સમજીવિચારીને ખોટું નિવેદન આપે તો તેને માટે ત્રણ વર્ષની જેલ કરવા સુધીની સજા




## ● ડીઆઈસીજીના ડિપોઝિટ ઇન્સ્યોરન્સના પ્રીમિયમ ઓટોડેબિટની સિસ્ટમથી લઈ લેવાય તો પેનલ્ટી થવાની શક્યતા ઘટી જાય છે

કરવાની જોગવાઈ કરવામાં આવેલી છે. આ કેસમાં એકવાર ગુનો થઈ ગયા પછી સંબંધિત સંસ્થામાં ત્યારબાદ પણ સુધારો ન જોવા મળે તો તેને માટે રોજના દંડની રકમ વધારી દેવામાં આવી છે. અત્યારે આ ગુના માટે રોજના રૂ. 2000નો દંડ લેવામાં આવે છે. દંડની આ રકમ વધારીને રૂ. 1.5 લાખ કરી દેવામાં આવી છે. તેવી જ રીતે રોજનો વધારાનો રૂ. 7500નો દંડ કરવાની જોગવાઈ લાવવામાં આવી રહી છે. અત્યારે રોજનો રૂ. 100નો દંડ લેવામાં આવી રહ્યો છે.

### પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એક્ટ-2007 સુધારી 10 લાખના દંડની જોગવાઈ કરાશે

સરકારના 16 ખાતાઓને લગતા 35 કાયદાઓની 110 કલમોમાં ફેરફાર કરતો સુધારા ખરડો શિયાળુ સત્રમાં દાખલ કરવામાં આવશે. જુદાં જુદાં કાયદામાં સાગમટે ફેરફાર કે સુધારા કરવામાં આવી રહ્યા હોવાથી તેને અમ્બ્રેલા બિલ તરીકે ઓળખાવવામાં આવી રહ્યું છે. પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એક્ટ 2007ની વાત કરવામાં આવે તો તેની કલમ 30(1) હેઠળ કેટલીક જોગવાઈઓનો ભંગ કરવા બદલ રિઝર્વ બેન્કને બમણી પેનલ્ટી કે દંડ કરવાની સત્તા મળેલી છે. આ ગુનાઓમાં ખોટા સ્ટેટમેન્ટ રજૂ કરવા અથવા તો માહિતી છુપાવી રાખવા જેવા ગુનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ માટે રૂ. 10 લાખનો દંડ કરવાની જોગવાઈ દાખલ કરવામાં આવી રહી છે. પહેલા તેને માટે રૂ. 5 લાખનો દંડ કરવામાં આવતો હતો. અન્યથા આ પ્રકારના વહેવારમાં જેટલી રકમ સંકળાયેલી હોય તે રકમની બમણી રકમ જેટલો દંડ કરવાની જોગવાઈ દાખલ કરવામાં આવી રહી છે. આ બે રકમમાંથી જે રકમ વધુ થતી હોય તેટલી રકમનો દંડ કરવાની જોગવાઈ દાખલ કરવામાં આવી રહી છે.

અત્યારે જે દંડની રકમની જોગવાઈ કરવામાં આવી છે, તે જોગવાઈ ખરેખર દાખલ કરવામાં આવી ત્યારે તે રકમનો દંડ પણ બહુ જ મોટો ગણાતો હતો. માત્ર બહુ જૂના કાયદામાં જ નહીં, થોડા જૂના કાયદામાં કરવામાં આવેલી જોગવાઈઓ હેઠળ કરવામાં આવતો દંડ બહુ જ ઓછો લાગતો હોય તો તેવા કિસ્સાઓમાં દંડની રકમ વધારવામાં આવી રહી છે. તેમાંય ખાસ કરીને માહિતી છુપાવી રાખવાના કિસ્સાઓમાં દંડની રકમમાં ખાસ્સો વધારો કરવામાં આવી રહ્યો છે. આ રીતે માહિતી છુપાવવાની બાબતને આરંભમાં અવગણવામાં આવે તો સમય જતાં તે બહુ જ મોટી સમસ્યા ઊભી કરનારી સાબિત થાય છે.

સમગ્રતયા જોવામાં આવે તો દંડની રકમમાં વધારો કરવામાં આવ્યો છે. માહિતી છુપાવી રાખવાને પરિણામે સમય જતાં મોટી મુસીબત ઊભી થતી હોવાથી તેના પર ફોકસ કરીને આકરાં દંડની જોગવાઈ કરવામાં આવી છે.



# ડૉલર સામે ભારતીય રૂપિયો 83ની આસપાસની સપાટીએ રહે

**● ડૉલર સામે રૂપિયાના મુવમેન્ટનો આધાર ક્રૂડના ભાવની વધઘટ, ડૉલર - યુઆનના ભાવના ઇક્વેશન, FIIના માધ્યમથી ભારતમાં થતાં ઇન્વેસ્ટમેન્ટનો પ્રવાહ પર રહેશે**

ડિસેમ્બર 2022ના અંત સુધીમાં ભારતીય રૂપિયો અમેરિકી ડૉલર સામે 81.50થી 84.00ની રેન્જમાં રમતો રહે તેવી અમારી ધારણા છે. ફિનરેક્સના ચિંતન માસ્ટર કહે છે, "અમેરિકી ડૉલર સામે રૂપિયાના મુવમેન્ટનો આધાર ક્રૂડ ઓઈલના ભાવની વધઘટ પર તથા અમેરિકી ડૉલર અને ચાઈનીઝ યુઆનના ભાવના ઇક્વેશન, ફોરેન ઇન્સ્ટિટ્યૂશનલ ઇન્વેસ્ટર્સના ભારતમાં થતાં ઇન્વેસ્ટમેન્ટનો પ્રવાહ કેટલો રહે છે તેના પર પણ અમેરિકી ડૉલર સામે રૂપિયાના મૂલ્યમાં આવનારા ફેરફારનો મદાર રહેલો છે. ઉપરાંત રૂપિયાને સ્થિર રાખવા માટે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા કેવા પગલાં લે છે તેના પર પણ રૂપિયાના ડૉલર સામેના મૂલ્યનો મદાર રહેલો છે." રિઝર્વ બેન્કની દરમિયાનગીરીને કારણે અમેરિકી ફેડરલ રિઝર્વ બેન્કે ઓછી આક્રમકતા દેખાડી હોવાથી ડૉલર સામે રૂપિયો ગગડીને 83.00થી પણ નીચલી સપાટીએ ઉતરી ગયો હતો. પરંતુ વિદેશી સંસ્થાકીય રોકાણકારોના રોકાણ પાછા ખેંચાવા માંડતા, ચીનનો યુઆન નરમ પડતા, ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થતાં અને ડૉલર સામે રૂપિયાના ભાવમાં આવેલા ઘટાડાને પરિણામે ઓઈલ કંપનીઓએ કાઢેલી નવી લેવાલીને પરિણામે ભારતીય રૂપિયો વધુ નરમ પડતો અટક્યો હતો. આ લખાય છે ત્યારે ભારતીય રૂપિયો 82.47ની રેન્જમાં અથડાઈ રહ્યો છે. ભારતીય રૂપિયો સ્થિર રહે તે માટે રિઝર્વ બેન્ક યોગ્ય પગલાં લઈ રહી છે. અમેરિકી ડૉલર અને રૂપિયાના બજારમાં ટ્રેન્ડ ઉપરની તરફનો જ છે. તેથી ડૉલર સામે રૂપિયો ઘટશે તેમ તેમ તેની લેવાલી કરવાની તક મળતી જ રહેશે. લાંબા ગાળા સુધી બજારમાં આ વલણ જોવા મળી શકે છે.

ભારતીય રૂપિયા અને અમેરિકી ડૉલરના ભાવને અસર કરનારા મુખ્ય પરિબળોમાં ત્રીજી નવેમ્બરે મોનિટરી પોલીસી કમિટીની મળનારી બેઠકનો પણ સમાવેશ થાય છે. રિઝર્વ બેન્કે બોલાવેલી આ વધારાની બેઠક છે. આ બેઠકમાં લેવાનારો નિર્ણય ડૉલર રૂપિયાના ભાવ માટે મહત્વનો સાબિત થઈ શકે છે. જોકે આ બેઠકમાં ફુગાવાના દરને લઈને કેન્દ્ર સરકારને વિગતવાર અહેવાલ આપવાનો નિર્ણય લેવાયો છે. ફુગાવાના દરને નિયંત્રણમાં લેવા માટે રિઝર્વ બેન્ક દ્વારા અગાઉ લેવામાં આવેલા પગલાંનો ખાસ કોઈ પ્રભાવ બજાર પર જોવા ન મળ્યો હોવાથી તે અંગે ચર્ચા કરવા માટે જ ત્રીજી નવેમ્બરે આ ખાસ બેઠક બોલાવવામાં આવી છે. કાયદાકીય જોગવાઈ મુજબ ફુગાવાને અંકુશમા લેવામાં પોતે કેમ નિષ્ફળ ગઈ છે તે અંગે રિઝર્વ બેન્કે ભારત સરકારને ખુલાસો આપવો પડશે. તેની સાથે જ ફુગાવાનો નિયંત્રણમાં લેવા માટે રિઝર્વ બેન્કે કેવા પ્રકારના પગલાં લેવા માગે છે તેની જાણકારી પણ આપવાની રહેશે. આ સાથે જ ફુગાવાનો દર કેટલા સમયમાં નિર્ધારિત કરેલા દર કે લક્ષ્યાંકની અંદર આવી જશે તે અંગે પણ સરકારને સમજણ આપવી પડશે.

અમેરિકાની ફેડરલ ઓપન માર્કેટ કમિટી-એફઓએમસીની બેઠક પણ પહેલી અને બીજી નવેમ્બરે મળવાની છે. આ બેઠકમાં ફેડરલ રિઝર્વ બેન્ક તેના વ્યાજદરમાં 75 બેઝીસ પોઈન્ટ એટલે કે પોણા ટકાનો વધારો કરે તેવી અપેક્ષા રાખવામાં આવી રહ છે. સપ્ટેમ્બર 2021ની તુલનાએ સપ્ટેમ્બર 2022માં ફુગાવાનો દર 8.2 ટકા જેટલો ઊંચો હોવાથી વ્યાજના દરમાં પોણા ટકાનો વધારો કરવામાં આવે તેવી ધારણા બાંધવામાં આવી રહી છે. નવેમ્બર માસમાં 75 બેઝિસ પોઈન્ટ જેટલો મોટો વધારો કર્યા પછી ડિસેમ્બર 2022માં વ્યાજના દરમાં નાનો અમથો વધારો કરશે અને તે અંગે ફેડરલ રિઝર્વ બેન્કના અધિકારીઓ ચર્ચા વિચારણા કરવા તૈયાર છે. તેથી 75 બેઝિસ પોઈન્ટનો વધારો આવશે તે વાત માર્કેટ સાથે કનેક્ટેડ લોકોએ સહજ સ્વીકારી લીધી છે. જોકે તેને પરિણામે અમેરિકાની ફેડરલ રિઝર્વ બેન્કના અધિકારીએ કરેલી આક્રમક વાક્ પ્રહાર સાથેની રજૂઆતો પહેલા લેવામાં આવેલા પગલાંઓની બજાર પર પડેલી પોઝિટીવ અસરને

નાબૂદ કરી દીધી હતી અને મજબૂત બનવી માંડેલા ડૉલર ગગડવા માંડ્યો હતો. તમામ દેશના ચલણ સામે ત્યારબાદ અમેરિકી ડૉલર નરમ પડ્યો હતો.

બીજીતરફ કોવિડને કારણે ચીન પર વિશ્વભરમાંથી આવેલા અંકુશોને કારણે ચીનના અર્થતંત્રનો વિકાસ ધીમો થઈ ગયો છે. બીજું, ચીનના પ્રોપર્ટી માર્કેટમાં કટોકટી જેવી સ્થિતિ નિર્માણ થઈ છે. ત્રીજું, ચીનમાં પાવર શોર્ટેજ ઊભી થવાની સંભાવના નિર્માણ થઈ છે. આ ત્રણેય પરિબળોની અસર હેઠળ અમેરિકી ડૉલર સામે ચાઈનીઝ યુઆનનો ભાવ 7.35ની સપાટીથી નીચે ઉતરી ગયો છે. અમેરિકી ડૉલર સામે ચાઈનીઝ યુઆનના ભાવમાં આવેલો આ ઘટાડો 2008ની સાલ પછીનો મોટામાં મોટો ઘટાડો છે. યુઆનને ઘસારો લાગ્યો તેની અસર વિકસી રહેલા દેશોના બજારના ચલણ પર પણ અસર કરી છે. વિકસી રહેલા દેશોના બજારમાં ભારતીય બજારનો પણ સમાવેશ થાય છે. યુઆન ગગડી જતાં તે ભાવ સપાટીએ નફો બુક કરી લેવાનું ચલણ વધી જતાં ફરી તેમાં મજબૂતી જોવા મળી હતી. ચાઈનીઝ યુઆનનું અત્યારે 7.25ની ભાવ સપાટીએ ટ્રેડિંગ થઈ રહ્યું છે.

✓ ભૌગોલિક અને રાજકીય બાબતોની અસર પણ ફોરેક્સના બજાર પર જોવા મળી રહી છે. અમેરિકા-ચીન વચ્ચેના સંબંધોમાં તણાવ વધે, રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ વકરે, રશિયા અને યુરોપના દેશો વચ્ચેનો ગેસના પુરવઠાનો લગતો પ્રશ્ન વિકટ બને તથા બ્રિટનમાં કોઈ રાજકીય તણાવ ઊભો થાય તો તેની અસર વિદેશી હૂંડિયામણના માર્કેટના સેન્ટીમેન્ટ પર પડે જ છે. તેની અસર હેઠળ હૂંડિયામણના ભાવમાં અફરાંતફરી વધી જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો તોફાની વધઘટ જોવા મળે છે. નવેમ્બરમાં અમેરિકામાં યોજાઈ રહેલી વચગાળાની ચૂંટણી પર પણ ટ્રેડર્સ નજર માંડીને બેઠું છે. આ ચૂંટણીને અંતે રિપબ્લિકન પાર્ટી સંસદના બંને ગૃહો પર અંકુશ મેળવી લે તેવી સંભાવના છે. તેની અસર હેઠળ પણ ડૉલરના ભાવમાં અફરાંતફરી જોવા મળી શકે છે.



**ચિંતન માસ્ટર**
**પાર્ટનર, ફિનરેક્સ**

✓ બ્રેન્ટ ઓઈલના ભાવમાં સતત ચોથા મહિને ઘટાડો જોવા મળ્યા બાદ તેના ભાવમાં સુધારો જોવા મળી રહ્યો છે. એક તબક્કે બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ આઠ મહિનાની નીચી સપાટીએ એટલે કે બેરલદીઠ 83.71 ડૉલરની આઠ મહિનાની નીચી સપાટીએ આવી ગયો હતો. પરંતુ ત્યારબાદ તેમાં સુધારો જોવા મળ્યો છે. આ સુધારો 10 ટકાથી વધુ જોવા મળ્યો છે. બ્રેન્ટ ક્રૂડના ભાવ ઓક્ટોબર માસમાં ફરીથી વધીને બેરલદીઠ 98.66 ડૉલરની સપાટીને આંબી ગયો છે. અમેરિકી ડૉલર ઈન્ડેક્સ નરમ પડતા અને સપ્લાય અંગેની ચિંતા ઓછી થઈ જતાં ક્રૂડના ભાવને ટેકો મળી ગયો હતો. ક્રૂડની બહુ જ મોટી આયાત કરનાર ચીને કોવિડ-19ના ગાળામાં મૂકેલા અંકુશોનો વ્યાપ વધારી દીધો હોવાથી ક્રૂડના ભાવમાં હજીય મોટો વધારો થતો અટકી ગયો છે.

✓ વિદેશી સંસ્થાકીય રોકાણકારો તરફથી ભારતીય બજારમાં કરવામાં આવેલા રોકાણના બાહ્યપ્રવાહની એટલે કે રોકાણ પાછું ખેંચી લેવાની ચાલુ કરેલી પ્રવૃત્તિની પણ અસર જોવા મળી રહી છે. સતત બીજા મહિનામાં એટલે કે ઓક્ટોબર 2022માં એફઆઈઆઈની વેચવાલી જોવા મળી હતી. ઓક્ટોબરમાં 23.152 અબજ ડૉલર ભારતીય બજારમાંથી પાછા ખેંચી લેવામાં આવ્યા છે. 28મી ઓક્ટોબર, 2022ના દિવસે જ

## ● રશિયા - યુક્રેનનું યુદ્ધ વકરે, રશિયા-યુરોપ વચ્ચેનો ગેસના પુરવઠાનો પ્રશ્ન વિકટ બને તો વિદેશી હૂંડિયામણના માર્કેટના સેન્ટીમેન્ટ પર પડે

અંદાજે 32.6 કરોડ ડૉલરની વેચવાલી જોવા મળી હતી. જાન્યુઆરી-ડિસેમ્બર 2021ના ગાળામાં કુલ 7.06 અબજ ડૉલરનું એફઆઈઆઈનું રોકાણ ભારતીય બજારમાં આવ્યુ હતું. તેમાંથી એક જ દિવસે એટલે કે 28મી ઓક્ટોબર 32.6 કરોડ ડૉલરની વેચવાલી જોવા મળી હતી.

✓ 21મી ઓક્ટોબરે પૂરા થયેલા અઠવાડિયા પછીના સાત જ દિવસના ગાળામાં વિદેશી હૂંડિયામણના રિઝર્વમાં 3.9 અબજ ડૉલરનો ઘટાડો જોવા મળ્યો છે. જુલાઈ 2020 પછી વિદેશી હૂંડિયામણનું રિઝર્વ ઘટીને સોથી નીચી સપાટીએ આવ્યું છે. ફોરેક્સ રિઝર્વ 522.63 અબજ ડૉલરનું છે. આ ઘટાડાનું પ્રાથમિક મુખ્ય કારણ વિદેશી હૂંડિયામણની અસ્ક્યામતોમાં ઘટાડો થયો છે. આ અસ્ક્યામતો 3.5 અબજ ડૉલરના ઘટાડા સાથે 465 અબજ ડૉલર થઈ ગઈ છે. બીજીતરફ ભારતીય રૂપિયાને રૂ. 84થી પણ નીચી સપાટીએ ગગડતો અટકાવવા અને સ્થિર રાખવા માટે રિઝર્વ બેન્કે ઓક્ટોબર 2022માં અમેરિકી ડૉલરની મોટી વેચવાલી કરી હતી. પરિણામે સપ્ટેમ્બર 2021માં તેની ઐતિહાસિક ઊંચી સપાટી 642 અબજ ડૉલરે પહોંચેલું ફોરેક્સ રિઝર્વ 18.5 ટકા ગબડીને એટલે કે અંદાજે 118 અબજ ઘટીને 21મી ઓક્ટોબરે 524.52 અબજ ડૉલરની સપાટીએ આવી ગયું છે. ઓક્ટોબર 2022માં ફોરેક્સ રિઝર્વમાં 13 અબજ ડૉલરનો ઘટાડો થયો છે. રિઝર્વ બેન્કે રૂપિયાને ગગડતો અટકાવી સ્થિર રાખવા ડૉલરની કાઢેલી વેચવાલીને પરિણામે હૂંડિયામણના રિઝર્વમાં ઘટાડો થયો છે.

✓ આયાત અને નિકાસ વચ્ચેના ગાળામાં પણ સપ્ટેમ્બર 2022માં ઘટાડો થયો છે ઓગસ્ટમાં આ ગાળો 27.98 અબજ ડૉલરનો હતો તે સપ્ટેમ્બરમાં ઘટીને 25.71 અબજ ડૉલરનો થયો છે. ભારતમાંથી સપ્ટેમ્બર 2022માં 35.45 અબજ ડૉલરના મૂલ્યની વસ્તુઓની નિકાસ થઈ હતી. આમ નિકાસમાં અંદાજે 4.82 ટકાનો વધારો જોવા મળ્યો છે. તેની સામે આયાત પણ 8.66 ટકા વધીને 61.16 અબજ ડૉલરની થઈ છે. આમ ટ્રેડ ડેફિસિટમાં એટલે કે આયાત માટે કરેલા ખર્ચ અને નિકાસના માધ્યમથી કરેલી આવક વચ્ચેનો ગાળો 14. 4 ટકા જેટલો રહ્યો હતો. સપ્ટેમ્બર 2021માં આ ગાળો 22.47 અબજ ડૉલરનો હતો. વર્તમાન નાણાકીય વર્ષના .પહેલા છ માસને અંતે એટલે કે એપ્રિલ-સપ્ટેમ્બર 2022ના છ માસના ગાળામાં ભારતમાંથી 231.88 અબજ ડૉલરની નિકાસ થઈ છે. તેની સામે આયાત વધીને 380.34 અબજ ડૉલરની થઈ છે. આમ આયાત અને નિકાસ વચ્ચે 148.46 અબજ ડૉલરનો ગાળો રહ્યો છે.

✓ અત્યારે અમેરિકી ડૉલર સામે રૂપિયાનું મૂલ્ય ઘટતું જાય અને ડૉલર મોંઘો થતો જાય તેવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. અમેરિકાની ફેડરલ રિઝર્વ બેન્કે નક્કી કરેલો વ્યાજદરમાં વધારો થવા પર ડિસેમ્બર 2022થી અંકુશ આવતો જોવા મળી શકે છે. પરિણામે અમેરિકી ડૉલર સામે ભારતીય રૂપિયા 83થી નીચી સપાટીએ ન જાય તેવા નિર્દેશો મળી રહ્યા છે.

# કોર્પોરેટ ટેક્સમાં 15 વર્ષ સુધી રાહત આપવાને મુદ્દે મતભેદ

**● DESHના ખરડાની જોગવાઈ અંગે કેન્દ્રના બે ખાતાઓ વચ્ચે મતભેદ, નાણાં ખાતું બે મહત્વની દરખાસ્તને મંજૂર કરવા ઉત્સુક નથી**

ડેવલપમેન્ટ ઓફ આન્ત્રેપ્રેન્યોર એન્ડ સર્વિસિસ હબ-'દેશ' બિલમાં કરવામાં આવેલી જોગવાઈઓ મુદ્દે કેન્દ્ર સરકારના નાણાં મંત્ર્યાલય અને વાણિજ્ય મંત્ર્યાલય વચ્ચે મતભેદ ઊભા થયા છે. તેથી સ્પેશિયલ ઈકોનોમિનક ઝોન એક્ટની અવેજમાં આવી રહેલા નવા 'દેશ' એક્ટને લાવવામાં વિલંબ થઈ રહ્યો છે. ચોક્કસ શરતોને આધીન રહીને સ્થાનિક બજારમાં SEZમાં આવેલા એકમોને વેચાણ કરવાની છૂટ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. 'દેશ'ના ખરડાને કાયદામાં રૂપાંતરીત કરીને તેનો અમલ કરવાનું આયોજન કરાયું છે. તેમ જ કોર્પોરેટ ટેક્સના દર 15 ટકા રાખવામાં આવ્યા છે. આ રાહતના દરનો લાભ તેમને વધુ વર્ષ સુધી આપવાની જોગવાઈ અંગે મતમતાંતર ઊભા થયા છે. આ લાભ વધ 15 વર્ષ સુધી આપવામાં આવશે તો તેમાંના એકમોનું તેમાં રહીને કામ કરતાં રહેવાનું આકર્ષણ વધી જશે. આ બે મુદ્દાઓ વાણિજ્ય મંત્ર્યાલય નાણાં મંત્ર્યાલય વચ્ચેના વિવાદના મુદ્દા બની ગયા છે. નાણાં મંત્રાલય માને છે કે આ લાભ આપવાની કોઈ જરૂર નથી જ્યારે વાણિજ્ય ખાતુ માને છે કે આ લાભ આપવામાં આવશે તો ઈન્વેસ્ટરો નાણાં રોકવા માટે આકર્ષાશે. તેથી જ 'દેશ'નો ખરડો સંસદમાં રજૂ કરવામાં અવરોધ આવી રહ્યો છે. નાણાં ખાતું આ બંને દરખાસ્તને મંજૂર કરવા ઉત્સુક ન હોવાનો નિર્દેશ મળી રહ્યો છે. તેણે આ બે દરખાસ્તને મંજૂરી આપી જ નથી. SEZમાં નવા સ્થાપવામાં આવેલા (ગ્રીનફિલ્ડ) અને બ્રાઉનફિલ્ડ એકમોને ચોક્કસ શરતોને આધિન રહીને સ્થાનિક બજારમાં વેચાણ કરવાની છૂટ આપવાને મુદ્દે નાણાં ખાતા તરફથી હજી સુધી કોઈ જ મંજૂરી મળી નથી.

સ્પેશિયલ ઈકોનોમિક ઝોનની પ્રવૃત્તિમાં ખાસ્સો ઘટાડો આવી ગયો છે. વેરાના લાભ આપવાનું ઓછું કરી દેવાયું હોવાથી SEZના એકમોને તેમનાં એકમો ચાલુ રાખવામાં બહુ રસ જ રહ્યો નથી. તેથી તેમને પકડી રાખવા આ લાભ આપવા જરૂરી છે, કારણ કે આ એકમો થકી ફોરેક્સની સારી આવક થાય છે. નાણાં મંત્ર્યાલયને લાગે છે કે કસ્ટમ્સ વેરહાઉસિંગ સ્કીમમાં આપવામાં આવેલા લાભ જેવા જ આ લાભ છે. કસ્ટમ્સ વેરહાઉસિંગ સ્કીમમાં આપવામાં આવેલા લાભની યોજનાને SEZના એકમો તરફથી અપેક્ષા પ્રમાણે પ્રતિભાવ આપવામાં આવ્યો નથી. મનીષ જૈન કહે છે કે, નાણાં ખાતાના મતે બંને સ્કીમ સમાન હોવાથી એક પણ સ્કીમ વધુ સારું પરફોર્મ ન કરી શકે તેવી શક્યતા છે. તેથી જ નાણાં ખાતું આ લાભ આપવાને મુદ્દે સાશંક છે. બીજીતરફ વાણિજ્ય ખાતું SEZના એકમોને વધુમાં વધુ લાભ આપવાની તરફેણ કરી રહ્યું છે. તેમ કરવાથી SEZમાં નવા રોકાણો આવશે તેમ પણ તેઓ માની રહ્યા છે. તેને કારણે રોજગારી વધવા સહિતની અન્ય આવક વધશે. તેથી આવકમાં



પડનારા ગાબડાં કરતાં વધુ લાભ થઈ શકે છે."

વાસ્તવમાં 'દેશ'ના ખરડાની ઘણી જોગવાઈઓ લાભકર્તા છે. કસ્ટમ્સના કાયદાના જાણકાર અને એડવોકેટ મનીષ જૈન કહે છે, "SEZમાં તૈયાર કરેલો માલ નિકાસ કરવાને બદલે ભારતમાં જ વેચાય તો પહેલા તેના ફિનિશ્ડ ગુડ્સના મૂલ્ય પર કસ્ટમ્સ ડ્યૂટી લાગતી હતી તેને બદલે હવે ફિનિશ્ડ ગુડ્સમાં વપરાયેલા કાચામાલના મૂલ્ય પર જ કસ્ટમ્સ ડ્યૂટી વસૂલવામાં આવશે." આ બહુ જ મોટો ફેરફાર છે. બીજું, SEZ છોડીને નીકળી જવા માગતા એકમો હવે તેમ કરતાં અટકશે. આ દિશામાં પહેલ કરીને SEZને વધુ સ્પર્ધાત્મક બનાવી દેવામાં આવ્યા છે. ફોરેન એક્સચેન્જ ની આવક થાય કે ન થાય તમે SEZમાં પ્રોડક્શન યુનિટ્સ સક્રિય રાખી શકશે. હા, SEZના વિકલ્પે આવી રહેલો DESH- ડેવલપમેન્ટ ઓફ એન્ટરપ્રાઈસ એન્ડ સર્વિસ હબનો ખરડો ઉપર મુજબનો ફાયદો કરાવશે.

આ ખરડો SEZ એક્ટમાં ધરમૂળથી ફેરફાર લાવવા માટે તૈયાર કરાયો છે. હવે SEZના એકમો એક્સપોર્ટ કરે કે ન કરે તેને SEZના લાભ મળશે. હા, તેને માટેની શરતો હળવી કરી દેવામાં આવી રહી છે. તેથી અગાઉની માફક ફરજિયાત એક્સપોર્ટ કરવું પડશે નહીં. ડોમેસ્ટિક એરિયામાં પણ વેચાણ કરવા માટેની શરતો પણ હળવી કરી દેવામાં આવી છે. SEZમાં રહીને પણ ડોમેસ્ટિક એરિયામાં વેપાર કરવાનો મોકો તેમને ઊભો કરી આપવામાં આવ્યો છે. આમ તેમના વેપાર કરવાની ક્ષિતિજ વિસ્તારીને એક્સપોર્ટ ન થાય તો તેવા સંજોગોમાં પણ અસ્તિત્વ ટકાવી રાખવાનો અને SEZની બહાર નીકળી ન જવું પડે તે માટેનો રસ્તો કરી આપ્યો છે.

મનીષ જૈન આ ફેરફાર કરવા માટેનું બીજું એક કારણ દર્શાવતા કહે છે, "વિશ્વ વેપાર સંઘ (WTO)એ વાંધો લીધો હતો કે SEZને બેનિફિટ્સ આપવામાં આવી રહ્યા છે તે વિશ્વ વેપાર સંઘના પ્રસ્થાપિત નિયમો અને શરતોના ભંગ સમાન છે. તેથી SEZના એકમોને લાભ આપવાનું ભારત સરકારે બંધ કરી દેવું જોઈએ. તે માટેનું દબાણ વિશ્વ વેપાર સંઘ-વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના સભ્યો તરફથી વધારવામાં આવી રહ્યું છે" આમ વિશ્વ વ્યાપાર સંઘના નિયમોનો ભંગ ન થાય તે રીતે SEZ એક્ટમાંફેરફાર કરી શકાય તે માટે ભારત સરકાર DESHના નામથી નવો ખરડો લાવી રહી છે.

ભારતમાં 250થી વધુ અને ગુજરાતમાં 10થી વધુ SEZ સક્રિય છે. આ તમામને નવા



ડેવલપમેન્ટ ઓફ એન્ટરપ્રાઈસ એન્ડ સર્વિસ હબ-DESHથી મોટો ફાયદો થવાનો છે. મનીષ જૈનનું કહેવું છે, "ગુજરાતમાં ઈન્ફોર્મે શન ટેક્નોલોજી, ફાર્માના SEZ છે. દહેજમાં સૌથી



**મનીષ જૈન, એડવોકેટ**
**કસ્ટમ્સ એક્ટ**

મોટું SEZ આ લાભ મેળવવાનો પાત્ર બનશે." નવા સૂચિત કાયદાથી SEZની બહારના એકમો પાસે જોઈએ તેટલું જોબવર્ક કરાવી શકાશે. પહેલા બહારના એકમે આગલા નાણાકીય વર્ષમાં કરેલા ઉત્પાદન જેટલું જ ઉત્પાદન તેની પાસેથી કોન્ટ્રાક્ટ હેઠળ કરાવી શકાતું હતું. હવે આ મર્યાદા હટી ગઈ છે. પહેલા જે કાચો માલ આયાત કરવામાં આવતો હતો તેનો ઉપયોગ કરીને તૈયાર કરેલા સંપૂર્ણ પ્રોડક્ટની કિંમત પર કસ્ટમ્સ ડ્યૂટી લેવાતી હતી હવે તેમાં વપરાયેલા કાચા માલના મૂલ્ય પર જ કસ્ટમ્સ ડ્યૂટી લેવાશે. આમ ડોમેસ્ટિક ટેરિફ એરિયામાં એટલેકે ભારતના જ બજારમાં ફિનિશ્ડ ગુડ્સ વેચવા પર કસ્ટમ્સ ડ્યૂટીનો આવતો વધારાનો બોજ હળવો કરી દેવામાં આવ્યો છે. તેથી પણ SEZના એકમોને રાહત મળશે.

SEZ એક્ટમાં સુધારો લાવવા માટે ભારત ફોર્જના ચેરમેન બાબા કલ્યાણીના વડપણ હેઠળની નિષ્ણાતોની એક કમિટી પાસે 2019માં એક રિપોર્ટ પણ તૈયાર કરાવડાવ્યો હતો. આ કમિટીએ SEZને એમ્પ્લોયમેન્ટના અને આર્થિક પ્રવૃત્તિના કેન્દ્ર તરીકે વિકસાવવા પર ભાર મૂક્યો હતો. આવકવેરા ધારાની કલમ 10 AAમાં કરવામાં આવેલી જોગવાઈ મુજબ SEZમાંના એકમોને વેરામાં અપાતી રાહતની સમય મર્યાદાને લગતી જોગવાઈને વધુ સરળ બનાવવાની ભલામણ કરી છે. તેમ જ વેરાના લાભ આપવાની સમય મર્યાદા લંબાવી આપવાની દિશામાં પણ સરકારે વિચાર કર્યો છે. તેમ જ તેમાં સક્રિય અને સર્વિસ પૂરી પાડવાનું કામ કરતા એકમોને પણ વેરાના લાભ આપવાની રજૂઆત પણ રિપોર્ટમાં કરવામાં આવી હતી.

કેન્દ્રના વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાએ ભારતમાં સક્રિય 250થી વધુ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાંથી 10 કરોડ ચોરસ ફૂટનો બિલ્ટ અપ એરિયા જેટલી અને રૂ. 30,000 કરોડના મૂલ્યની ખાલી પડેલી જગ્યા ને વપરાશમાં લાવવા માટે પણ આ ફેરફાર કર્યો છે. DESHમાં નવા એકમો ચાલુ કરવા માટે સમયસર મંજૂરીઓ મળી જાય તે માટે સિંગલ વિન્ડો ક્લિયરન્સ મિકેનિઝમ ઊભું કરવાનો સરકાર ઈરાદો ધરાવે છે. તેમાં એક જ ફોર્મ અને એક જ રિટર્ન ભરવાની જરૂર રહેશે. આ ખરડા હેઠળ તૈયાર કરવામાં આવનારું ઓનલાઈન પોર્ટલ દેશ-DESH માટે સિંગલ વિન્ડો ક્લિયરન્સ કરવા માટેનું માધ્યમ બનશે. આ માટેની અરજી અને રિટર્ન પણ તેના પર જ પ્રોસેસ થશે. DESH SEZમાંના એકમોને નિકાસ કરવા ઉપરાંત સ્થાનિક બજાર-ડોમેસ્ટિક ટેરિફ એરિયામાં વેચાણ કરવાની પણ છૂટ મળશે. અત્યારે અમલમાં SEZ એક્ટની જોગવાઈ હેઠળ પેટા કોન્ટ્રાક્ટ પર માલ તૈયાર કરવાની પરમિશન આપી શકાય છે. તેમાં એક શરત સબ કોન્ટ્રાક્ટ પર આપેલા પ્રોડક્ટ્શનની મૂલ્યને લગતી પણ છે. જે પ્રોડક્શન યુનિટને પેટાકોન્ટ્રાક્ટ પર પ્રોડક્શન કરવાનું કામ સોંપવામાં આવે તે પ્રોડક્શન યુનિટે તેના આગળના નાણાકીય વર્ષમાં કરેલા પ્રોડક્શનના મૂલ્યથી વધુ પ્રોડક્શન કરવાનો પેટા કોન્ટ્રાક્ટ તેને આપી શકાય નહીં . જોકે આ અંગેના વિગતવાર નિયમો હવે પછી આવશે.



# ગુજરાતમાં ડિફેન્સ કોરિડોરની સ્થાપના કરો

● મોદી છે તો મુમકિન છે તે જ લાઈન પર આગળ વધીને વાત કરીએ તો ગુજરાતીઓ પાસે સાહસિક્તા છે, તેથી જ ગુજરાતમાં સંરક્ષણ કોરિડોર વિકસાવવાની શક્યતા છે. ગુજરાતી હૈ વહાં સબકુછ મુમકિન હૈ:

ઔદ્યોગિક સાહસિકતા માટે ગુજરાત પંકાયેલું છે. સૈકાઓ પૂર્વે દરિયો ખેડીને ગુજરાતનો ખેડૂત દૂર દેશોમાં વેપાર કરતો થઈ ગયો હતો. તેમાં ઘર આંગણે નવી તક ઊભી થતી હોય તો તે જતી કરે જ નહીં. હા, આવી જ એક નવી તકની તલાશમાં છે ગુજરાતનો ઉદ્યોગ સાહસિક. ગુજરાતના ઉદ્યોગ સાહસિકતને નવી તક દેખાઈ રહી છે ગુજરાતમાં ડિફેન્સ કોરીડોર ડેવલપ કરવામાં. હા, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના દૂરંદેશી ધરાવતા પ્રમુખ પથિક પટવારીએ ગુજરાતમાં ડિફેન્સ કોરીડોરની સ્થાપના કરવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને 14મી સપ્ટેમ્બરે એક પત્ર લખીને ડિફેન્સ કોરીડોર મંજૂર કરવાની વિનંતી પણ કરી છે.

બીજી સપ્ટેમ્બર 2022ના ભારતે પોતે ડેવલપ કરેલું આઈએનએસ વિક્રાંત એરક્રાફ્ટ કેરિયરનો નૌકાદળમાં સમાવેશ કરવાની ઐતિહાસિક સફળતા મેળવી તે પછી મેક ઈન ઈન્ડિયાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સપનાંને સાકાર કરવા માટે ગુજરાતનો સાહસિક આગળ વધવા માંગે છે તેવો નિર્દેશ પણ આ સાથે જ આપ્યો છે. આ સાથે જ પોતાના સંરક્ષણ માટે જોઈતા શસ્ત્રો પોતે જ પેદા કરી લેનારા દેશોની હરોળમાં બેસવાની પ્રધાનમંત્રીની ઈચ્છાનો સાક્ષાત્કાર કરવામાં સાથ આપવા પણ ગુજરાતનો ઉદ્યોગ સાહસિક તત્પર છે.

હા, દેશમાં અત્યાર સુધીમાં બે ડિફેન્સ કોરીડોર વિકસાવવાનું આયોજન અમલમાં મૂકાઈ ચૂક્યું છે. આ બે ડિફેન્સ કોરિડોરમાંથી એક ઉત્તર પ્રદેશમાં અને બીજો તામિલનાડુમાં તૈયાર થઈ રહ્યો છે. તામિલનાડુ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરમાં અને ઉત્તર પ્રદેશ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરમાં 2024 સુધીમાં રૂ. 20,000 કરોડનું રોકામ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉત્તર પ્રદેશ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરમાં 60 કંપનીઓએ મળીને રૂ. 8638 કરોડનું રોકાણ કરવા માટેના સમજૂતી કરાર કરી લીધા છે. બીજીતરફ તામિલનાડુ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરમાં 40 કંપનીઓએ સરકાર સાથે સમજૂતી કરાર કરીને રૂ. 7360 કરોડનું ઈન્વેસ્ટમેન્ટ કરવાની તૈયારી દર્શાવી છે.

ગુજરાત પણ તેમની હરોળમાં બેસવા માગે જ છે. ગુજરાતીઓની ઔદ્યોગિક સાહસિકતા જોતાં ગુજરાતમાં ડિફેન્સ કોરિડોર સ્થાપવો શક્ય છે જ છે. પથિક પટવારીએ પ્રધાનમંત્રીને લખેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, "ગુજરાતમાં ડિફેન્સ કોરીડોરની સ્થાપના કરવાથી ભારતના ડિફેન્સ સેક્ટરને પણ મોટો ફાયદો થવાની શક્યતા છે. ડિફેન્સ માટેના ઉપકરણો બનાવી




● મોદી છે તો મુમકિન છે તે જ લાઈન પર આગળ વધીને વાત કરીએ તો ગુજરાતીઓ પાસે સાહસિકતા છે, તેથી જ ગુજરાતમાં સંરક્ષણ કોરિડોર વિકસાવવાની શક્યતા છે. ગુજરાતી હૈ વહાં સબકુછ મુમકિન હૈ:

આપવાને સમર્થ અને ટેકનિકલી સાઉન્ડ ગણાય તેવા નાના અને મધ્યમ ઉદ્યોગો ગુજરાતમાં સંખ્યાબંધ છે. ગુજરાતમાં ડિફેન્સ કોરિડોર બનાવવા માટે કાર્યકુશળ માનવ બળ પણ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થઈ શકે છે. સંરક્ષણ માટેના શસ્ત્રોના ઉત્પાદનમાં ગુજરાત ગેમ ચેન્જર બની શકે છે. સંરક્ષણના ઉપકરણોનું સ્થાનિક સ્તરે મેન્યુફેક્ચરિંગ કરવામાં ગુજરાત મોટો ફાળો આપી શકે છે.”

ગુજરાતને પણ તેનાથી મોટો ફાયદો થશે તેમ સ્વીકારતા પથિક પટવારી જણાવે છે કે, “ડિફેન્સ કોરિડોર તરીકે મંજૂરી આપવામાં આવે તો ગુજરાતના નાના અને મધ્યમ ઉદ્યોગના કર્મચારીઓની, શ્રમિકોની અને વ્યાવસાયિકોની કાર્યકુશળતા વધશે. ગુજરાત સ્થાનિક સ્તરે બનાવવામાં આવેલા ડિફેન્સના ઉપકરણોની નિકાસનું મોટું કેન્દ્ર બનશે. ટેકનોલોજીની દ્રષ્ટિએ ગુજરાતમાં કુશળ માનવ બળ ખાસ્સું છે. ગુજરાતમાં તેમને તક ન મળતી હોવાથી તેઓ દેશ છોડીને વિદેશ ચાલ્યા જાય છે. દેશમાં તૈયાર થયા પછી વિદેશના અર્થતંત્રને સંગીન બનાવવામાં ફાળો આપે છે તેના બદલે દેશના જ અર્થતંત્રને સંગીન બનાવવાની કામગીરી કરશે.” તેનાથી દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરને પણ પ્રોત્સાહન મળશે. ગુજરાતની ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે. શિપબિલ્ડિંગની વેલ્યુ ચેઈનમાં ગુજરાતનો ફાળો વધુ સંગીન બનશે. ડિફેન્સના ઉપકરણોની ભારતની માગને સંતોષવામાં ગુજરાત પણ ફાળો આપી શકશે. ગુજરાત નવા ડિફેન્સ હબ તરીકે દેશ અને દુનિયામાં જાણીતું બનશે.

તેલ અને તેલની ધાર જોઈને આગળ વધનારો ગુજરાતનો ઉદ્યોગ સાહસિક હવામાં તીર મારતો જ નથી, ગુજરાતમાં ડિફેન્સ કોરિડોર વિકસાવવાની મજબૂત શક્યતા છે. આ રહ્યા તેના કારણો. એક, ઔદ્યોગિક વિકાસને મોરચે ગુજરાતનું પરફોર્મન્સ છેલ્લા થોડા દાયકાઓથી સંગીન જ રહ્યું છે. ગુજરાતની ઉદ્યોગ સાહસિકતાનો જોટો જડવો મુશ્કેલ છે. બીજું, દેશના અન્ય રાજ્યોની તુલનાએ ગુજરાતમાં માળખાકીય સુવિધાઓ ઘણી જ સારી છે. ગુજરાતના ભૌગાલિક સ્થાનની દ્રષ્ટિએ પણ ડિફેન્સ કોરીડોર વિકસાવવો ઘણો જ લાભદાયી સાબિત થઈ શકે છે.

ત્રીજું, ગુજરાતમાં નાના મોટા મળીને 42 બંદરો છે, તેથી નિકાસ કરવાની બાબતમાં ગુજરાત અન્ય રાજ્યોની તુલનાએ સૌથી વધારે સજ્જ છે. આ બાબતમાં દેશમાં ગુજરાત પહેલા ક્રમે છે. ભારતના કુલ ઔદ્યોગિક આઉટપુટ-ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો 16.85 ટકાનો છે. તેમ જ ભારતના મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ગુજરાતનો ફાળો 36 ટકા જેટલો ઊંચો છે. આમ ગુજરાત આજની તારીખે ભારતનું મેન્યુફેક્ચરિંગ

## રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટની સુવિધા જોતાં ગુજરાત ડિફેન્સ કોરિડોર બનવા માટે સક્ષમ

ગુજરાતમાં ડિફેન્સ કોરીડોર બનાવવા માટેની પાત્રતા છે જ છે. પથિક પટવારી વાઈબ્રન્ટ ગુજરાતની વેબસાઈટને ક્વોટ કરતાં જણાવે છે, “ગુજરાતમાં આજની તારીખે ટેક્નોલોજીમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટની કામગીર કરતી 35 જેટલી કંપનીઓ સક્રિય છે. ગુજરાતના મેન્યુફેક્ચરિંગ સેક્ટરને પણ તેના થકી ખાસ્સી મદદ મળે છે.” ગુજરાતમાં સુરત નજીક હજીરા પાસે લાર્સન એન્ડ ટુબ્રોનું શિપયાર્ડ છે. તેમાં રિસર્ચ એન્ડ ડેવલમેન્ટની ખાસ્સી કામગીરી ચાલી રહી છે. હજીરાના આ જ શિપયાર્ડમાં મધ્યમ કદના જહાજો બનાવવાનું કામ ચાલે જ છે. 20,000 ટનના ડેડવેઈટની ક્ષમતા ધરાવતા અને 160 મીટરની લંબાઈના જહાજો અહીં બનાવવામાં આવી રહ્યા છે. જહાજો બનાવવા માટેની સંપૂર્ણ માળખાકીય સુવિધા તેની પાસે મોજૂદ છે. ગુજરાત સરકારે અમદાવાદમાં જ એરક્રાફ્ટની જાળવણી, મરામત અને ઓવરહોલિંગ માટેની સેવા આપતી સુવિધા ઊભી કરેલી છે. દરેક પ્રકારના એરક્રાફ્ટને ઉડ્ડયન કરવા માટે ગમે તે ઘડીએ તૈયાર રાખવા આ સેન્ટર સજ્જ છે. તેને આગળ લઈ જઈને તેમાં ઘણી મોટી કામગીરી કરી શકાય છે. માંડવી, મહેસાણા અને અમરેલીમાં એરસ્ટ્રીપ આજની તારીખે ઉપલબ્ધ છે. તેના પર ઘણાં જ અખતરાઓ કરી શકાય છે. હજી અંકલેશ્વર, મોરબી, પાલિતણા, દ્વારકા, અંબાજી, રાજપીપળા અને દહેજમાં એરસ્ટ્રીપ વિકસાવવામાં આવી રહી છે. ગુજરાતમાં પૂરતા પ્રમાણમાં સરકારી અને ખાનગી એરસ્ટ્રીપ છે.



હબ ગણાઈ રહ્યું છે. ચોથું, ગુજરાતમાં આજની તારીખે 17 એરપોર્ટ્સ અને એરસ્ટ્રીપ્સ સક્રિય છે. ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજ્યન-સરમાં વધુ એક આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તૈયાર થઈ રહ્યું છે. ગુજરાતમાં અત્યાધુનિક મુલ્કી ઉડ્ડયનના વિકાસ માટે અને ગુજરાતને એર હબ બનાવવા માટે ગુજરાત સ્ટેટ એવિયેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ-ગુજસેઈલની સ્થાપના થયેલી જ છે. ગુજસેઈલ ગુજરાતમાં મુલ્કી ઉડ્ડયન સેક્ટરના વિકાસ અને તેને સંલગ્ન માળખાકીય સુવિધા ઊભી કરવાની કામગીરી કરે છે. ગુજરાત સરકારની આ કંપની ઉડ્ડયન સેક્ટર માટે કાર્યકુશળ માનવબળ તૈયાર કરી આપવાની કામગીરી પણ કરે જ છે.




પાંચમું, લોજિસ્ટિક એટલે કે ભૂમિ માર્ગે, જળ-દરિયાઈ માર્ગે, હવાઈ માર્ગે કે પછી વેરહાઉસ સહિતની લોજિસ્ટિક માટેની સુવિધાઓની બાબતમાં ગુજરાત દેશના 21 રાજ્યના તુલનામાં ટોચનું સ્થાન ધરાવે છે. લોજિસ્ટિક ઈઝ એક્રોસ ડિફરન્ટ સ્ટેટ-એલ.ઈ.એ.ડી.એસ.માં ગુજરાત આજે મોખરે છે. લોજિસ્ટિકના પરફોર્મન્સ ઈન્ડેક્સમાં પણ ગુજરાત 2021ની સાલમાં મોખરાને સ્થાને રહ્યું છે. ગુજરાતમાં 75,038 કિલોમીટરના રોડનું સંગીન નેટવર્ક છે. તેમ જ 7938 કિલોમીટરનું રેલવે નેટવર્ક છે. તેમ જ દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરના 1600 કિલોમીટરના રૂટમાંથી 539 કિલોમીટરનો રૂટ ગુજરાતમાંથી પસાર થાય છે. તેનો પણ એડવાન્ટેજ ગુજરાતના ઉદ્યોગોને મળી શકશે.

છઠ્ઠું, ગુજરાત 2020ના આંકડાંઓ જોવામાં આવે તો ભારતના ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટમાં ગુજરાતનો ફાળો 18 ટકાનો છે. તેમ જ વિદેશમાંથી ભારતમાં આવતા કુલ મૂડીરોકાણમાંથી 53 ટકા મૂડી રોકાણ ગુજરાતમાં જ આવે છે. ગુજરાતમાં 33 લાખ નાના ઔદ્યોગિક એકમો છે. તેના વિકાસ માટે ગુજરાત સરકારે રૂ. 1450 કરોડની ફાળવણી પણ કરેલી છે. આમેય ભારતમાં ડિફેન્સના ઉપકરણોનું સ્થાનિક સ્તરે ઉત્પાદન વધી રહ્યું છે. 2016-17ની સાલમાં ડિફેન્સનું ઉત્પાદન રૂ. 74000 કરોડનું હતું. 2020-21માં આ ઉત્પાદન વધીને રૂ. 84,600 કરોડ થઈ ગયું છે. ભારત સરકારના સંરક્ષણ ખાતાનું ટાર્ગેટ છે કે 2025-26ના વર્ષ સુધીમાં ડિફેન્સની સામગ્રીનું ઉત્પાદન અત્યારના લેવલથી વધારીને રૂ. 1.70 લાખ કરોડનુ એટલે કે 25 અબજ ડૉલરનું કરી દેવાનું છે. આમ બે જ વર્ષના ગાળામાં 100 ટકા વધારો કરવા માટે મોટી છલાંગ લગાવવાની તૈયારી કરી રહ્યું છે. તેની સાથે જ સંરક્ષણના ઉપકરણોની નિકાસ 2025-26ના વર્ષ સુધીમાં વધારીને 5 અબજ ડૉલર સુધી લઈ જવાની ફિરાકમાં છે.



### સરકારી પ્રોત્સાહનો અને સબસિડી પણ ખાસ્સી છે

ગુજરાત સરકારે એરોસ્પેસ અને ડિફેન્સના અનુસંધાનમાં કેટલીક પોલીસીઓ જાહેર કરેલી જ છે. તેમાં નાના ને મધ્યમ ઉદ્યોગોને સબસિડી આપવામાં આવે છે. માઈક્રોની કેટેગરીમાં આવતું યુનિટ ડિફેન્સને લગતા કોઈ પણ સેક્ટરમાં કે પૂરક બની શકે તેવા ઉત્પાદનની પ્રક્રિયામાં જોતરાય તો તેમના પાત્ર બનેલા મૂડીરોકાણની રકમના 25 ટકા અથવા તો રૂ. 12.5 લાખની કેપિટલ સબસિડી આપવામાં આવે છે. નાના એકમમોને પાત્રતા ધરાવતી મૂડીના 25 ટકા અથવા તો રૂ. 1.25 કરોડ સુધીની સબસિડી આપવામાં આવે છે. તેવી જ રીતે મિડિયમ સાઈઝના યુનિટને પાત્રતા ધરાવતી મૂડીના રૂ. 2.5 કરોડ સુધીની સબસિડી આપવામાં આવે છે.

એરોસ્પેસ અને ડિફેન્સના સેક્ટરમાં સાહસ કરવા માટે લેવામાં આવતી જમી પર જમા કરાવેલી સ્ટેમ્પ ડ્યૂટીની સંપૂર્ણ રકમ અને

**સમગ્ર વર્ષોમાં સંરક્ષણ ખર્ચ (INR લાખ કરોડ)**




સંરક્ષણ બજેટ ભૂતકાળમાં ~5.33% ના CAGR પર વધ્યું છે 23% - 28% ના સરેરાશ મૂડી ખર્ચ સાથે 05 વર્ષ, નાણાકીય વર્ષ 22-23 માટે ફાળવણી 29% છે.

**સેવાઓમાં મૂડી અને આવક ખર્ચ (INR કરોડ)**




- આર્મી માટે મૂડી ખર્ચ અને આવક વચ્ચે વિભાજન ખર્ચ 17% - 83% થી 20% - 80% ની વચ્ચે રહે છે.
- ભારતીય નૌકાદળ અંદાજે 55% મૂડી ખર્ચ પર ખર્ચ કરે છે 65% જ્યારે એરફોર્સ લગભગ 60 થી 65% ખર્ચ કરે છે.

વાર્ષિક બજેટ, નાણા મંત્રાલય, ભારત સરકાર

રજિસ્ટ્રેશન ફીની સંપૂર્ણ રકમ પરત કરવાની જોગવાઈ પણ ગુજરાત સરકારે કરેલી જ છે. લીઝ પર લેવા માટે, વેચાણથી લેવા માટે કે જમીનની માલિકી ટ્રાન્સફર કરવા માટેના દરેક કરારમાં ચૂકવવાની થતી સ્ટેમ્પ ડ્યૂટી પરત આપવાની વ્યવસ્થા ગુજરાત સરકારે કરેલી છે.

વ્યાજની સબસિડી અને જીએસટીમાં રાહત

ગુજરાત સરકારે ડિફેન્સ, એરોસ્પેસમાં સાહસ કરનારાઓને વ્યાજની સબસિડી આપવાની પણ જાહેરાત કરેલી જ છે. એરોસ્પેસ કે ડિફેન્સના મેગાપ્રોજેક્ટમાં વાર્ષિક રૂ. 10 કરોડની મહત્તમ મર્યાદામાં રહીને 2.5 ટકા કે પછી કુલ વ્યાજ દરના 50 ટકા, બેમાંથી જે ઓછું હોય તેટલી વ્યાજ સબસિડી આપવાનો નિર્ણય કરવામાં આવેલો છે. તેવી જ રીતે લાર્જ પ્રોજેક્ટ માટે વાર્ષિક રૂ. 5 કરોડની મહત્તમ મર્યાદા સાથે મહત્તમ 2.5 ટકા કે કુલ વ્યાજદરના 50 ટકા, બેમાંથી જે ઓછું હોય તેટલી વ્યાજ સબસિડી આપવાની જાહેરાત કરેલી જ છે. નાના અને મધ્યમ એકમોને વાર્ષિક રૂ. 1 કરોડની મહત્તમ મર્યાદામાં અથવા તો કુલ વ્યાજદરના 50 ટકા અથવા તો 2.7 ટકા વ્યાજ સબસિડી આપવાનો નિર્ણય લીધેલો છે. દરેક કેટેગરીમાં 5 વર્ષ સુધી સબસિડી આપવાનું ઠેરવવામાં આવ્યું છે. આ કંપનીઓ ઉત્પાદન ચાલુ કરે તે વર્ષથી દસ વર્ષ સુધીના ગાળા માટે એસજીએસટી-સ્ટેટ જીએસટીના પરત આપવાનો નિર્ણય કરવામાં આવેલો જ છે. પરત આપવાને પાત્ર બનતી રકમ એટલે કે જીએફસીઆઈના 90 ટકા જેટલી રકમ પરત આપવામાં આવશે.

**વીજબિલમાં યુનિટે રૂ. 1ની અને ઇલેક્ટ્રિસિટી ડ્યૂટીમાં રાહત**

એરોસ્પસ અને ડિફેન્સને લગતા પ્રોજેક્ટ સાથે આગળ આવનારાઓને તેના યુનિટ માટે વીજબિલના આવતા ખર્ચમાં યુનિટે રૂ. 1ની રાહત આપવામાં આવશે. તેમ જ પાંચ વર્ષ સુધી ચૂકવવામાં આવેલી ઈલેક્ટ્રિસિટી ડ્યૂટી સંપૂર્ણપણે પરત કરવામાં આવશે. પ્રોડક્શન ચાલુ થયા પછી બંનેમાં પાંચ વર્ષ સુધી યુનિટદીઠ દરમાં અને ઈલેક્ટ્રિસિટી ડ્યૂટીમાં રાહત આપવામાં આવશે. એરોસ્પેસ અને ડિફેન્સમાં મેગા પ્રોજેક્ટ લાવનારાઓને વાર્ષિક મહત્તમ 25 કર્મચારી માટે કર્મચારીદીઠ તાલીમ માટે કંપની દ્વારા કરવામાં આવતા ખર્ચના 50 ટકા અથવા તો વાર્ષિક રૂ. 1 લાખ, બેમાંથી જે ઓછી હશે તેટલી રકમ સુધીની રાહત આપવામાં આવશે. મોટા પ્રોજેક્ટ માટે આ લાભ આપવા માટેના કર્મચારીની સંખ્યા ઘટાડીને 20ની અને નાના પ્રોજેક્ટ માટે કર્મચારીની સંખ્યા ઘટાડીને 10ની કરવામાં આવી છે. જોકે તેમને કર્મચારી દીઠ તાલીમ માટે વર્ષ કરવામાં આવતા કુલ ખર્ચના 70 ટકા અથવા તો કર્મચારી દીઠ વાર્ષિક મહત્તમ રૂ. 10000 આપવામાં આવશે.

**રિસર્ચ ડેવલપમેન્ટ અને પેટન્ટમાં પણ સહાય આપશે**

ગુજરાત સરકારે જાહેર કરેલી એરોસ્પેસ અને ડિફેન્સ સ્પેસિફિક પોલીસી હેઠળ ઈન્વેસ્ટમેન્ટ કરવા માટે આગળ આવનારા મેગા, મોટા કે નાના પ્રોજેક્ટને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ માટે કરવામાં આવનારા મૂડીખર્ચના 50 ટકા અથવા તો મહત્તમ 5 કરોડ આપવાનો નિર્ણય કરવામાં આવેલો જ છે. આ જ રીતે મેગા અને લાર્જ પ્રોજેક્ટમાં ગુજરાત સરકારની જાહરે કંપનીઓના માધ્યમથી શેરમૂડી લગાવી ગુજરાત સરકાર તેમાં હિસ્સોદાર બનવાનું પણ પસંદ કરશે. ગુજરાત સરકાર પેટન્ટ કરાવવામાં અને કોપીરાઈટ મેળવવામાં તથા ક્વોલિટી સર્ટિફિકેશનમાં પણ સહાય કરશે.

## ડિફેન્સ મેન્યુફેક્ચરિંગના ક્લસ્ટર પણ ડેવલપ કરવા શક્ય



ડિફેન્સના ઉપકરણો બનાવવામાં ગુજરાતમાં ઘણી કંપનીઓ સક્રિય છે. વડોદરામાં રાનોલી ખાતે એલ એન્ડ ટીનું મેન્યુફેક્ચરિંગ યુનિટ ચાલુ છે. હજીરામાં એલ એન્ડ ટીનું શિપબિલ્ડિંગ ચાલે જ છે. પિપાવાવમાં રિલાયન્સ નેવલ એન્ડ એન્જિનિયરિંગ લિમિટેડ ચાલી જ રહી છે. ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજ્યનમાં ટાટા એડવાન્સ સિસ્ટમ લિમિટેડે 1000 એકર જમીનમાં એરોસ્પેસને લગતી કામગીરી કરવા માટે ઇન્વેસ્ટમેન્ટના કરાર કરી લીધા છે. વેદાન્તા ગ્રુપે 200 એકર જમીનમાં સેમિકન્ડરનો પ્લાન્ટ નાખવાના કરાર કરી લીધેલા છે. એસએમપીપી પ્રાઈવેટ લિમિટેડ 800થી 1000 એકર જમીનમાં દારૂગોળો અને ડિફેન્સ માટેના અન્ય જરૂરી ઉપકરણો બનાવી જ શકે છે. દિલ્હી મુંબઈ ઇન્ડસ્ટ્રીયલ કોરિડોરની બહુ જ નજીક છે. મેઈન્ટેનન્સ, રિપેરિંગ અને ઓવરહોલિંગ માટેની સુવિધા ઊભી કરવા માટે ગુજરાત એક આદર્શ સ્થળ બની શકે તેમ છે.

# ડિફેન્સના બજેટમાં ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે

ભારતના ડિફેન્સના બજેટનો સર્વગ્રાહી વાર્ષિક વિકાસ દર સરેરાશ 5.33 ટકાનો છે. 2022-23ના વર્ષની જ વાત કરવામાં આવે તો ભારતનું ડિફેન્સનું બજેટ રૂ. 5.25 લાખ કરોડનું હતું. વિશ્વના દેશો દ્વારા સંરક્ષણ માટે બજેટની કરવામાં આવતી ફાળવણીને જોવામાં આવે તો અમેરિકાના વાર્ષિક ખર્ચના બજેટના માંડ 10 ટકા જેટલું ભારતનું સંરક્ષણ ખર્ચનું બજેટ છે. સંરક્ષણ ખર્ચના બજેટમાં છેલ્લા પાંચ વર્ષમાં ભારતના ડિફેન્સના બજેટમાં 23 ટકાથી માંડીને 28 ટકા સુધીનો વધારો થયો છે. ભારતનું સૈન્ય સરેરાશ કેપિટલ એક્સપેન્ડિચર તરીકે એટલે કે કુલ ફાળવેલી રકમના 80થી 83 ટકા ઉપકરણો મેળવવા માટે ખર્ચે છે. જ્યારે બાકીના 17થી 20 ટકા પગાર ખર્ચ સહિતના અન્ય ખર્ચ માટે ફાળવે છે. નૌકાદળ કેપિટલ એક્સપેન્ડિચર તરીકે 55થી 65 ટકા અને હવાઈ દળ 60થી 65 ટકા રકમ કેપિટલ એક્સપેન્ડિચર તરીકે કરે છે.



# ડિફેન્સ એક્સ્પોથી નાના-મધ્યમ ઉદ્યોગને નવી દિશા મળશે



ગુજરાતમાં ડિફેન્સ એક્સ્પો થયા પછી નાના અને મધ્યમ ઉદ્યોગો માટે નવી આશાનો સંચાર થયો છે. મોટા ઉદ્યોગોની પડખે તેમને પણ વિકસવાનો મોકો મળશે. નાના અને મધ્યમ ઉદ્યોગો માટે નવી તકના દ્વારા ખૂલી ગયા છે. ગુજરાતમાં પહેલીવાર થયેલા ડિફેન્સ એક્સ્પોમાં સંખ્યાબંધ એમએસએમઈએ ભાગ લીધો છે. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની ડિફેન્સ કમિટીના ચેરમેન નિમેષ સંઘવી કહે છે, “ડિફેન્સના સેગ્મેન્ટમાં કઈ રીતે કામ થાય તેનો અંદાજ એમએસએમઈને મળી ગયો છે. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન એરફોર્સ-વાયુદળ, ભૂમિદળ અને નૌકાદળ સહિત તમામ સંરક્ષણની વિંગની તેમણે વિઝીટ લીધી છે. તેમની સાથે ચર્ચાવિચારણા કરી છે. તેમણે નાના અને મધ્યમ ઉદ્યોગોને પેટન્ટ કરાવી લીધેલી અસંખ્ય ટેક્નોલોજીની ઓફર કરી છે. આ સાથે જ તેમની સાથે જોડાવા અને ટેક્નોલોજી ટ્રાન્સફર આપવાની તૈયારી દર્શાવી છે. ટેક્નોલોજી સાથે ફંડ આપવાની પણ વિસ્તૃત માહિતી આપી છે. તેમની પાસે ટેક્નોલોજી ડેવલપમેન્ટ ફંડ છે તેનો લાભ આપવાની તૈયારી દર્શાવી છે. તેથી નાના અને મધ્યમ ઉદ્યોગના વિકાસ માટેની અનંત તકના દરવાજા ખૂલી ગયા છે. બીજું, પહેલા મોટી કંપનીઓના માધ્યમથી તેઓ સપ્લાય આપતીને આડકતરી રીતે ડિફેન્સમાં કોન્ટ્રીબ્યુટ કરતાં હતા તેમને માટે ડાયરેક્ટ સપ્લાય કરવા માટેના દરવાજા ખૂલી ગયા છે.”

હા, ગુજરાતના નાના અને મધ્યમ કદના સાહસિકોની કેન્દ્ર સરકાર પાસેથી એક અપેક્ષા



**પ્રીતિ પટેલ, ચીફ મેનેજિંગ ડિરેક્ટર**
રાસ્પિયન એન્ટરપ્રાઇસ પ્રા.લિમિટેડ

એવી પણ છે. નિમેષ સંઘવી કહે છે, “સંરક્ષણ માટેની 2016ની પોલીસીમાં સુધારો કરીને તેમાં ડિફેન્સ એક્સ્પોના અનુસંધાનમાં કરી આપે અને નવા આકર્ષણોનો ઉમેરો કરશે તો ગુજરાતના ઉદ્યોગ સાહસિકો આ સેક્ટરમાં આગળ વધવામાં જરાય કચાશ રાખશે નહીં. તેઓ બહુ જ મોટો ફાળો આપી શકશે.” નાના અને મધ્યમ ઉદ્યોગોમાં કેબલથી માંડીને મેટલ સુધીની, સોફ્ટવેરથી માંડીને મશીનરી બનાવનારા, મશીનરી માટે પાર્ટ્સ બનાવનારા એન્જિનિયરિંગ ઉદ્યોગના એકમોને તેમાં રસ પડ્યો છે. એલ એન્ડ ટી, ટાટા અને અદાણી ડિફેન્સ સહિતની તમામ મોટી કંપનીઓને પણ નાના નાના એકમો સાથે ટાઈ-અપ કરીને આગળ વધવામાં રસ જોવા મળ્યો છે. ગુજરાતમાંથી પિસ્તોલ બનાવવા વાળા સાહસિકો પણ આગળ આવ્યા હતા.

ગુજરાતની આ ઉદ્યોગ સાહસિકતાને જોઈને જ દેશના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સશસ્ત્ર દળોને વધુ આધુનિક બનાવવા માટે નવા વિચારો સાથે આગળ આવવા માટે હાકલ કરી છે. નવા સંશોધન કરવાની દિશામાં ડગ માંડવા સ્ટાર્ટઅપ્સને તેમણે આવાહન પણ કર્યું છે. તેમના સહયોગ અને સહકારથી સંરક્ષણના મોરચે આત્મનિર્ભર બનવાનું લક્ષ્ય છે. iDEX (Innovations for Defence Excellence-Defence Innovation Organisation (iDEX-DIO)) ટેક્નોલોજીના 50 સેગ્મેન્ટમાં નવા પ્રોડક્ટ્સ ડેવલપ કરીને વિજેતા બનનારા 100 સાહસિકો માટે રૂ. 300 કરોડની ફાળવણી કરવાની પણ જાહેરાત સંરક્ષણ મંત્રીએ કરી દીધી છે. આ સાહસમાં જોડાવા માટે સંરક્ષણ મંત્રીએ યુવાન અને બુદ્ધિશાળી સાહસિકોને આમંત્રણ પણ આપ્યું છે. નવયુવાનો ડિફેન્સ સેક્ટરમાં જોડાવા માટે બહુ જ ઝડપથી આગળ આવવા પણ માંડ્યા છે. કારણ કે કેન્દ્ર સરકારે તેમને માટે અનુકૂળ બને તેવો માહોલ પણ ખડો કરવા માંડ્યો છે.

ગુજરાતમાં આ આમંત્રણને ઝડપી લેવા ઉત્સુક સાહસિકોની અછત પણ નથી. તેમાંના એક તો મહિલા છે. રાજકોટ સ્થિત કંપની રાસ્પિયન એન્ટરપ્રાઈસ પ્રાઈવેટ લિમિટેડના ચીફ મેનેજિંગ ડિરેક્ટર પ્રીતિ પટેલ. પ્રીતિ પટેલે વાઈબ્રન્ટ ગુજરાત સમિટિના ડિફેન્સ એન્ડ એરોસ્પેસ સેમિનારને અંતા 2019માં રૂ. 50 કરોડનું એમ.ઓ.યું. કર્યું હતું. તેઓ માત્ર ને માત્ર મહિલાઓને જ કર્મચારી તરીકે રાખીને આર્મ્સ ફેક્ટરી નાખવા માગે છે. તેઓ રિવોલ્વર, પિસ્તોલ, 12 ગેજની શોટગન મેન્યુફેક્ચર કરવા

માગે છે. પ્રીતિ પટેલ કહે છે, "ડિફેન્સ એક્સ્પો મોટિવેટિંગ રહ્યો. ઉત્સાહ વર્ધક રહ્યો. વિદેશના ક્લાયન્ટ્સ પણ અમારા સ્ટોલની મુલાકાત લીધી હતી. જુદાં જુદાં દેશના મહાનુભાવો, આર્મ્ડ ફોર્સના અધિકારીઓ તથા ભારતના ત્રણે ત્રણ આર્મ્ડ ફોર્સના અધિકારીઓએ પણ અમારા સ્ટોલની મુલાકાત લીધી હતી. તેને કારણે નવો અનુભવ મળ્યો." તેથી જ રાજકોટની મહિલા ઉદ્યોગ સાહસિકે નવા સાહસ કરવાના આયોજન કર્યા છે.

આ જ રીતે ડિફેન્સના સેક્ટરમાં કોન્ટ્રીબ્યુટ કરનારા બીજા સાહસિક છે હાર્દિક સોની. તેમની કંપનીનું નામ નવ વાયરલેસ ટેક્નોલોજિસ પ્રાઈવેટ લિમિટેડ છે. તેઓ કહે છે, "ગાંધીનગરમાં યોજાયેલા ડિફેન્સ એક્સ્પોએ ગુજરાતની કંપનીઓને તેમના પ્રોડક્ટ્સને આંતરરાષ્ટ્રીય બજારના કસ્ટમર્સ સમક્ષ રજૂ કરવાની તક પૂરી પાડી છે. તેમની સામે વિચારવિનિમય કરવાની પણ તક પૂરી પાડી છે. તેની સાથે જ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન, હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ, ભારત ઈલેક્ટ્રિક્સ લિમિટેડ તથા સશસ્ત્ર દળના અધિકારીઓ સાથે વિચારોનું આદાનપ્રદાન કરવાની તક પૂરી પાડી છે. તેમની સાથેના વિચાર વિનિમય પછી અમારું વિઝન પણ મોટું થયું છે. અમે વધુ જાણકારી મેળવી શક્યા છીએ. અમારા પ્રોડક્ટ્સ અંગે તેમના તરફથી વધુ સારો પ્રતિભાવ મળ્યો છે."

ગુજરાતના સાહસિકો ક્યાંય પાછા પડે તેવા ન હોવાનું જણાવતા ગુજરાત ચેમ્બરની ડિફેન્સ કમિટીના ચેરમેન નિમિષ સંઘવી કહે છે, "ઉત્તર ભારતમાં ઉત્તર પ્રદેશને, દક્ષિણ ભારતમાં ચેન્નઈને ડિફેન્સ કોરિડોર ફાળવ્યો છે. પશ્ચિમ ભારતમાં ડિફેન્સ કોરિડોર માટે પાત્રતા ધરાવતું ગુજરાત ડિફેન્સ કોરિડોર માટેનું રાઈટ ડેસ્ટિનેશન છે." તેથી જ ડિફેન્સ એક્સપોને અંતે 451 કંપનીઓએ એમઓયુ કર્યા છે.

બીજીતરફ સંરક્ષણના ક્ષેત્રમાં નિકાસ વધારવા ઉત્સુક કેન્દ્ર સરકાર પણ જાણે છે કે નવા સાહસ કરવાના આવે ત્યારે ગુજરાતમાં ટેલન્ટની અછત નથી જ નથી. સૈકાઓથી ગુજરાતની ઉદ્યોગ સાહસિકતા પંકાયેલી છે. તેથી જ રૂ. 1.5 લાખ કરોડના ઇન્વેસ્ટમેન્ટના ઈરાદા સાથે 451 સમજૂતી કરાર થયા છે. ડિફેન્સ એક્સ્પોને સફળ બનાવવામાં મોટું યોગદાન આપનાર ઉદ્યોગ કમિશનર રાહુલ ગુપ્તા કહે છે, "ડિફેન્સ એક્સ્પોમાં કરાર કરનારાઓમાં ગુજરાતી સાહસિકોની સંખ્યા 29 છે. તેમણે કુલ મળીને રૂ. 5276 કરોડનું રોકાણ કરવાની તૈયારી દર્શાવી છે." જે ગુજરાતના નાના અને મધ્યમ



# ક્વોલિટી હથિયારો બનાવતાં મહિલા ઉદ્યોગ સાહસિક

ગુજરાતમાં એક મહિલા પ્રમોટર પ્રીતિ પટેલ દ્વારા સંરક્ષણના શસ્ત્રો બનાવતી કંપની ચલાવવામાં આવે છે. આ કંપનીનું નામ છે રાસ્પિયન એન્ટરપ્રાઈસ પ્રાઈવેટ લિમિટેડ. ડિફેન્સના પ્રોડક્ટ્સ બનાવતી આ કંપની છે. હથિયાર, સિક્યોરિટીના સાધનો તે ભારતના અને વિશ્વના બજારમાં વેચે છે. રાસ્પિયનના હથિયારોની ક્વોલિટીને, તેની વિશ્વસનિયતાને અને તેની કિંમત સામે કોઈ જ સ્પર્ધા કરી શકે તેમ નથી.

રાસ્પિયન એન્ટરપ્રાઈસ પ્રાઈવેટ લિમિટેડ હવે ભારતના ડિફેન્સ સેક્ટરની રિક્વાયરમેન્ટને ધ્યાનમાં લઈને હથિયારો તૈયાર કરવા કમર કસી રહી છે. આ જ હેતુથી કંપનીએ 2019માં વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં રૂ. 50 કરોડના સમજૂતી કરાર કર્યા હતા. આ કરારના માધ્યમથી હથિયાર અને દારૂગોળાની એક નવી જ ફેક્ટરી રાજકોટ જિલ્લામાં ચાલુ કરવા માગે છે. આ ફેક્ટરીમાં માત્ર ને માત્ર મહિલા કર્મચારીઓ જ હોય તેવી પણ તેની અપેક્ષા છે. રાજકોટ એ બહુ જ ચોકસાઈ સાથે મશીનરી સહિતના સાધનો બનાવતું ગુજરાતનું એન્જિનિયરિંગ હબ છે.



કંપની ગન, રિવોલ્વર, પિસ્તોલ, એસોલ્ટ રાઈફલ, સ્નાઈપર રાઈફલ, કાર્બાઈન્સ, શોટગન્ગ, એમ્યુનિશન, એન્ટિ એરક્રાફ્ટ ગન બનાવે છે. વૈશ્વિકસ્તરની કંપની પાસેથી આ માટેની ટેક્નોલોજી ટ્રાન્સફર કરાવવા સાથેના સમજૂતી કરાર કરેલા છે. આ હથિયારો બનાવવા માટે રાસ્પિયન એન્ટરપ્રાઈસ પ્રાઈવેટ લિમિટેડ પાસે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ માટે ખાસ ટીમ છે. આ ટીમના સભ્ય તેમના પ્રોડક્ટ્સની ગુણવત્તા અને કાર્યક્ષમતામાં સુધારો થતો રહે તે માટે સતત પ્રયાસ કર્યા જ કરે છે. અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને શસ્ત્રો તૈયાર કરવા માંડ્યા છે. ઘાતક ન હોય તેવા હથિયારો બનાવવામાં પણ કંપની ખાસ્સી સક્રિય છે. આ સેગ્મેન્ટમાં કંપનીએ પાયાની કામગીરી કરેલી છે. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પોલીસદલ દ્વારા તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ટોળાંને અંકુશમાં રાખવાના સાધનો પણ કંપની બનાવે છે. તેમ જ બોર્ડર સર્વેલિયન્સ, કંટ્રોલ અને મેનેજમેન્ટ માટેના સાધનો બનાવે છે. મહિલાઓના સશક્તિકરણના ધ્યેય સાથે કંપની ચલાવવામાં આવી રહી છે. તેથી જ મહત્તમ કર્મચારીઓ મહિલાઓ જ હોય તેવો આગ્રહ પણ રાખવામાં આવી રહ્યો છે. મહિલાઓને આત્મરક્ષણ કરતી થાય તેવો પણ પ્રયાસ મહિલા સાહસિક દ્વારા કરવામાં આવી રહ્યો છે. સ્થાનિક બજાર અને વિદેશના બજારમાં હથિયારોની પડી રહેલી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તેનું એક ક્લસ્ટર-ઝુમખું વિકસાવવાના ધ્યેય સાથે મહિલા ઉદ્યોગ સાહસિક પ્રીતિ પટેલ કાર્ય કરી રહ્યા છે.



**રાહુલ ગુપ્તા, ઉદ્યોગ કમિશનર**
ગુજરાત સરકાર

ઉદ્યોગના વધી ગયેલા અને વધી રહેલા જુસ્સાનો અંદાજ આપે છે. જોકે ડિફેન્સ એક્સ્પોમાં મોટા એકમોએ પણ સમજૂતી કરાર કર્યા છે. તેમની સાથે હવે નાના અને મધ્યમ એકમોને પણ ડાયરેક્ટ ડીલિંગ કરવાનો એટલે કે સીધા સપ્લાય કરવાનો મોકો મળી ગયો છે. ડીઆરડીઓ-ડિફેન્સ રિચર્સ અને ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશને તેમને ટેક્નોલોજી ટ્રાન્સફર આપવાની અને આર્થિક સહાય આપવાની પણ તૈયારી દર્શાવી છે. તેથી ગુજરાતના યુવા સાહસિકો થનગની રહ્યા છે. તેમને પણ અત્યાધુનિક ટેક્નોલોજી ડેવલપ કરવાની તક મળશે અને અત્યાધુનિક શસ્ત્રો વિકસાવવામાં યોગદાન આપી ભારતને સંરક્ષણના મોરચે આત્મનિર્ભર બનાવવામાં સાથ આપવાનો પણ મોકો મળી રહ્યો છે. તેની સીધી અસર હેઠળ રોજગારીની નવી તક પણ નિર્માણ થશે.

આમ નોકરી શોધનારાઓ અને નોકરી આપવાને સમર્થ સાહસિકો બંને માટે તક જ તક છે. આ સાહસિકોને રૂ. 10 કરોડ સુધીની સહાય આપવાની જોગવાઈ પણ કરવામાં આવેલી છે. આમ સંરક્ષણ મંત્રાલયલ સહુનો સાથ અને સહુનો વિકાસ કરવાના હેતુથી ઝાઝા હાથ રળિયામણાની નીતિ અપનાવી રહ્યું છે. ટીયર-



**હાર્દિક સોની, ચીફ મેનેજિંગ ડિરેક્ટર**
નવ વાયરલેસ ટેક્નોલોજિસ પ્રા.લિ.

ટુ અને ટીયર-થ્રી સુધીના શહેરો સુધી નવા સ્ટાર્ટઅપ્સના ઈન્ક્યુબેટર્સને આ આયોજનને સાકાર બનાવવા માટે જોડવામાં આવી રહ્યા છે. તેનાથી વિકાસના નવા વિસ્તારો ખૂલી જવાની ગણતરી પણ રાખવામાં આવી છે.

# ગુજરાત ચેમ્બરે પણ સમજૂતી કરાર કર્યા

ડિફેન્સ એક્સ્પોમાં એડબ્લ્યુઈએલ-એડવાન્સ વેપન ઈક્વિપમેન્ટ ઈન્ડિયા લિમિટેડ સાથે ગુજરાત ચેમ્બરે પણ સમજૂતી કરાર કર્યા છે. એડબ્લ્યુઈઆઈએલએ સરકારી કંપની છે. તેણે બોફર્સના વિકલ્પે તૈયાર કરવામાં આવેલી ધનુષ તોપનું ઉત્પાદન કર્યું છે. ગુજરાત ચેમ્બરના પ્રમુખ પથિક પટવારી કહે છે, "એડવાન્સ વેપન ઈક્વિપમેન્ટ ઈન્ડિયા લિમિટેડને જેટલા પણ સ્પેરપાર્ટ્સની જરૂર પડે તે તમામ સ્પેરપાર્ટ્સ ગુજરાતના નાના અને મધ્યમ ઉદ્યોગો થકી પૂરા પાડવાની સમજૂતી કરવામાં આવી છે. તેનાથી ડિફેન્સમાં આત્મનિર્ભરતા લાવવામાં મદદ મળશે. ગુજરાતમાં જામનગર બ્રાસપાર્ટ્સ પૂરા પાડી શકે છે. રાજકોટ એન્જિનિયરિંગ ઈન્ડસ્ટ્રી થકી જોઈતા સ્પેર્સ બનાવીને સપ્લાય કરવાને સક્ષમ છે.

ભાવનગર કાસ્ટિંગનું હબ છે. તેમાં કાસ્ટિંગ આધારિત સ્પેર્સ મળતા થઈ જશે. અમદાવાદ અને સુરતથી ટેક્સટાઈલના અને તેમાંય ખાસ કરીને ટેકનિકલ ટેક્સટાઈલના પ્રોડક્ટ્સ તૈયાર મળી શકે છે. આમ ડિફેન્સ ઈન્ડસ્ટ્રીને જોઈતી તમામ વસ્તુઓ ગુજરાતમાં મળી શકે છે. અત્યાર સુધી ગુજરાતના ઉદ્યોગો એમ માનતા આવ્યા હતા કે ડિફેન્સ ડિપાર્ટમેન્ટને સપ્લાય આપવો અઘરો છે. પરંતુ ડિફેન્સ એક્સ્પો થયો અને તેમણે મોટા અધિકારીઓ સાથે ચર્ચા કરી તે પછી તેમનો ભય જોજનો દૂર ચાલ્યો ગયો છે. હવે તેઓ તેમને સપ્લાય પૂરો પાડવા અને ડિફેન્સ ઈન્ડસ્ટ્રીઝનો હિસ્સો બનવા થનગની રહ્યા છે." ગુજરાતના એમએસએમઈ અને ઈન્ડસ્ટ્રીઝ તેમની સાથે ટેક્નોલોજી માટે ટાઈઅપ કરી શકશે. તેમાં ગુજરાત ચેમ્બર મધ્યસ્થી તરીકેની સારી ભૂમિકા ભજવશે. જોકે ગુજરાત ચેમ્બરના સભ્યો એડબ્લ્યુઈએલની મુલાકાત લેવા કાનપુર અને જબલપુર જઈ આવ્યા છે.



**નિમિષ સંઘવી, ચેરમેન,**
ડિફેન્સ કમિટી, ગુજરાત ચેમ્બર

તેમને ખબર પડી ગઈ છે કે નાના હથિયારો બનાવવા માટેના નાના નાના પૂરજાઓ બનાવવા માટેની મોટી જરૂરિયાત છે. તેનો લાભ લેવા તેઓ થનગની રહ્યા છે. તેમાંથી કેટલાકે તો GEM- જેમ તરીકે ઓળખાતા કેન્દ્ર સરકારના પોર્ટલ પર તેમના નામ પણ રજિસ્ટર કરાવી દીધા છે. તેમના પાર્ટ્સ કે હિસ્સાઓની ખરીદી કેન્દ્ર સરકાર સંરક્ષણ માટે કરતી થઈ જાય તેવી ગણતરી છે.

નિમિષ સંઘવી કહે છે, "ડિફેન્સના પરચેઝમાં તેમને પણ તક મળી શકશે. પહેલા મેડ ઈન ઈન્ડિયાની વાત હતી. હવે મેડ ફોર ઈન્ડિયાની વાત ચાલુ થઈ છે. મેડ ફોર ઈન્ડિયાના માધ્યમથી નિકાસની નિસરણી પર સડસડાટ આગળ વધવાના છે. આજની તારીખે ભારતે રૂ. 8000 કરોડની નિકાસ કરી દેવામાં આવી છે. ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં સંરક્ષણ શસ્ત્રોની નિકાસ 20000-22000 કરોડથી સુધી લઈ જવાનો ટાર્ગેટ હોવાનું જણાવવામાં આવ્યું છે. ગાઈડેડ મિસાઈલ અંગેની અમને જે જાણકારી મળી તે પછી તો તેનો હિસ્સો હોવો તે ગુજરાતના ઔદ્યોગિક સાહસિકોને માટે એક ગૌરવની બાબત બની રહી છે. અત્યારે ભારત ટોચના 25 નિકાસકારોની હરોળમાં આવી ગયું છે. આવનારા વર્ષોમાં ટોચના ત્રણ નિકાસકારોની કક્ષામાં આવશે. તેનાથીય આગળ વધીને વાત કરવામાં આવે તો આવનારા વર્ષોમાં ડિફેન્સની ટેક્નોલોજી ખરીદવા માટે વિશ્વના દેશો ભારતમાં આવશે."



**નવી યોજના હેઠળ ઇન્વેસ્ટર્સ ફ્રેન્ડલી નીતિ ધરાવતા ગુજરાતમાં 12.5 લાખ કરોડના નવા રોકાણ આવવાની શક્યતા**

# નવી MSME પોલીસીમાં રોજગારી નિર્માણ કરનારાને લાભ જ લાભ

### ● ગુજરાતના લઘુ તથા મધ્યમ ઉદ્યોગો આગામી સમયમાં રોજગારીની 15 લાખ નવી તક નિર્માણ કરશે

ગુજરાત સરકારે MSME -નાના ઉદ્યોગો માટે પાંચ ઓક્ટોબરે નવી ઉદ્યોગ નીતિની જાહેરાત કરી છે. ગુજરાતમાં ઉત્પાદન કરીને ગુજરાતમાં જ વેચનારાઓને નવી ઉદ્યોગ નીતિ ખાસ્સો લાભ કરાવશે. નવી રોજગારી નિર્માણ કરનારાઓને પણ એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડમાં સરકાર મોટી સહાય કરવા આગળ આવી છે. આમ નવી MSME પોલીસીમાં રોજગારી નિર્માણ કરવા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તેમાંય ખાસ કરીને ગ્રામીણ વિસ્તારમાં નવી રોજગારી નિર્માણ થાય અને ગ્રામીણ વિસ્તારના ગરીબો આર્થિક રીતે પગભર થાય તેવી નેમ સાથે સરકારે નવી MSME પોલીસી તૈયાર કરી હોવાનું જણાય છે.

નવી ઉદ્યોગ નીતિની જાહેરાત કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ઉદ્યોગ મંત્રી જગદીશ વિશ્વકર્માએ અવલોકન કર્યું હતું કે, "નવી નીતિમાં આત્મનિર્ભર ગુજરાતનું નિર્માણ કરવાના હેતુથી ઉદ્યોગોને પ્રોત્સાહનો આપવામાં આવ્યા છે. નવા ઉદ્યોગ સાહસિકોને વધુ પ્રોત્સાહન આપવાની જાહેરાત કરીને અમે ઇન્વેસ્ટમેન્ટ સામેના જોખમો ઘટાડ્યા છે. આજનો યુવાન ઉદ્યોગ સાહસિક નોકરીની નવી તક અને તેમાંય ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં કે અર્ધશહેરી વિસ્તારોમાં રોજગારીની તક નિર્માણ કરતો થાય તેના પર ફોકસ કરવામાં આવ્યું છે. એમ્પ્લોયમેન્ટ લિન્ક્ડ ઇન્સેન્ટિવ સ્કીમ પણ આ જ દિશામાંનો એક પ્રયાસ છે. તેનાથી ગુજરાતમાં નવા મેન્યુફેક્ચરિંગ સેક્ટર પણ ઊભા થશે."

જોકે ઉદ્યોગો નવી નીતિથી થોડા નારાજ છે. નાના અને મધ્યમ ઉદ્યોગ માટે ગુજરાત સરકારે જાહેર કરેલી નવી નીતિમાં માઈક્રોની કેટેગરીમાં વધુ એકમોને સ્થાન મળે તે માટેનો પ્રયાસ કરવામાં આવ્યા છે. નવી ઉદ્યોગ નીતિની વાત કરતાં અગ્રણી ઉદ્યોગપતિ એન.કે. નાવડિયા કહે છે, "આજની તારીખમાં રૂ. 1 કરોડમાં નાના ઉદ્યોગ પણ સ્થાપી શકાતા નથી. આ સ્થિતિમાં રૂ. 1 કરોડ સુધીના ઉદ્યોગોને લાભ આપવાની જાહેરાત કરી તેથી તે લાભ માત્ર કુટિર ઉદ્યોગ સુધી જ પહોંચી શકશે. બીજી તરફ રૂ. 1 કરોડથી વધુ અને રૂ. 50 કરોડથી ઓછું રોકાણ કરનારા ઉદ્યોગોને કેપિટલ સબસિડીથી વંચિત કરી દઈને નવી MSME પોલીસીએ મોટો વિવાદ ઊભો કરી દીધો છે."

**કેપિટલ સબસિડીમાં ફેરફાર કરાયો:**

નવી પોલિસીમાં અંતરિયાળ વિસ્તાર એટલે કે શહેરથી ખાસ્સા દૂર આવેલા ગ્રામીણ વિસ્તારમાં માઈક્રો ઉદ્યોગોને ટર્મ લોન પર 25 ટકાની અને મહત્તમ રૂ. ૩૫ લાખ સુધીના ઇન્વેસ્ટમેન્ટ પર સબસિડી આપવાની જાહેરાત કરવામાં આવી છે. કેટેગરી – 2 તાલુકાના એટલે કે શહેરની નજીકના પરિસરના તાલુકામાં આવેલા માઈક્રો એકમોને લોનની રકમના ૨૦ ટકા સુધીની અને મહત્તમ રૂ. 30 લાખ સુધીની ઇન્વેસ્ટમેન્ટ સબસિડી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ જ રીતે કેટેગરી ૩માં એટલે કે શહેરની અંદરના તાલુકા વિસ્તારમાં આવેલા માઈક્રો એકમોને ટર્મ લોનના ૧૦ ટકાના

# ●નવી પોલિસી હેઠળ રૂ. 1 કરોડથી વધુ અને રૂ. 50 કરોડથી ઓછું રોકાણ કરનારા ઉદ્યોગોને કેપિટલ સબસિડી નહીં મળે

પ્રમાણમાં મહત્તમ રૂ. 10 લાખ સુધીની મૂડી સહાય આપવામાં આવશે. ફોર લીફ ક્લોવર એડવાઈઝરી પ્રાઈવેટ લિમિટેડના ફાઉન્ડર અર્પિત કચોલિયા કહે છે, "તાલુકા-1ની કેટેગરીમાં સરકાર વધુ સારી એટલે કે રૂ. 10 લાખ કરતા વધુની સબસિડી આપી શકી હોત. MSME ને આ પોલીસી થકી બહુ મોટો લાભ મળતો નથી."

**નવી પોલિસીથી કોને લાભ મળશે તે અસ્પષ્ટ:**

ગુજરાતમાં 5.5 લાખ નાના એકમોમાંથી ખાસ્સા એકમોને સરકારની સબસિડીની યોજના અંગે જાણકારી જ નથી. તેથી સરકારે તેમનામાં આ મુદ્દે જાગૃતિ વધારવાની કોશિશ પણ કરવી જોઈએ. જાગૃતિ લાવીને જ ખરા લાભાર્થી સુધી લાભ પહોંચાડી શકશે. બીજું, કેપિટલ સબસિડી બે ત્રણ માસમાં રિ-ઈમ્બર્સ થવી જોઈએ. ઘણીવાર બહુ જ લાંબા સમય સુધી રિઈમ્બર્સ થતી જ નથી. તેમાં ગુજરાત સરકાર ફેરફાર કરીને ઝડપથી સબસિડી મળવાની જોગવાઈ કરશે તો નાના ઉદ્યોગોનો ઉત્સાહ વધશે. જોકે પાંચમી ઓક્ટોબરે જાહેર કરેલી નવી MSME પોલીસીમાં બહુ મોટા ચેન્જ પણ લવાયા હોવાનું જોવા મળતું નથી. હા, સબસિડી થોડી વધારી છે. પહેલા પણ સબસિડી પણ મળતી હતી. આજે તેમાં બહુ મોટા ફેરફાર કરાયા નથી. અલબત્ત, થ્રસ્ટ સેક્ટરની કંપનીઓને તેનો સારો લાભ મળશે તેમ જણાય છે. એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડનો લાભ એકદમ નાના એકમોને મળી શકશે નહીં. MSME પોલીસીના અભ્યાસુ અર્પિત કચોલિયા કહે છે, "નાના એકમોને MSMEની નવી પોલીસીનો બહુ મોટો લાભ મળશે નહીં. બીજી તરફ મોટી કંપનીઓને પણ તેના થકી લાભ મળે તેમ નથી."

**વ્યાજ સબસિડીમાં શું મળશે?**

માઈક્રો, સ્મોલ અને મિડિયમ ઈન્ડસ્ટ્રીઝને વ્યાજ સબસિડી આપવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. કેટેગરી વન તાલુકામાં આવતા ઔદ્યોગિક એકમોને મુદતી ધિરાણ એટલે કે ટર્મ લોનના 7 ટકા વ્યાજ મહત્તમ રૂ. 35 લાખની મર્યાદામાં મહત્તમ સાત વર્ષ સુધી લાભ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કેટેગરી -ટુ તાલુકામાં આવેલા એકમોને ટર્મ લોનના 6 ટકા વ્યાજની સબસિડી વાર્ષિક મહત્તમ રૂ. 30 લાખની મર્યાદામાં આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ જ રીતે કેટેગરી થ્રીમાં આવતા એકમોને ટર્મ લોન પર 5 ટકાના દરે વાર્ષિક મહત્તમ રૂ. 25 લાખની મર્યાદામાં સહાય આપવામાં આવશે.

**મહિલા ઉદ્યોગ સાહસિકોને વધુ લાભ મળશે:**

હા, તેની સાથે જ મહિલા ઉદ્યોગ સાહસિકોને પુરુષ સાહસિકની તુલનાએ એક ટકા વધુ વ્યાજ સહાય આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમ જ વિકલાંગોને પણ એક ટકા વધારે વ્યાજ રાહત આપવામાં આવશે. આ લાભ મેન્યુફેક્ચરિંગ સેક્ટરના સ્ટાર્ટ અપ્સને પણ આપવામાં આવશે. 35 વર્ષની વયથી નાના ઉદ્યોગ સાહસિકોને ટર્મલોન પર એક ટકા વધારાની વ્યાજ સહાય



# નવી રોજગારી નિર્માણ કરવાની સરકારની નેમ

5 ઓક્ટોબરે જાહેર કરેલી MSME પોલીસીમાં નવી રોજગારી નિર્માણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. સરકારે નવી વ્યક્તિને જોબ આપનાર કંપનીને કર્મચારીના પ્રોવિડંડ ફંડમાં જે હિસ્સો જમા કરાવવો પડે છે તે હિસ્સો 10 વર્ષ સુધી આપવાની જાહેરાત કરી છે. એટલે કે કંપનીના માલિકે કર્મચારીના પ્રોવિડન્ટ ફંડમાં જમા આપવી પડતી સો ટકા રકમ સરકાર દસ વર્ષ સુધી જમા કરાવશે. હા, સરકાર કર્મચારીના બેઝિક પગાર અને મોંઘવારી ભથ્થાનો સરવાળો કરતાં થતી રકમના મહત્તમ 12 ટકા રકમ PFમાં જમા કરાવશે. આમ કંપનીઓનું કર્મચારી દીઠ મહિને રૂ. 1800 સુધીનું ભારણ ઓછું થઈ જશે.તેમાં કર્મચારીની સંખ્યાની કોઈ જ મર્યાદા મૂકવામાં આવી નથી. ગુજરાત સરકારે કરેલી આ જાહેરાત ઘણી જ મોટી અને લાભકારક છે. આમ નવી રોજગારી વધારવા પર સરકારનું ફોકસ હોવાનો નિર્દેશ મળી રહ્યો છે. હા, તેને માટે નવા યુનિવર્સલ કોડ જનરેટ કરવાની સરકારે શરત મૂકી છે.



આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે MSME પોલીસીના અભ્યાસુ પાર્થ દવે કહે છે, " પોલિસીમાં શરત છે કે બેન્ક કે ફાઈનાન્શિયલ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા લેવામાં આવનારા કુલ વ્યાજના દરમાંથી બે ટકા તો ફરજિયાત ટર્મ લોન પર વ્યાજ રાહત મેળવનારાઓએ ભરવા જ પડશે. આ કારણે લાભ સીમિત કરી દેવાનું આયોજન કરવામાં આવ્યુ હોવાનું લાગે છે."

**GSTના નવા લાભ આપવાની જાહેરાત**

નવી MSME પોલીસીમાં એલિજિબલ ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટની રકમના ૭.૫ ટકા સુધીની રકમ પર ૧૦૦ ટકા નેટ SGST પર ૧૦ વર્ષ સુધી રાહત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ જ રીતે કેટેગરી - ટુ અને થ્રીમાં આવતા તાલુકામાં ચાલતા એકમોને એલિજિબલ

ફિક્સ્ડ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટના અનુક્રમે ૬.૫ ટકા અને ૫ ટકા પ્રમાણે SGSTના અનુક્રમે ૯૦ ટકા અને ૮૦ ટકા SGSTની રાહત આપવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. દરેક ઔદ્યોગિક એકમ કોમર્શિયલ ઉત્પાદન ચાલુ કરે તે તારીખથી દસ વર્ષ માટે આ લાભ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. નવી ઉદ્યોગ નીતિમાં GSTના લાભ આપવાની જાહેરાત અંગે વાત કરતાં કાયદાના નિષ્ણાતો કહે છે. "ગુજરાત મેન્યુફેક્ચરિંગ હબ છે. ગુજરાતમાં પેદા થતી મોટા ભાગની વસ્તુઓ બીજા રાજ્યમાં જ વેચાય છે અથવા તો એક્સપોર્ટ થાય છે. ગુજરાતમાં તેનું વેચાણ કુલ ઉત્પાદનના 5 ટકાની આસપાસ જ રહે છે. બાકી 95 ટકા માલ રાજ્ય બહાર કે પછી વિદેશમાં વેચાય છે. આ સ્થિતિમાં GSTની સબસિડીના લાભ ગુજરાતના મેન્યુફેક્ચરર્સને સીમિત પ્રમાણમાં મળશે. આમ નવી MSME પોલીસીમાં સ્થાનિક સ્તરે વેચાણ કરનારાઓને જ GSTનો લાભ આપવાની જોગવાઈ પણ તેમના લાભને સીમિત કરી દેશે. તેથી SGST રિઈમ્બર્સ કરવાની જાહેરાત બહુ મોટો લાભ કરાવનારી સાબિત થશે નહીં. ગુજરાત મેન્યુફેક્ચરિંગ સ્ટેટ હોવાથી સ્થાનિક સ્તરે વેચાણ કરવાની બાબતમાં ગુજરાતના મેન્યુફેક્ચરર્સના પરફોર્મન્સમાં સુધારો થવાની અપેક્ષા ઓછી છે."

**માઈક્રો એકમની વ્યાખ્યા બદલાઈ:**

ગુજરાત સરકારના નાના અને મધ્યમ ઉદ્યોગો માટેની પોલીસીમાં નાના એકમોને પેમેન્ટ મળવામાં થઈ રહેલી સમસ્યાનો ઉકેલ લાવીને તેમની આર્થિક સદ્ધરતા વધારવા માટે કોઈ જ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. નાના અને મધ્યમ ઉદ્યોગ માટે નવી ઉદ્યોગ નીતિની જાહેરાત કરવાને નામે ગુજરાત સરકારને માઈક્રો એકમની વ્યાખ્યા બદલી છે. એક કરોડથી ઓછું રોકાણ કરનારાઓને માઈક્રો એકમમાં સ્થાન આપ્યું છે. નાના એકમોનું કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ રૂ.૫ કરોડથી વધારીને રૂ. ૧૦ કરોડ કરી છે.

**જૂની પોલિસી અંગે સ્પષ્ટતા આવશ્યક:**

નવી પોલીસીમાં કરવામાં આવેલી જોગવાઈને કારણે 2020માં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જાહેર કરેલી ઉદ્યોગ નીતિ રદબાતલ થઈ જશે કે કેમ તે અંગે સ્પષ્ટતા થવી જરૂરી છે. વર્તમાન સરકાર સ્પષ્ટતા કરશે તો ઉદ્યોગોને તેનો વ્યવસ્થિત અંદાજ આવશે. વિજય રૂપાણીએ જાહેર કરેલી પોલીસી હેઠળ ચારથી બાર ટકા સુધીની મળતી મૂડી સહાય-કેપિટલ સબસિડી ચાલુ રહેશે કે બંધ થઈ જશે તે જાણવા ઉદ્યોગો ઉત્સુક છે. રૂ. 1 કરોડથી વધુ અને રૂ. 50 કરોડથી ઓછું રોકાણ કરનારાઓને ગેરલાભ થશે તેવો તેમને ભય લાગી રહ્યો છે.

વિજય રૂપાણીએ જાહેર કરેલી

## જૂની યોજના હેઠળ કઈ સહાય મળતી રહેશે?

1. MSME ના સર્વિસ સેક્ટરને વ્યાજ સબસિડી મળવાની ચાલુ રહેશે.
2. ક્વોલિટી સર્ટિફિકેશન માટે મદદ મળવાની ચાલુ રહેશે.
3. MSME ના ZED સર્ટિફિકેશનમાં નાણાકીય ટેકો મળતો રહેશે.
4. ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજીના અમલીકરણમાં મદદ મળતી રહેશે.
5. ટેક્નોલોજી હસ્તગત કરવા માટે અપાતી સહાય ચાલુ રહેશે.
6. પેટન્ટ રજિસ્ટ્રેશન માટેની સહાય ચાલુ રહેશે.
7. પાણી અને વીજળીના વપરાશમાં બચત કરવા પર મદદ મળતી રહેશે.
8. SME એક્સચેન્જના માધ્યમથી મૂડી ઊભી કરવા માટે મદદ મળતી રહેશે.
9. CGTMSE ફી પાછી આપવામાં મદદ મળતી રહેશે.
10. માંદા ઔદ્યોગિક એકમોને પુનઃપ્રસ્થાપિત કરવામાં મદદ મળતી રહેશે.
11. પાવર કનેક્શન ચાર્જમાં મળતી મદદ ચાલુ રહેશે.
12. MSEને ભાડું આપવામાં મળતી મદદ ચાલુ રહેશે.

# રૂપિયા 50 કરોડથી વધુનું રોકાણ કરનારાઓને સબસિડી અને GSTના લાભ

કેટેગરી 1માં આવતા તાલુકાના મોટા ઉદ્યોગોને પણ ટર્મલોન પર વ્યાજની સબસિડી 1 ટકો અપાય છે. નવી પોલિસીમાં નવ વિશેષ સેક્ટર માટે સબસિડી વધારીને 1.2 ટકા કરવામાં આવી છે. આ લાભ દસ વર્ષ સુધી આપવામાં આવશે. તેમ જ કેટેગરી ટુમાં આવતા તાલુકાના ઉદ્યોગોને ટર્મ લોન પર વ્યાજની સબસિડી એક ટકાને ધોરણે આઠ વર્ષને બદલે વધારીને 10 વર્ષ સુધી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કેટેગરી થ્રીમાં આવતા તાલુકામાં એકમ ધરાવનારાઓને ટર્મ લોન પર છ વર્ષ માટે વ્યાજની સબસિડી અપાતી હતી તે વધારીને 8 વર્ષ કરવામાં આવી છે. તેમને કેટેગરી-વનના તાલુકામાં SGSTમાં AFCIના 7.5 ટકાની 10 વર્ષ માટે મળતી માફી વધારીને 8 ટકા કરી આપવામાં આવી છે. આ જ રીતે કેટેગરી ટુમાં 6.5 ટકાનો મળતો લાભ વધારીને 7 ટકા કરી આપવાનો અને કેટેગરી-થ્રીમાં મળતો 5 ટકાનો લાભ વધારીને 5.5 ટકા કરી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ લાભ દસ વર્ષ સુધી આપવામાં આવશે. મોટા એકમો પણ તદ્દન નવી રોજગારી નિર્માણ કરશે તો તેમને એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડમાં સરકાર તરફથી નાના એકમોને આપવામાં આવતા બેઝિક પગાર ને મોંઘવારી ભથ્થાની કુલ રકમના મહત્તમ 12 ટકાના પ્રમાણમાં ફાળો આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ ફાળા પેટે કર્મચારી દીઠ મહત્તમ રૂ. 1800 સરકાર તરફથી જમા કરાવવામાં આવશે. તેમાં રોજગારીની સંખ્યાને સીમિત કરવામાં આવી નથી. માત્ર ફ્રેશ-નવો જોબ ક્રિયેટ થયેલો હોવો જોઈએ તેટલી જ શરત મૂકવામાં આવેલી છે.



## મોટા-મેગા પ્રોજેક્ટ્સને સ્ટેમ્પ ડ્યૂટી અને ઇલેક્ટ્રિસિટી ડ્યૂટીમાં પણ રાહત મળશે

મેગા ઇન્ડસ્ટ્રીયલ પ્રોજેક્ટ્સ લઈને આવનારાઓને જમીનની ખરીદી પર કે પ્રોજેક્ટ માટે જમીન ભાડાપટ્ટેથી લેવા પર ચૂકવવાની થતી રકમ પર આપવી પડનારી સ્ટેમ્પ ડ્યૂટી અને રજિસ્ટ્રેશન ફી સંપૂર્ણપણે માફ કરવામાં આવશે. મોટા ઔદ્યોગિક પ્રોજેક્ટને ગુજરાત ઇલેક્ટ્રિસિટી એક્ટ 2003 હેઠળ મળવાપાત્ર ઇલેક્ટ્રિસિટી ડ્યૂટીમાં પણ માફી આપવામાં આવશે. આત્મનિર્ભર ગુજરાતની આ યોજના હેઠળ ઇન્વેસ્ટર્સ ફ્રેન્ડલી નીતિ ધરાવતા ગુજરાતમાં 12.5 લાખ કરોડના નવા રોકાણ આવવાની અને રોજગારીની 15 લાખ નવી તક નિર્માણ કરશે તેવી આશા રાખવામાં આવી રહી છે.

## નવી પોલીસીમાં 9 સેક્ટર્સ પર ફોકસ

નવી MSME પોલીસમાં નવ જેટલા સેક્ટર પર ભાર મૂકવામાં આવ્યો છે. તેમાં ગ્રીન એનર્જી સેક્ટર મોખરે છે. ગ્રીન હાઈડ્રોજન, ગ્રીન એમોનિયા, ઈલેક્ટ્રોલાઈઝર, રિન્યુએબલ એનર્જી ઈક્વિપમેન્ટ, બેટરી સ્ટોરેજ, ફ્યુઅલ સેલ બનાવનારાઓને પ્રાધાન્ય અપાશે. મોબિલીટીના સેક્ટરમાં એવિયેશનને લગતા પ્રોડક્ટ્સનું મેન્યુફેક્ચરિંગ કરનારા, ઈલેક્ટ્રિક વેહિકલ બનાવનારા, ઓટો અને ઓટોપાર્ટ્સ બનાવનારા, સ્પેસને લગતી વસ્તુઓનું ઉત્પાદન કરનારાઓ પર પણ ફોકસ રાખવામાં આવ્યું છે. કેપિટલ ઈક્વિપમેન્ટ એટલેકે મેન્યુફેક્ચરિંગ કરવા માટેની મશીનરી બનાવનારાઓમાં ઈલેક્ટ્રિક મશીનરી અને ઉપકરણો, ઔદ્યોગિક મશીનરી ને તેના સાધનો, ટેલિકોમને લગતી મશીનરી કે તેના સાધનો બનાવનારને પણ MSME પોલીસીમાં અગ્રક્રમ આપવામાં આવ્યો છે. મેટલ્સ-ધાતુઓ, ખનીજની પ્રક્રિયા કરનારાઓ, સિરામિક ઉદ્યોગ, ટેકનિકલ ટેક્સટાઈલ, એપરલ અને ગારમેન્ટને પણ ફોકસમાં રાખવામાં આવ્યા છે. ઘનકચરાનો નિકાલ કરવા માટેના સાધનો, કૃષિ ઉપજ પર પ્રોસેસ કરી વેલ્યુ એડિશન કરતાં પ્રોડક્ટ્સ, જેમ્સ એન્ડ જ્વેલરી તથા લેબોરેટરીમાં તૈયાર કરવામાં આવેલા હીરાઓના ઉત્પાદનના ક્ષેત્રમાં મહત્વનું યોગદાન આપનારાઓને MSME પોલીસીમાં અગ્રક્રમ આપવાનો નિર્ણય લેવાયો છે. ફાર્માસ્યૂટિકલ્સ કંપનીઓ, એક્ટિવ ફાર્માસ્યૂટિક ઈન્ગ્રેડિયન્ટ્સ અને મેડિકલ ડિવાઈઝ બનાવનારાઓને MSME યોજના હેઠળ મહત્તા આપવાનો નિર્ણય લેવાયો છે. તેની પડખે નાના એકમો પણ વિકસતા હોવાથી તેમને આ લાભ આપવામાં આવ્યો છે. તેમણે પ્લાન્ટ અને મશીનરીમાં રૂ. 2500 કરોડથી વધુનું રોકાણ કરેલું હોવું જરૂરી છે. તેમ જ 2500 જણને સીધી રોજગારી આપતો મેગા પ્રોજેક્ટ હોવો જોઈએ.

નીતિને વર્તમાન સરકારે અધવચ્ચે જ પડતી મૂકી દીધી હોવાની લાગણી ઉદ્યોગમાં જન્મી છે. પાર્થ દવે કહે છે, "પાંચ વર્ષ માટે જાહેર કરવામાં આવેલી પોલીસીને અધવચ્ચે જ પડતી મૂકી દઈને ગુજરાત સરકારે નવી પોલિસી જાહેર કરતા બહારથી ગુજરાતમાં ઈન્વેસ્ટ કરવા આવેલી કંપનીઓના આર્થિક ગણિતો ઉંધા પડી જવાની શક્યતા છે. આ પગલાથી ગુજરાત સરકારની વિશ્વસનીયતા સામે સવાલ ઊભો થશે. તેમ જ ગુજરાતમાં રોકાણ કરતાં પૂર્વે કંપનીઓ બે વાર વિચાર કરશે. રોકાણ કરતી વેળાએ સરકારે જાહેર કરેલા લાભ લેવાનો સમય આવશે ત્યારે તે મળશે કે નહીં તે અંગે કંપનીઓને અનિશ્ચિતતા રહેશે. આ અનિશ્ચિતતા ઉદ્યોગોને રોકાણ કરવા આવતા અટકાવશે."

### કાયદાકીય ગૂંચો ઊભી થઈ શકેઃ

વાસ્તવમાં 7 ઓગસ્ટ 2020ના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જાહેર કરેલી નીતિ છ ઓગસ્ટ 2025 સુધી અમલમાં રહેવાની જાહેરાત કરવામાં આવી હતી. બુધવારે MSME ની નવી પોલીસી જાહેર કરવામાં આવી તે પોલીસી 5મી ઓક્ટોબર 2022થી 4થી ઓક્ટોબર 2027 સુધી અમલમાં રાખવાની જાહેરાત કરાઈ છે. પરિણામે વિજય રૂપાણીએ પાંચ વર્ષ માટે જાહેર કરેલી નીતિનો અમલ બે જ વર્ષમાં બંધ થઈ જશે, તેમ લાગતા ઉદ્યોગોને મોટો આંચકો લાગ્યો છે. પાંચ વર્ષની મુદતને બદલે વચગાળામાં નવી પોલીસી જાહેર કરી દેવાને પરિણામે અનેક કાનૂની ગૂંચવણો પણ ઊભી થઈ શકે છે. તામિલનાડુ, દિલ્હી, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાંથી ગુજરાતમાં રોકાણ કરવા આગળ આવેલા ઈન્વેસ્ટર્સને કેપિટલ સબસિડી મળવાના રસ્તા બંધ થઈ જતાં ગુજરાત સરકારમાં તેમનો વિશ્વાસ ડગી જશે. ઈન્વેસ્ટર્સ ફ્રેન્ડલી ગુજરાત સરકાર આ મુદ્દે વિચારણાં કરીને સ્પષ્ટતા કરશે તેવી ઉદ્યોગોને આશા છે.

### અનેક ઉદ્યોગો સબસિડીથી વંચિત થઈ શકેઃ



ગુજરાત સરકારે જાહેર કરેલી MSME પોલીસીમાં માઈક્રો યુનિટની વ્યાખ્યા બદલીને રૂ. 5 કરોડથી ઘટાડીને રૂ. 1 કરોડ કરી દેતા સંખ્યાબંધ એકમોને મળતી મૂડીસહાય બંધ થઈ જશે તેવી પણ દહેશત છે. ભૂતકાળમાં ગુજરાત સરકારે જ MSMEની આસિસ્ટન્ટ ટુ MSME ના શીર્ષક હેઠળ સાતમી ઓગસ્ટ 2020ના જાહેર કરેલી નીતિમાં કેપિટલ સબસિડી તાલુકાની કેટેગરી પ્રમાણે આપવાની જોગવાઈ કરી હતી. ઓક્ટોબર 2022માં જાહેર કરવામાં આવેલી નવી પોલીસીમાં રૂ. 1થી 5 કરોડનું રોકાણ કરી ચૂકેલા પરંતુ પ્રોડક્શન હજી સુધી ચાલુ કરી ન શકેલા તથા પ્રોજેક્ટનું ઈન્વેસ્ટર્સ ફેસિલિટીશન પોર્ટલ અથવા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં રજિસ્ટ્રેશન ન કરાવી શકનાર ઉદ્યોગોને મૂડી સહાય એટલે કે કેપિટલ સબસિડી મળતી બંધ કરી દેવાની વાત છે. તેમના પ્રોડક્શનના કામકાજ અધૂરા હોય અને કાનૂની ગૂંચવણોમાં હોય તેવા પ્રોજેક્ટને કેપિટલ સબસિડીથી વંચિત થઈ જવું પડશે.

નાના ઉદ્યોગો માટે રોકાણની ટોચ મર્યાદા જૂની પોલીસી એટલે કે લાર્જ એન્ડ થ્રસ્ટ સેક્ટર હેઠળ મૂડીસહાયના લાભ મેળવવા માટે અરજી કરવાની મહત્તમ મર્યાદા રૂ. 50 કરોડની હતી. તેમને જૂની વ્યવસ્થા હેઠળ રોકાણના 12 ટકા પ્રમાણે કુલ રૂ. 6 કરોડની મૂડી સહાય એટલે કે કેપિટલ સબસિડી મળવાને પાત્ર બનતી હતી. તેમને MSMEની નવી પોલીસી હેઠળ આ લાભ ગુમાવવો પડશે, કારણ કે તેમાં રૂ. 50 કરોડથી ઓછું રોકાણ કરનારાઓને સબસિડીનો લાભ ન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. માત્ર પ્લાન્ટ અને મશીનરીમાં રૂ. 50 કરોડનું રોકાણ કરનારને જ સબસિડી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉદ્યોગોનું માનવું છે કે જૂની કેપિટલ સબસિડીની યોજના જ ચાલુ રાખવી જોઈએ. નવી પોલીસીની જાહેરાત કરતાં પૂર્વે ગુજરાત સરકારે ઉદ્યોગો સાથે ચર્ચા વિચારણા કરે તેવી ઉદ્યોગોની અપેક્ષા છે.

**Nirma University, Ahmedabad**

## ‘Helping budding entrepreneurs to become business professionless’

### University at a Glance

- Established in the year 2003, Nirma University is the First private university in Gujarat.
- Founded by Padma Shri Dr Karsanbhai K Patel, the university is a research-oriented, student-centric, multidisciplinary, not-for-profit state private university.
- Integrated, Undergraduate, Postgraduate, and Doctoral Programmes offered in the field of Technology, Management, Pharmacy, Science, Law, Architecture & Planning, Commerce, and Design.



### Campus Highlights

- Recognised as Centre of Excellence by the Government of Gujarat.
- Re-accredited by the National Assessment and Accreditation Council (NAAC) with an ‘A +’ grade.
- All the relevant undergraduate programmes of the university are accredited by the National Board of Accreditation (NBA) in Tier-I format.
- MBA programme accredited by South Asian Quality Assurance System (SAQS) and National Board of Accreditation (NBA).
- Excellent placement record over the past years. Rs 88 lakhs per annum salary offered to student this year.
- Certified Green campus.
- A Student Startup and Incubation Centre is established at the university.
- 37,000 + strong alumni network.



### Programme for Aspiring Entrepreneurs

The Institute of Management, Nirma University offers a programme in Master of Business Administration (Family Business & Entrepreneurship) not only for the next generation of Family Business owners but also for young graduates with no experience in business but who exhibit entrepreneurial ambitions. Further details are available at the institute website: https://management.nirmauni.ac.in/






**For more details visit our website:** www.nirmauni.ac.in

# eRupee શું છે? કેવી રીતે કામ કરશે? સ્પષ્ટતાને અભાવે મૂંઝવણ



- **રિઝર્વ બેન્કે 7 ઓક્ટોબરના રોજ eRupee ડિજિટલ કરન્સી માટે કોન્સેપ્ટ નોટ જાહેર કરી, છતાં મૂંઝવણ યથાવત્**

ક્રિપ્ટોકરન્સી લોન્ચ થઈ ત્યારે દુનિયાભરના રોકાણકારોને પ્રથમ વાર અહેસાસ થયો કે કરન્સીને પણ ડિજિટલ સ્વરૂપમાં ઢાળવી શક્ય છે. ત્યાર બાદ ભારત સહિતના વિશ્વના બધા જ દેશો ડિજિટલ કરન્સીની દિશામાં આગળ વધી રહ્યા છે. ડિજિટલ કરન્સીના ઉજ્જવળ ભવિષ્યને કેન્દ્રમાં રાખીને રિઝર્વ બેન્કે પોતાની ડિજિટલ કરન્સી એટલે કે સેન્ટ્રલ બેન્ક ડિજિટલ કરન્સી (CBDC) eRupee લોન્ચ કરવાની જાહેરાત કરી છે. eRupeeનો પાયલોટ પ્રોજેક્ટ નવેમ્બરના આરંભમાં શરૂ કરી દેવામાં આવ્યો છે. નાણાંમંત્રીએ વર્ષ 2022ના કેન્દ્રીય બજેટમાં eRupeeનો ઉલ્લેખ કર્યો ત્યારથી જ કરન્સીના આ નવા સ્વરૂપ અંગે ખાસ્સો ગણગણાટ હતો. હવે રિઝર્વ બેન્કે 7 ઓક્ટોબર 2022ના રોજ eRupee પર કોન્સેપ્ટ પેપર લોન્ચ

**eRUPI લોન્ચ કરતા પહેલા ડિજિટલ કરન્સી અંગે વ્યાપક જાગૃતિ ફેલાવવી ખૂબ જ આવશ્યક**

કરીને તબક્કાવાર આ કરન્સીને ભારતીય અર્થતંત્રમાં ઈન્ટ્રોડ્યુસ કરવાની જાહેરાત કરી છે. જોકે આ અંગે સ્પષ્ટતાના અભાવે બેન્કર્સથી માંડીને આમ જનતા સુધી સૌમાં eRupeeને લઇને ખાસી મૂંઝવણ છે.

### eRupee આખરે છે શું?

નામ સૂચવે છે તે મુજબ જ eRupee એ ભારતીય રૂપિયાનું ડિજિટલ વર્ઝન છે. રિઝર્વ બેન્કે eRupeeના બે વર્ઝનનો પ્રસ્તાવ મૂક્યો છે. પહેલું હોલસેલ ફોર્મેટ છે જેનો ઉપયોગ બેન્કના અંદરના સેટલમેન્ટ માટે કરવામાં આવશે. બીજા રિટેલ ફોર્મેટના eRupeeનો ઉપયોગ દેશના દરેક નાગરિકો કરી શકશે. રિઝર્વ બેન્કે પ્રસ્તાવ મુક્યો છે કે દરેક વ્યક્તિ પોતાના ડિજિટલ વૉલેટમાં eRupee રાખી શકશે.

### eRupee અને ક્રિપ્ટોકરન્સીમાં કેટલી સામ્યતા છે?

eRupee ક્રિપ્ટોકરન્સીની જેમ બ્લોકચેઈન આધારિત હશે કે તે અંગે પણ જિજ્ઞાસા છે. જો કે રિઝર્વ બેન્કે આ અંગે ફોડ પાડ્યો નથી. જો કે ક્રિપ્ટો અને eRupee વચ્ચે સૌથી મોટો તફાવત એ છે કે ક્રિપ્ટો કરન્સી કોઈ દેશની સરકાર કે બેન્ક દ્વારા નિયંત્રિત નથી. તેની સામે eRupee સંપૂર્ણપણે રિઝર્વ બેન્ક દ્વારા નિયંત્રિત હશે અને તેમના દ્વારા જ ઈશ્યુ કરવામાં આવશે. બિટકોઈનની જેમ તેનું માઈનિંગ કરી શકાશે નહીં. આથી બિટકોઈનમાં જેમ વીજળીનો વધુ પડતો વપરાશ થાય છે તે સમસ્યા eRupeeમાં થશે નહીં.

# RBI દ્વારા eRupee અંગે સ્પષ્ટતા જરૂરી: જનક રાવલ

મહાગુજરાત બેન્ક એમ્પલોયીઝ એસોસિયેશનના જનરલ સેક્રેટરી જનક રાવલે eRupee અંગે વાત કરતા જણાવ્યું કે આ નવા કોન્સેપ્ટ અંગે રિઝર્વ બેન્ક તરફથી વધુ સ્પષ્ટતા જરૂરી છે. તેમણે જણાવ્યું, “eRupee કાર્ડ સ્વરૂપમાં હશે, ઈ-વાઉચર રૂપે હશે કે પછી ડિજિટલ વૉલેટમાં હશે તે અંગે કોઈ ચોક્કસ સ્પષ્ટતા નથી. વળી, જો તે ડિજિટલ વૉલેટમાં હોય તો તેનો મૂળ સ્રોત ક્યાં હશે તે અંગે પણ જાણકારી નથી. જેમ કે, આપણે હાલ જે ડિજિટલ વૉલેટ યુઝ કરીએ છીએ તે બેન્ક એકાઉન્ટ સાથે લિન્ક કરાય છે. અર્થાત્, કરન્સીના કોઈ પણ સ્વરૂપને એક એવો સ્રોત તો જોઈએ જ છે જ્યાં રોકડ કે અન્ય સ્વરૂપે પૈસા જમા કરાવી શકાય કે ઉપાડી શકાય. eRupee માટે આ સોર્સ કયો હશે તેના અંગે સ્પષ્ટતા નથી.” તેમણે ભારપૂર્વક જણાવ્યું કે eRupeeના ટ્રાન્સફર પર ચાર્જ લાગશે કે કેમ તે અંગે સરકારે ખાસ સ્પષ્ટતા કરવી જોઈએ. eRupee ડિજિટલ વોલેટમાં પડ્યા હોય તો તેના પર વ્યાજ ન મળે તે સમજી શકાય, પરંતુ તેને વોલેટમાં રાખવા માટે ચાર્જ ચૂકવવો પડે તો તે યોગ્ય ન ગણાય. eRupee ગવર્મેન્ટ દ્વારા જ સ્પોન્સર કરાવવા જોઈએ. જનક રાવલે વધુમાં એમ પણ જણાવ્યું કે ભારતમાં હજુ પણ વિશાળ સંખ્યામાં લોકો ગામડામાં રહે છે. અહીં ડિજિટલ યુગમાં પણ રોકડ વ્યવહારોનું જ વધારે ચલણ છે. સરકાર ડિજિટલ કરન્સી લોન્ચ કરે તે સરાહનીય છે પરંતુ જ્યાં સુધી ડિજિટલ ટ્રાન્ઝેક્શન માટે બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું ન થાય અને જાગૃતિ ન આવે ત્યાં સુધી આવી પહેલ ફક્ત શહેરના એલિટ ક્લાસ સુધી સીમિત રહી જવાની ભીતિ રહે છે.



રિઝર્વ બેન્ક તેમની ડિજિટલ કરન્સીમાં પૂરતી સાયબર સિક્યોરિટી હોય અને તે બદલાતી ટેક્નોલોજી સાથે કદમ મિલાવી શકે તે માટે ખાસ પગલા ભરી રહી છે.

### eRupee કેવી રીતે કામ કરશે?

eRupeeનું રિટેલ વર્ઝન ટોકનના સ્વરૂપમાં ઉપલબ્ધ થશે. તેમાં તમને એક પ્રાઈવેટ કી આપવામાં આવશે જેને એક્સેસ કરવા માટે તમારે પાસવર્ડ નાંખવાનો રહેશે. તમે આ પ્રાઈવેટ કીનો ઉપયોગ કરીને ફંડ ટ્રાન્સફર કરી શકશો કે એક્સેસ કરી શકશો.

રિઝર્વ બેન્કે સ્પષ્ટતા કરી છે કે eRupee પર કોઈ પણ પ્રકારનું વ્યાજ ચૂકવવામાં આવશે નહીં. રિઝર્વ બેન્કને ભય છે કે જો આમ થશે તો લોકો રૂપિયાને ડિજિટલ કરન્સીમાં કન્વર્ટ કરી દેશે.

બેન્ક ટ્રાન્સફરનો ફાયદો એ છે કે તેનો ટ્રેક રાખી શકાય છે. તેમાં રોકડ વ્યવહારની જેમ ગુપ્તતા જાળવી શકાતી નથી. eRupeeમાં રિઝર્વ બેન્કનો આશય એ છે કે નાની રકમ ધરાવતા અકાઉન્ટ અમુક અંશે બેનામી રાખી શકાશે પરંતુ મોટી રકમ ધરાવતા એકાઉન્ટનો સંપૂર્ણ હિસાબ રિઝર્વ બેન્ક પાસે રહેશે.



જો કે આ અંગે રિઝર્વ બેન્ક તરફથી વધુ સ્પષ્ટતાની આવશ્યકતા છે. એક ધારણા મુજબ રિઝર્વ બેન્કના ERupee યુઝર્સ તેમના ફોન વૉલેટમાં ડાઉનલોડ કરી શકશે અને પછી બ્લુટૂથ કે નિયર-ફિલ્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજીની મદદથી બીજા ફોનમાં ટ્રાન્સફર કરી શકશે. જો કે આ અંગે હજુ રિઝર્વ બેન્ક તરફથી વધુ સ્પષ્ટતા બાકી છે.

### સામાન્ય માણસો eRupeeનો કેવી રીતે ઉપયોગ કરી શકશે?

eRupeeનો સૌથી મોટો ફાયદો એ છે કે તેને રોકડની જેમ સાચવવા નહીં પડે. eRupeeથી ડિજિટલ ટ્રાન્ઝેક્શનની કોસ્ટ પણ નીચી આવવાની શક્યતા છે.

કૃષિ જેવા ક્ષેત્રો માટે eRupee અલગથી પ્રોગ્રામ કરી શકાશે કે કેમ તે અંગે હજુ સુધી રિઝર્વ બેન્કે સ્પષ્ટતા કરી નથી. નિષ્ણાંતોના મતે તો eRupee ડિજિટલ વાઉચરની જેમ સીમિત થઈ જાય તેવી પણ શક્યતા છે. જો કે રિઝર્વ બેન્ક eRupee અંગે વધુ સ્પષ્ટતા કરે અને તે બજારમાં મૂકાય પછી જ આ સવાલોના જવાબ મળી શકશે.

### eRupee સામે શું શું પડકારો છે?

ડિજિટલ ટ્રાન્ઝેક્શનના જમાનામાં ભારતમાં આજે પણ રોકડની લોકપ્રિયતા અકબંધ છે. તેનું એક કારણ એ છે કે તેના ટ્રાન્ઝેક્શન ટ્રેસ નથી કરી શકાતા. ભારતમાં નોટબંધી બાદ પણ હાલ રોકડનું સરક્યુલેશન ઘણું જ ઊંચું છે. ડિજિટલ કરન્સીનો ફાયદો ગણો તો ફાયદો, અને મર્યાદા ગણો તો મર્યાદા, એ છે કે તેમાં ગુપ્તતા જાળવી શકાતી નથી. જે બે વ્યક્તિ વચ્ચે ટ્રાન્ઝેક્શન થાય છે, તેનો રેકોર્ડ ક્યાંક નોંધાય જ છે. આથી ભારતમાં ERupeeને લોકપ્રિયતા મેળવતા હજુ ઘણો લાંબો સમય લાગી શકે છે. બીજું, એક બાજુ કહેવાઈ રહ્યું છે કે ERupee માટે વ્યક્તિ પાસે બેન્ક ખાતુ હોવું જરૂરી નથી. બીજી બાજુ રિઝર્વ બેન્કનો આશય સબસિડી અને સરકારી સહાય ERupeeના માધ્યમથી આપવાનો છે. આવા સંજોગોમાં ERupee કયા ખાતામાં જમા કરાવાશે તે સ્પષ્ટ નથી.

ત્રીજું, ભારતમાં આજની તારીખે વિશાળ વસ્તી ગ્રામીણ વિસ્તારોમાં રહે છે જ્યાં ડિજિટલ ટ્રાન્ઝેક્શનની લોકપ્રિયતા મર્યાદિત છે. આ ઉપરાંત 50 વર્ષથી વધુ વયની વ્યક્તિઓમાં પણ ટ્રાન્ઝેક્શનની નવી નવી રીતો અપનાવવાને લઈને ખચકાટ જોવા મળે છે. આ સંજોગોમાં ERupeeને શહેરોમાં વસતા યુવા વર્ગને બાદ કરતા અન્ય લોકો તરફથી કેવો આવકાર મળશે તે અંગે સંદિગ્ધતા છે.

# ડિપોઝિટ ક્રેડિટ મિસમેચની સમસ્યાથી બેન્કોના વધતા ટેન્શન

- **વાસ્તવમાં 40 ટકાનું લો કોસ્ટ ફંડ હોય એટલે કે કરન્ટ એકાઉન્ટ સેવિંગ એકાઉન્ટ-કાસા બેલેન્સ હોય તો તે બેન્ક માટે ઉત્તમ ગણાય**
- **ક્રેડિટ - ડિપોઝિટ વચ્ચે મિસમેચ ન થાય તે માટે બેન્કોએ લો કોસ્ટ ડિપોઝિટ પર જ ફોકસ કરવું જોઈએ. ઊંચા વ્યાજદરથી ડિપોઝિટ લઈને બેન્કને મોટી બતાવવાનો પ્રયાસ ન કરવો જોઈએ.**
- **બેન્કિંગમાં ડિપોઝિટ લઈને ધિરાણ આપવાની કામગીરીમાં મિસમેચ છે જ છે, તેથી બેન્ક બંધ ન કરી દેવાય. તેના પ્રોટેક્શન માટેની સંગીન સિસ્ટમ રિઝર્વ બેન્કે ઊભી કરેલી છે**






**અજય પટેલ, ચેરમેન, ગુજરાત સ્ટેટ કો. ઓપરેટિવ બેન્ક**

ભારતની બેન્કો ગમે ત્યારે મુશ્કેલીમાં મૂકાઈ શકે છે. ના ભાઈ ના. આ વાત સાવ ખોટી છે. એમ મોટા ભાગના લોકો માને છે. હા, આ વાતમાં સત્ય છે. તેનું કારણ છે, ડિપોઝિટ અને ક્રેડિટનું મિસમેચ. તેને કારણે તો મોટામાં મોટી બેન્કો પણ તકલીફમાં આવી શકે છે. 15થી 45 કે 90 દિવસની થાપણોને કારણે ક્રેડિટ અને ડિપોઝિટ વચ્ચેનો ગાળો વધે છે. મિસમેચ થાય છે. પહેલા તો ક્રેડિટ અને ડિપોઝિટ વચ્ચેનો આ ગાળો શું છે તે સમજીએ. હા, મોટાભાગની બેન્કોની ડિપોઝિટ પાંચ વર્ષની હોય છે. તેની સામે હોમ લોન હોય કે કોમર્શિયલ પ્રોપર્ટિ માટેની લોન હોય તો તેનો ગાળો અંદાજે 15થી 25 વર્ષના હોય છે. આ સંજોગોમાં પાંચ વર્ષને અંતે ડિપોઝિટર્સને નાણાં પરત આપવાની નોબત આવે ત્યારે બેન્ક પાસે પૈસા ખૂટી પડવાની સંભાવના નિર્માણ થાય છે. આ ક્રેડિટ અને ડિપોઝિટ વચ્ચેના મિસમેચને કારણે જ બેન્કોની સિસ્ટમ ગમે ત્યારે કોલેપ્સ થઈ શકે છે. હા, તેવું બનવાની સંભાવના છે. જોકે ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ બેન્કના ચેરમેન અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના સિનિયર વાઈસ પ્રેસિડન્ટ અજય પટેલ કહે છે, “ક્રેડિટ અને ડિપોઝિટ વચ્ચે મિસમેચ ન થાય તે માટે બેન્કોએ બેલેન્સિંગ કરવું જરૂરી છે. તેને માટે સૌથી પહેલા તો લૉ કોસ્ટ ડિપોઝિટ પર જ દરેક બેન્કોએ ફોકસ કરવું જોઈએ. ઊંચા વ્યાજદરથી ડિપોઝિટ લઈને બેન્કને મોટી બતાવવાનો પ્રયાસ કરવો જ ન જોઈએ. જોકે ગુજરાતમાં માધુપુરા મર્કન્ટાઈલ કોઓપરેટીવ બેન્કની ઘટના બની ત્યારબાદ નવ્વાણું ટકા સહકારી બેન્કો આ બાબત પર ફોકસ કરતી થઈ ગઈ છે. બીજું, મોટાભાગની સહકારી બેન્કો ખેતી માટે જ અને એક વર્ષની મુદત માટે જ વધુ ધિરાણ કરે છે.” અજય પટેલ કહે છે, “બેન્કિંગ એ બિઝનેસ છે, તેમાં ડિપોઝિટ લઈને ધિરાણ આપવાની કામગીરી કરવાની છે. બેન્કિંગના આ બિઝનેસના પાયામાં જ મિસમેચ છે. તેથી બેન્ક બંધ ન કરી દેવાય. તેના પ્રોટેક્શન માટેની સંગીન સિસ્ટમ રિઝર્વ બેન્કે ઊભી કરેલી છે તેમાં ડિપોઝિટના વ્યાજદર ઊંચા ન જાય અને બેન્કનો બિઝનેસ ચાલતો રહે અને ધિરાણ થકી આવક થવામાં સુસ્તી ન જ આવે તેના પર ફોકસ કરવું જરૂરી છે. જે બેન્ક પાસે કાસા બેલેન્સ-કરન્ટ એકાઉન્ટ સેવિંગ એકાઉન્ટ બેલેન્સ સારુ હોય તે બેન્કોને આ તકલીફ પડતી નથી. અત્યારે સેવિંગ એકાઉન્ટમાં પડેલી સિલક પર 2.50 ટકાથી 4 ટકા સુધીનું વ્યાજ અપાય છે. તેની સામે કરન્ટ એકાઉન્ટમાં ગમે તેટલી બેલેન્સ પડી હોય તેના પર રાતીપાઈનુંય વ્યાજ ચૂકવવામાં આવતું નથી. આ બેલેન્સ બેન્કોને પાકતી મુદતે નાણાં ચૂકવવામાં ખાસ્સી મદદ કરી શકે છે.”

જોકે કરન્ટ એકાઉન્ટ અને સેવિંગ એકાઉન્ટની સિલક એટલે કે કાસા એકાઉન્ટની સિલક પર ઊંચું વ્યાજ આપીને પણ બેન્કો ડિપોઝિટ વધારતી હોવાની પ્રવૃત્તિને નિષ્ણાતો સહજ ગણે છે. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા બેન્ક, યશ બેન્ક અને આઈસીઆઈસીઆઈ સહિતની બેન્કો વધારાની ડિપોઝિટ પર

ઊંચું વ્યાજ આપે છે. તેઓ સેવિંગ એકાઉન્ટમાં પાંચ લાખથી વધુ રકમ પડી રહે તો તેન ફિક્સ્ડ ડિપોઝિટમાં રૂપાંતરિત કરીને તેના પર છ ટકા સુધીનું વ્યાજ આપે છે. આમ કાસા બેલેન્સ પર વધુ વ્યાજ આપવાનો ટ્રેન્ડ જોવા મળે છે. આ વલણ જાણી બૂઝીને લૉ કોસ્ટ ડિપોઝિટને હાઈકોસ્ટ ડિપોઝિટમાં રૂપાંતરિત કરવાનું પગલું છે. તેનાથી બેન્કની ડિપોઝિટ વધે છે, પરંતુ બેન્કનો સ્પ્રેડ ઘટે છે. બીજા શબ્દોમાં કહીએ તો ડિપોઝિટનો ખર્ચ વધે છે અને ડિપોઝિટના ખર્ચ તથા વ્યાજની આવક વચ્ચેનો ગાળો ઘટે છે. બેન્કિંગ સેક્ટરમાં ડિપોઝિટર્સને આકર્ષવા માટે વધેલી હરીફાઈને કારણે તથા પોતાના બિઝનેસના ફલકને વ્યાપક કરવા માટે આ રીતે ઊંચા વ્યાજની ઓફર કરવામાં રહી છે. આ જ રીતે હરીફ બેન્ક કરતાં ડિપોઝિટ વધારીને બિઝનેસ મોટો હોવાનું દેખાડવા માટે પણ બેન્કો ઊંચા વ્યાજદર ઓફર કરે છે. આ ચલણ અને વલણ સારુ નથી, પરંતુ તેને બિઝનેસનો જ એક હિસ્સો ગણવામાં આવે છે.

આ બાબતને કેટલાક બેન્કર્સ જોખમી ગણે છે. એક કે બે વર્ષ માટે રૂ. 100 કરોડની ડિપોઝિટ 6 ટકા વ્યાજે મેળવી તો લે છે. પરંતુ તેને તેના પર 8 ટકાથી વધુ વ્યાજ બજારમાંથી મળી શકે તેમ જ નથી. બીજું, એક કે બે વર્ષમાં તે રૂ. 100 કરોડ પરત ચૂકવી દેવાનું દબાણ તેમને માથે હોય છે. તેને માટે વ્યાજની આવકનો ફ્લો હોવો જરૂરી છે. ફ્લો ઘટી જાય તો બેન્ક નબળી પડી શકે છે. તેમાં વળી રૂ. 100 કરોડમાંથી 4.5 ટકા સીઆરઆર-કેશ રિઝર્વ રેશિયો તરીકે અને 18 ટકા સ્ટેચ્યુટરી લિક્વિડિટી રેશિયો-એસએલઆર તરીકે રાખવાના હોય છે. દોઢેક ટકા નાણાં રોજબરોજના જમા ઉધાર માટે રાખવાના હોય છે. બાકીના 76 ટકા નાણાંનું ધિરાણ કરીને બેન્કનો વહેવાર ચલાવવા માટે ધિરાણ કરવાનું અને કમાવાનુ હોય છે. આ ધિરાણ હોમલોનનું હોય તો 15થી 20-25 વર્ષનું હોય છે. તેના થકી વ્યાજની આવક થાય છે. પરંતુ તેની વર્ષ પછી ઊભી થનારી ચૂકવણીને પહોંચી વળાય તેટલી આવક થતી નથી. મેચ્યોરિટી પ્રોફાઈલ લિક્વિડીટી અંગે રિઝર્વ બેન્કે જ તમામ બેન્કોને પાઠવેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે રોકડની આવક અને રોકડની જાવક પર જ મિસમેચનો મદાર રહેલો છે. એક વર્ષ સુધીના ગાળાની થાપણોમાં મિસમેચ થાય તે હજીય ચલાવી શકાય છે. એક વર્ષના ગાળાએ મિસમેચ આવે તો તેને માટે વોર્નિંગ સિસ્ટમનો ઉપયોગ કરી શકાય છે. પરંતુ ટૂંકા ગાળાની એટલેકે 1થી 14 દિવસ, 15થી 28 દિવસના ગાળામાં મિસમેચ ન આવે તેના પર ધ્યાન રાખવું જરૂરી છે. તેમાં ક્યારે પણ 20 ટકાથી વધુનો વધારો ન થવો જોઈએ. તેનાથી

- **M&M, ICICI, યશ બેન્ક ચોક્કસ રકમથી વધુ નાણા બચત ખાતામાં હોય તો તેના પર 6 ટકા સુધીનું ફિક્સ ડિપોઝિટનું વ્યાજ ચૂકવે છે તેનાથી લો કોસ્ટ ડિપોઝિટને મોંઘી બને છે. બેન્કનું કદ ભલે મોટું બનાવે પણ લાંબે ગાળે જોખમી સાબિત થઈ શકે**



ઉપર જાય તો તે ચલાવવું કે નહીં તે રિઝર્વ બેન્કની વિવેકબુદ્ધિ પર નિર્ભર છે. તેથી જ બેન્કો નબળી ન પડે તે માટે રિઝર્વ બેન્કે ક્રેડિટ ડિપોઝિટ મિસમેચ પર સતત નજર રાખે છે. બેન્કિંગના એક્સપર્ટ અને બેન્કના નિવૃત્ત અધિકારી અશોક મંકોડી કહે છે, “ક્રેડિટ-ડિપોઝિટ મિસમેચની સમસ્યા ન વકરે તે માટે દર મહિને બેન્કે એસેટ લાયેબિલિટી મેનેજમેન્ટ બેન્કે કરવું પડે છે. તેમાં દર મહિને આવવા પાત્ર રોકડનો પ્રવાહ અને જવા પાત્ર રોકડના પ્રવાહની વિગતો મૂકીને સતત અભ્યાસ કરવામાં આવે છે. તેમાં મિસમેચ હોય તો તરત રસ્તો શોધી લેવામાં આવે છે. તેની સાથે જ તેમણે આપેલી ક્રેડિટ કે ધિરાણના જે હપ્તા આવે છે તેની નિયમિતતા અને પ્રમાણ પર પણ સતત નજર રાખવામાં આવે છે. આમ કેશ ઈનફ્લો અને કેશ આઉટ ફ્લો મિસમેચ છે કે નહીં તેની વિગતો રિઝર્વ બેન્કને આપવાની પણ હોય જ છે. કેશ આઉટ ફ્લો વધારે હોય ત્યારે ડિપોઝિટના રેટ વધારીને ડિપોઝિટ મેળવવામાં આવે છે. કેશ ઈનફ્લો વધારે હોય ત્યારે બેન્કમાં વગર વ્યાજે પૈસા પડ્યા ન રહે તે માટે તેનું રોકાણ કરીને વ્યાજની આવક ઊભી કરવાનું આયોજન કરવામાં આવે છે. તેથી બેન્કોને એકાએક સમસ્યા આવી શકે નહીં, હા, બેન્કના ડિફોલ્ટ વધી જાય તો તેવા સંજોગોમાં બેન્કની હાલત ખરાબ થઈ શકે છે. પહેલા ત્રણ મહિના એનપીએ-નોન પરફોર્મિંગ એસેટ-ફસાયેલી મૂડી ગણાતી ન હોવાથી આરંભમાં તેની મોટી અસર જોવા મળતી નથી. તેમાં વસૂલાતની કાર્યવાહી ચાલુ તો કરી દેવાય છે, પરંતુ વસૂલાત ન આવે તો તકલીફ થઈ શકે છે. હોમલોન અને પ્રોપર્ટી લોન જ લાંબા સમયગાળાની હોય છે. બિઝનેસ ઈન્ડસ્ટ્રીને તો ઓ.ડી.-ઓવરડ્રાફ્ટ કે સી.સી-કેશક્રેડિટ અપાય છે. આલ્કો કમિટી-એસેટ લાયેબિલિટી કમિટી તેનું મોનિટરિંગ કરે છે. સમયાંતરે તેનું પુનરવલોકન કરાય છે. ત્યારબાદ તે બંધ પણ કરી દેવાય છે. જોકે કરન્ટ અને સેવિંગ એકાઉન્ટમાં આવતા પૈસા પણ બેન્કને પ્રોટેક્શનનું બફર પૂરું પાડે છે.”

આ વાતને રિઝર્વ બેન્ક પણ સમજે જ છે. હવે તો રિઝર્વ બેન્કની સિસ્ટમને કારણે બેન્કોની ડિપોઝિટ અને થાપણ વચ્ચેના ગાળાની વિગતો રિઝર્વ બેન્કને સતત મળતી જ રહી છે. રિઝર્વ બેન્ક તરત જ વોર્નિંગ પણ ઇશ્યૂ કરી દે છે.

બેન્ક ડિપોઝિટર્સને પાકતી મુદતે પૈસા ન આપી શકે તો તેવા સંજોગોમાં ડિપોઝિટર્સમાં પેનિક ફેલાઈ જવાની સંભાવના વધી જાય છે. ડિપોઝિટર્સમાં પેનિક ન ફેલાય તે જોવાની બેન્કોની કોશિશ હોય જ છે. તેથી આ નોબત ન આવે તે માટે બેન્કો ડિપોઝિટર્સને નાણાં ચૂકવવાની અછત ઊભી થતાં પૂર્વે જ બેન્કની મુદતી થાપણોના દર વધારીને ડિપોઝિટ કલેક્ટ કરવાનું વલણ ધરાવતી થાય છે. આ વલણને પરિણામે તેમનો સ્પ્રેડ ઘટે છે. હા, ઊંચા વ્યાજે નાણાં લેવા બજારમાં જાય તે બેન્કની નબળી હોવાનો અંદાજ તેને નાણાં ધીરનારને મળી જાય છે.

પોતાનું નામ ન આપવાની શરતે અમદાવાદની એક અગ્રણી બેન્કના ડેપ્યુટી જનરલ મેનેજર કહે છે કે, “વાસ્તવમાં 40 ટકાનું લૉ કોસ્ટ ફંડ હોય એટલે કે કરન્ટ એકાઉન્ટ સેવિંગ એકાઉન્ટ-કાસા બેલેન્સ હોય તો તે બેન્ક માટે ઉત્તમ ગણાય છે. આ સ્થિતિને જાળવી રાખવામાં જે બેન્ક સફળ રહે તે બેન્કની પ્રવાહિતા જળવાઈ જ રહે છે. ઊંચા વ્યાજની ડિપોઝિટ ન વધે તેની પણ બેન્કોએ પૂરતી તકેદારી લેવી જોઈએ. તે જ બેન્કને સલામત રાખવાનો સીધો રસ્તો છે. 666 કે 444 દિવસની ડિપોઝિટને વધુ વ્યાજ આપીને આકર્ષવાનું વલણ યોગ્ય નથી.

आज़ादी का अमृत महोत्सव

G20 भारत 2023 INDIA

सत्यमेव जयते
ગુજરાત સરકાર

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ
ગુજરાત સરકાર

## 2800 કરોડના રોકાણ સાથે તારંગા હિલ - અંબાજી - આબુ સ્ટેશન રોડ રેલવે લઈને મળી માન્યતા



- અંબાજી મુખ્ય શિખરને સુવર્ણમય બનાવવની કામગીરી
- અંબાજી ખાતે હાઇસ્કુલની કામગીરી
- અંબાજી ખાતે પબ્લીક એડ્રેસ સિસ્ટમ અને સ્ટ્રીટ લાઇટની કામગીરી
- 51 શક્તિપીઠ દર્શન પરિક્રમા ખાતે લેન્ડ સ્કેપીંગની કામગીરી
- અંબાજી ખાતે ઇલેક્ટ્રીક લાઈનોને અન્ડર ગ્રાઉન્ડ કરવાની કામગીરી
- અંબાજી ખાતે ૯૮ કિ. વો. સોલાર રુફટોપની કામગીરી
- અંબાજી ખાતે હાઇડ્રોલિક લિફ્ટની કામગીરી
- અંબાજી ખાતે હાઈ એન્ડ પે યુઝ ટોયલેટ
- ગબ્બર ખાતે લાઈટ એન્ડ સાઉન્ડ શો ની કામગીરી
- અંબાજી ગામમાં આવેલા બંન્ને સર્કલને 51 શક્તિપીઠ સર્કલ તરીકે વિકાસની કામગીરી
- ગબ્બર પર્વત ખાતે પગથિયાનું નવીનીકરણ



**ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગાંધીનગર**

www.yatradham.gujarat.gov.in | gpyvb@yahoo.co.in | +91-79-23252468

## Seminar on Process for approval for development/ BU Permission from AMC Dt. 03-09-2022- Real Estate Committee and Youth Committee



Real Estate Committee and Youth Wing of GCCI in association with Neha Consultant organized seminar on Process for getting approval of AMC for development/B.U. Permission.

## Seminar on the Launch of AVSAR (All Voters- Spirited, Aware, Responsible) Dt. 07-09-2022





Gujarat Chamber of Commerce and Industry in association with the Office of the Chief Electoral Officer, Gujarat organized a seminar today on the launch of AVSAR (All Voters-Spirited, Aware, Responsible). The objective of the seminar was to guide the voters on the easy procedure for registration as a voter and to encourage maximum voting for the upcoming Vidhan Sabha Elections 2022. Mrs. P. Bharathi, IAS, Chief Electoral Officer, Gujarat was the Esteemed Speaker for the seminar. Shri Sandip Sagale, IAS, Collector and District Magistrate, Ahmedabad, Shri Rinkesh Patel, Additional Collector and other senior officers from Ahmedabad Collectorate also graced the seminar with their presence.

## Seminar on Digital Transformation in Chemical Industries Dt. 09-09-2022 – IT Committee

IT/ ITES & Chemical Taskforce of GCCI jointly organized an Interactive session on Digital Transformation for Chemical Industries.



Member of IT/ ITES Taskforce made detailed presentation on Chemical Industries Transformation and covered following topics:

- Key Trends Impacting the Chemical Industry
- Operational Key Process
- Lifecycles of Chemical Plants
- The Digital Acceleration Journey
- Digital Reliability Platform
- Data and Analytics Platform
- Key Technologies & Tools to Enable the Digital Thread
- Examples of Pockets of Disruption in the Chemistry and Advanced Materials Value Chain
- Digital Themes and Initiatives in the Chemistry and Advanced Materials Industry
- Selection of Digital Technologies Relevant to the Chemistry and Advanced Materials Industry
- Digital Transformation of the Value Chain
- Concept of Digital Twin
- Model of Digital Maturity
- Digital Application Areas and Impact
- Future, Challenges and Success for Digital Transformation
- The future of digital in chemicals
- Digital and new business models in chemicals

## Meeting of Office Bearers with Dr. Pujya Gnanvatsal Swami - Dt. 05-09-2022





Dr. Pujya Gnanvatsal Swamiji visited GCCI and held a meeting with the Office Bearers on 5th September, 2022. Dr. Pujya Gnanvatsal Swamiji invited GCCI to hold the GCCI Conference on 16th December, 2022 as part of the Pramukh Swami Maharaj Shatabdi Mahotsav which will be held from 15th December, 2022 to 15th January, 2023. It was decided during the meeting that GCCI in association with BAPS Swaminarayan Sanstha will organize a day long Business Conference at Pramukh Swami Maharaj Nagar, Nr. Ognaj Circle, S. P. Ring Road, Ahmedabad.

## Book Reading & Interactive session on Modi@20 - Dreams Meet Delivery – Dt. 13-09-2022







Gujarat Chamber of Commerce and Industry organized a Book Reading & Interactive Session on Modi@20: Dreams meet Delivery in the august presence of the Chief Guest Shri Ashwini Vaishnaw, Hon'ble Union Minister of Railways, Communications, Electronics & Information Technology, Government of India, Shri Kirtibhai Parmar, Hon'ble Mayor, Ahmedabad City and Shri S.J. Haider, IAS, Principal Secretary, Education Department, Govt. of Gujarat.

## Guidelines framed by Gujarat Pollution Control Board (GPCB) for Environment Audit by Schedule I and II auditors in response to GCCI's representation - Dt. 15-09-2022

Gujarat Chamber of Commerce and Industry had represented to GPCB Chairman Shri R.B. Barad, IAS, regarding the need to devise a methodology in the form of guidelines with a view to bring uniformity in sampling and analysis for Environment Audit work for the industries.

GPCB has considered the request favourably and has issued an Office Order dated 14th September 2022, a copy of which is attached herewith for reference. As per the Office Order, all the recognized Schedule I and II Environment Auditors are required to follow the set guidelines while carrying out Environment Audit work of industries.

This favourable decision will simplify the process of Environment Audit for the industries by bringing transparency and streamlining the process of sampling and analysis.

## Meeting with Mr. Jeffrey W. Bullock, the Secretary of State, State of Delaware, USA - Dt. 15-09-2022 - International Trade Taskforce





The International Trade Task Force organized a meeting with Mr. Jeffrey W. Bullock, the Secretary of State, State of Delaware, USA, & his team. Delaware State in the U.S. is where more than two third of Fortune 500 Companies are incorporated. Due to the Policies of the State of Delaware and its business-friendly approach, the State is a "Incorporating Capital of the World" Delaware State is a VAT free State in the U.S.

Mr. Bullock and GCCI President Mr. Patwari with the respective teams discussed the business opportunities and advantages in the State of Delaware.

## Road Show on Invest Goa 2022 and MoU Inking Ceremony - Dt. 16-09-2022



Delegation of Goa Chamber of Commerce led by Hon'ble Minister of Industries, Mr. Mauvin Godinho visited Gujarat Chamber of Commerce and Industry for the Interactive Session on Road Show for Invest Goa 2022 followed by the MoU inking ceremony for the upcoming Investor Summit in Goa during the month of October, 2022.

Gujarat Chamber of Commerce and Industry and Goa Chamber of Commerce and Industry have entered into a Memorandum of Understanding (MoU) for the mutual cooperation to promote and trade between both the states.

## MoUs signed by GCCI with Climate Change Department, Government of Gujarat as well as with i-Hub – Dt. 17-09-2022




Gujarat Chamber of Commerce and Industry (GCCI) entered into two MoU during the Event on "Climate Resilience Fortnight-Panchamrit for Climate Change" organized by Government of Gujarat.

The first MoU was signed between GCCI and Climate Change Department, Government of Gujarat, wherein Government of Gujarat would facilitate members of GCCI to obtain necessary permissions, registrations, approvals and clearances from the concerned departments as per the existing policies and regulations of the State Government. GCCI would also encourage and educate industry to Go Green and reduce Carbon Footprint to achieve Carbon

Neutrality by 2070 as envisioned by Hon'ble Prime Minister Shri Narendrabhai Modi. GCCI President Shri Pathik Patwari and Principal Secretary, Education Department, Government of Gujarat Shri S.J. Haider, IAS signed the MoU on behalf of both parties.



The second MoU was signed between GCCI and i-Hub with the objective of envisaging and executing a roadmap on how industry chambers in India can co-create a start-up and innovation ecosystem involving academia, incubators and public systems. GCCI President Shri Pathik Patwari and CEO of i-Hub Shri Hiranmay Mahanta signed the MoU on behalf of both parties.

Both these MoUs signed by GCCI would encourage stronger co-ordination with the Government which will be helpful to the existing units and new start-ups in the long run.

## Seminar on Export of Services – Dt. 23-09-2022 - International Trade Taskforce




